# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

17 MARCH-2024 SUNDAY

વર્ષ-13 । અંક-122 । વિક્રમ સંવત-2080 । ફાગણ સુદ-08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

એક્ટ્રેસ મધુબાલાની બાયોપિક બનવાનું કન્ફર્મ



પેજ-09

હાર્દિક પંડ્યા ફરી થયો ઈજાગ્રસ્ત?




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 35.00 | 21.00 |
| વડોદરા | 36.00 | 21.00 |
| સુરત | 33.00 | 22.00 |


પેજ 5




એકધારી તેજી બાદ બિટકોઈનમાં બોલી ગયેલો 7000 ડોલરનો કડાકો

ટ્રુડોએ કહ્યું- દરરોજ રાજીનામુ આપવાનો વિચાર આવે છે




પેજ 10


.....સુવિચાર.....

સમયની જ વાત છે, સારું ન હોય તો ધીરજ રાખો, સારું હોય તો ઉપકાર કરો.

# લોકસભા ચૂંટણી 2024ની તારીખો જાહેર

## 19 એપ્રિલથી 1 જૂન સુધી સાત તબક્કામાં મતદાન

### 4 જૂને પરિણામ

» ગુજરાતમાં માત્ર એક જ તબક્કામાં તમામ બેઠકો પર થશે મતદાન

» ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં સાત તબક્કામાં મતદાન





નવી દિલ્હી, તા. 16

લોકસભા ચૂંટણી 2024ની તારીખો જાહેર કરવામાં આવી છે. 543 સીટો માટે સાત તબક્કામાં મતદાન થશે. 19 એપ્રિલથી 1 જૂન સુધી ચાલશે. પરિણામ 4 જૂને આવશે. મતદાનથી લઈને પરિણામ આવવામાં 46 દિવસ લાગશે. લોકસભાની સાથે 4 રાજ્યો - આંધ્ર પ્રદેશ, ઓડિશા, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમની વિધાનસભા ચૂંટણીની તારીખો પણ જાહેર કરવામાં આવી છે. પ્રથમ તબક્કાનું મતદાન 19 એપ્રિલે થશે. બીજા તબક્કાનું મતદાન 26 એપ્રિલે, જ્યારે ત્રીજા તબક્કાનું મતદાન 7 મેના રોજ, ચોથા તબક્કાનું મતદાન 13 મેના રોજ, પાંચમા તબક્કાનું મતદાન 20 મેના રોજ થશે. છઠ્ઠા તબક્કાનું મતદાન 25 મેના રોજ થશે અને સાતમા તબક્કાનું મતદાન 1 જૂને થશે. જ્યારે મતગણતરી 4 જૂને થશે.

### અધૂરી હસરતો કા ઈલ્જામ

**EVMના સવાલ પર મુખ્ય ચૂંટણી કમિશનરનો શાયરાના અંદાજ**

દિલ્હીમાં યોજાયેલ આ પ્રેસ કોન્ફરન્સમાં EVMના સવાલ પર મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે શાયરાના અંદાજમાં જવાબ આપ્યો. તેમણે કહ્યું કે, ઈલેક્શન કેમ્પેઇન દરમિયાન પર્સનલ એટેકથી બચજો અને ડેકોરમ જાળવી રાખજો. ત્યાર બાદ તેમણે પ્રસિદ્ધ શાયર બશીર બદ્રનો એક શેર સંભળાવ્યો.

### ગુજરાતની 26 બેઠકો પર 7 મેએ મતદાન



ગુજરાતમાં 7 મેના રોજ લોકસભાની 26 બેઠકો પર એક જ તબક્કામાં મતદાન થશે. આ ઉપરાંત ગુજરાતમાં પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પણ 7 મેના રોજ જ મતદાન થશે. રાજ્યમાં 12 એપ્રિલે નોટિફિકેશન જાહેર થશે, ત્યારબાદ ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 19 એપ્રિલ અને ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ 22 એપ્રિલ નિર્ધારીત કરાઈ છે. રાજ્યની ચૂંટણીઓના પરિણામો ચોથી જૂને જાહેર થશે. આ વખતની ચૂંટણીમાં દેશમાં કુલ 96.88 કરોડ મતદારો રજીસ્ટર્ડ થયા છે, જેમાં પુરુષ મતદારો 49.72 કરોડ, મહિલા મતદારો 47.15 કરોડ, થર્ડ જેન્ડર 48044, 18 વર્ષથી ઓછી વયના મતદારો 1.84 કરોડ, 20 થી 29 ઓછી વયના મતદારો 19.74 કરોડ, વિકલાંગ મતદારો 88.35 લાખ, 80થી વધુ વયના મતદારો 1.85 કરોડ, 100થી વધુ વયના 2.38 લાખ મતદારો રજીસ્ટર્ડ થયા છે.

### કયા રાજ્યોમાં કેટલી બેઠકો અને કયા તબક્કામાં યોજાશે ચૂંટણી

**પ્રથમ તબક્કામાં 102 બેઠક પર 19 એપ્રિલ :** તમિલનાડુ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર, અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મેઘાલય, મિઝોરમ, સિક્કિમ, મણિપુર, ત્રિપુરા, અંદમાન નિકોબાર, લક્ષ્યદ્વીપ, પોંડિચેરી, મહારાષ્ટ્ર, બિહાર, આસામ, પશ્ચિમ બંગાળ

**બીજા તબક્કામાં 89 બેઠકો પર 26 એપ્રિલ :** કેરળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, જમ્મુ કાશ્મીર, બિહાર, પશ્ચિમ બંગાળ, આસામ, ત્રિપુરા, મણિપુર

**ત્રીજા તબક્કામાં 94 બેઠકો પર 07 મે :** ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, બિહાર, અસમ, ઉત્તરપ્રદેશ, જમ્મુ કાશ્મીર, દાદરા અને નગર હવેલી, ગોવા

**ચોથા તબક્કામાં 96 બેઠકો પર 13 મે :** આંધ્રપ્રદેશ, તેલંગણા, ઓડિશા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઝારખંડ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, જમ્મુ કાશ્મીર

પાંચમા તબક્કામાં 49 બેઠકો પર 20 મે : મહારાષ્ટ્ર, ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર, ઉત્તરપ્રદેશ, જમ્મુ કાશ્મીર, લદાખ

**છઠ્ઠા તબક્કામાં 57 બેઠકો પર 25 મે :** ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર, ઉત્તરપ્રદેશ, હરિયાણા, દિલ્હી

**સાતમાં તબક્કામાં 57 બેઠકો પર 01 જૂન :** ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર, ઉત્તરપ્રદેશ, ચંદીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશ

### આજથી જ આચારસંહિતા લાગુ

ચૂંટણીની તારીખો જાહેર થવાની સાથે જ આચાર સંહિતા પણ લાગુ થઈ ગઈ છે. આ વખતે ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીની તારીખો જાહેર કરવામાં વિલંબ કર્યો છે. આ પહેલા 2004માં 29 ફેબ્રુઆરી, 2009માં 2 માર્ચ અને 2014માં પાંચ માર્ચે અને 2019માં 10 માર્ચે ચૂંટણીની તારીખો જાહેર કરી હતી. આ સાથે આજથી જ આચારસહિંતા લાગૂ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં NDA ગઠબંધન અને વિપક્ષનું ગઠબંધન I.N.D.I.A. વચ્ચે જોરદાર જંગ જામવાનો છે. વડાપ્રધાન મોદીએ ભાજપ માટે 'અબ કી બાર 400 પાર' નું લક્ષ્ય રાખ્યું છે ત્યારે કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી સાથીઓએ પણ ત્રીજી વખત લોકસભામાં વડાપ્રધાન મોદીના વિજય રથને રોકવાની તૈયારી કરી લીધી છે.

### ચાર રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી

1...આંધ્રપ્રદેશમાં ચોથા તબક્કામાં વિધાનસભાની ચૂંટણી માટે 13 મેના રોજ મતદાન યોજાશે. 18 એપ્રિલે નામાંકન પ્રક્રિયા, ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ 25 માર્ચ, ઉમેદવારીપત્ર પરત ખેંચવાની તારીખ 29 એપ્રિલ રહેશે, ચોથી જૂને પરિણામ જાહેર થશે.

2... સિક્કીમ વિધાનસભાની ચૂંટણી માટે પ્રથમ તબક્કામાં 19 એપ્રિલે મતદાન યોજાશે. 20 માર્ચે નામાંકન પ્રક્રિયા, ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ 27 માર્ચ, ઉમેદવારી પત્ર પરત ખેંચવાની અંતિમ 30 માર્ચ રહેશે, ચોથી જૂને પરિણામ જાહેર થશે.

3... અરૂણાચલ પ્રદેશ વિધાનસભાની પ્રથમ તબક્કામાં 19 એપ્રિલે ચૂંટણી યોજાશે, જેમાં 20 માર્ચે નામાંકન પ્રક્રિયા હાથ ધરાશે. જ્યારે ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ 27 માર્ચ, જ્યારે ઉમેદવારી પત્ર પરત ખેંચવાની અંતિમ 30 માર્ચ રહેશે.

4... દેશભરમાં લોકસભા ચૂંટણીનું સાત તબક્કામાં મતદાન યોજાવાનું છે, ત્યારે ઓડિશા વિધાનસભાની ચૂંટણી ચાર તબક્કામાં યોજાશે, રાજ્યમાં ચોથા તબક્કામાં 13 મે, પાંચમાં તબક્કામાં 20 મે, છઠ્ઠા તબક્કામાં 25 મે અને સાતમાં તબક્કામાં પહેલી જૂને મતદાન યોજાશે.

### ક્રિમિનલ રેકોર્ડ ધરાવતા ઉમેદવારોની મુશ્કેલી વધી

લોકસભા ચૂંટણી 2024ની તારીખોની જાહેરાત. કુલ સાત તબક્કામાં મતદાન થશે જેની શરૂઆત 19 એપ્રિલથી થશે જ્યારે ચોથી જૂને દેશની તમામ બેઠકો માટે એકસાથે આવશે પરિણામ. તારીખોની જાહેરાત સાથે ECએ દબંગ નેતાઓ માટે બનાવ્યો કડક નિયમ. જે ઉમેદવાર સામે કેસ હશે તેમણે અખબારમાં ત્રણ વાર ક્રિમિનલ રેકૉર્ડની જાણકારી આપવી પડશે. લોકસભા ચૂંટણી 2024ની તારીખોની જાહેરાત થઈ ચૂકી છે. 16 માર્ચના રોજ બપોરે 3 કલાકે પત્રકાર પરિષદ સંભોધતા ચૂંટણી પંચે લોકસભાનું શેડ્યુલ જાહેર કરી ચૂંટણી સાથે જોડાયેલી સંપૂર્ણ જાણકારી આપી હતી.

---

લોકસભા ચૂંટણીની જાહેરાત થતાં જ PM મોદીએ આપી પ્રતિક્રિયા, કહ્યું..

## અમે તૈયાર છીએ



નવી દિલ્હી, તા. 16

ચૂંટણી પંચે આજે (શનિવાર) લોકસભા ચૂંટણી 2024ની તારીખ જાહેર કરી દીધી છે. આ વખતે 19મી એપ્રિલથી પહેલી જૂન વચ્ચે સાત તબક્કામાં ચૂંટણી યોજાશે અને 4 જૂને પરિણામ જાહેર થશે. દેશમાં 18મી લોકસભા ચૂંટણી કાર્યક્રમની જાહેરાત સાથે જ આચારસંહિતા લાગુ થઈ ગઈ છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પંચની આ જાહેરાતનું સ્વાગત કર્યું હતું અને કહ્યું હતું કે, 'અમે ચૂંટણી માટે સંપૂર્ણ રીતે તૈયાર છીએ.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું, 'લોકશાહીનો સૌથી મોટો તહેવાર આવી ગયો છે! ચૂંટણી પંચે 2024ની લોકસભા ચૂંટણીની તારીખ જાહેર કરી દીધી છે. અમે (BJP-NDA) ચૂંટણી માટે સંપૂર્ણ રીતે તૈયાર છીએ. અમે તમામ ક્ષેત્રોમાં સુશાસન અને સર્વિસ ડિલિવરીના ટ્રેક રેકોર્ડના આધારે લોકો સુધી પહોંચી રહ્યા છે.' લોકસભાની ચૂંટણી સાત તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કાનું મતદાન 19મી એપ્રિલે થશે. બીજા તબક્કાનું મતદાન 26મી એપ્રિલે થશે. ત્રીજા તબક્કાનું મતદાન સાતમી મેના રોજ થશે. ચોથા તબક્કાનું મતદાન 13મી મેના રોજ થશે. 20મી મેના રોજ પાંચમા તબક્કાનું મતદાન થશે. છઠ્ઠા તબક્કાનું મતદાન 25 મેના રોજ અને સાતમા તબક્કાનું મતદાન પહેલી જૂને થશે.

## Quick Read

### કોમનવેલ્થ ગોલ્ડમેડાલિસ્ટ વેઇટલિફ્ટર રાત્રે મહિલાઓની હોસ્ટેલમાં જતો ઝડપાયો

નવી દિલ્હી : કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ વિજેતા વેઈટલિફ્ટર અચિંતા શિયુલી રાત્રે NIS પટિયાલા ખાતે મહિલા હોસ્ટેલમાં પ્રવેશતા ઝડપાયો હતો, જેના પગલે તેને પેરિસ ઓલિમ્પિકની તૈયારી માટે આયોજિત શિબિરમાંથી બહાર ફેંકી દેવામાં આવ્યો છે. આ ઘટના ગુરુવારે રાત્રે બની હતી. પુરુષોના 73 કિગ્રા કેટેગરીમાં ભાગ લેનાર અચિંતાને સુરક્ષા કર્મચારીઓએ પકડી લીધો હતો અને તેનો વીડિયો પણ બનાવ્યો હતો. ભારતીય વેઈટલિફ્ટિંગ ફેડરેશનના એક અધિકારીએ કહ્યું, "આવી અનુશાસનહીનતાને સહન કરવામાં આવશે નહીં

### ગુજરાતી સહિત અનેક ભાષામાં લોકપ્રિય ગીતો ગાનાર જાણીતા સિંગર ભાજપમાં જોડાયા

નવી દિલ્હી : દેશમાં ટૂંક સમયમાં લોકસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. જેના માટે ચૂંટણી પંચ આજે કેટલાક રાજ્યોમાં લોકસભા અને વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરવા જઈ રહ્યું છે. આ પહેલા પ્રખ્યાત ગાયિકા અનુરાધા પૌડવાલ ભાજપમાં જોડાઈ ગયા છે. તે આજે બપોરે ભાજપ ઓફિસ પહોંચ્યા અને પાર્ટીમાં જોડાયા હતા. ભાજપમાં જોડાયા બાદ અનુરાધા પૌડવાલે કહ્યું કે, "મને ખુશી છે કે આજે હું એવા લોકો સાથે જોડાઈ રહી છું જેમનો સનાતન સાથે ઊંડો સંબંધ છે. મેં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ભક્તિ ગીતો પણ ગાયા છે.

### ઠગ સુકેશ ચંદ્રશેખરે ફરી ફોડ્યો 'લેટર બોમ્બ' : કેજરીવાલ પર લગાવ્યા ગંભીર આરોપ

નવી દિલ્હી : ઠગ સુકેશ ચંદ્રશેખરે ફરી એક વખત જેલની અંદરથી દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ પર ગંભીર આરોપ લગાવ્યા છે. સુકેશે જેલની અંદરથી એક પત્ર લખ્યો છે. પત્ર દ્વારા તેણે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર જેલ સુપ્રિટેન્ડેન્ટ દ્વારા ધમકીઓ મોકલવાનો અને માનસિક ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો છે. આ સાથે જેલની અંદર બેઠેલા સુકેશ ચંદ્રશેખરે પોતાના પત્ર દ્વારા નવનિયુક્ત જેલ સુપ્રિટેન્ડેન્ટ ધનંજય રાવત અને મીના પર કેજરીવાલના કહેવા પર તેમને ધમકાવવાનો અને તેમની ફરિયાદ પાછી ખેંચવાનો આરોપ લગાવ્યો છે.

### CAAને ઓવૈસીએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો, બંધારણ વિરુદ્ધ ગણાવતાં કરી મોટી માગ

નવી દિલ્હી : નાગરિકતા સુધારા કાયદા વિરુદ્ધ AIMIM ના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી પણ સુપ્રીમ કોર્ટ પહોંચી ગયા છે. તેમણે પોતાની અરજીમાં કહ્યું કે સીએએ કાયદો બંધારણની મૂળ ભાવનાની વિરુદ્ધ છે. તે કલમ 14, 25 અને 21 નું ઉલ્લંઘન કરે છે એટલા માટે જ્યાં સુધી સુનાવણી પતી ન જાય ત્યાં સુધી આ કાયદાના અમલ પર રોક લગાવવામાં આવે. ઓવૈસીએ સીએએને મુસ્લિમો વિરુદ્ધ કાવતરું ગણાવતાં તેને ભેદભાવપૂર્ણ ગણાવ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં સીએએ પર રોક લગાવવાની માગ કરતી લગભગ 200થી વધુ અરજીઓ કરવામાં આવી છે.

---

## અમિત શાહનો હુંકાર PoK ભારતનો જ ભાગ



**ત્યાં રહેતા તમામ લોકો આપણા પોતાના જ છે, પછી હિન્દુ હોય કે મુસ્લિમ**

નવી દિલ્હી, તા. 16

અમિત શાહે કહ્યું કે વિભાજન સમયે કોંગ્રેસે કહ્યું હતું કે પાકિસ્તાનથી આવેલા લઘુમતીઓનgx ભારતમાં સ્વાગત કરવામાં આવશે. કોંગ્રેસે જે વચન આપ્યું હતું તે અમે પૂરું કર્યું છે. ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે, 15 માર્ચે કહ્યું હતું કે પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર (PoK) ભારતનો એક ભાગ છે. ત્યાં રહેતા તમામ લોકો ભારતીય છે, પછી તે હિન્દુ હોય કે મુસ્લિમ. શાહે આ વાત ઈન્ડિયા ટુડે કોન્ક્લેવમાં વાતચીત દરમિયાન જણાવી હતી. શાહે નાગરિકતા સંશોધન કાયદા (CAA) પર પણ વાત કરી. આ કાયદાના દાયરામાં મુસ્લિમોને બહાર રાખવા પર તેમણે કહ્યું- CAA હેઠળ પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશથી ભારત આવેલા હિન્દુ, શીખ, જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી અને પારસી શરણાર્થીઓને નાગરિકતા આપવામાં આવશે. આ ત્રણ ઈસ્લામિક દેશો છે. ત્યાં મુસ્લિમો પર કોઈ જુલમ થતો નથી.

**▪ ગૃહમંત્રીએ કહ્યું- કોંગ્રેસે આપેલું વચન અમે પૂરું કર્યું**

ગૃહમંત્રીએ કહ્યું- ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુ સહિત કોંગ્રેસના ઘણા નેતાઓએ કહ્યું હતું કે પાકિસ્તાનથી આવનાર લઘુમતીઓનું ભારતમાં સ્વાગત કરવામાં આવશે. તે સમયે પાકિસ્તાનમાં હિંદુઓની વસ્તી 23 ટકા હતી. હવે તે ઘટીને બે ટકા થઈ ગઈ છે. શાહે કહ્યું- બાંગ્લાદેશમાં હિન્દુઓની સંખ્યા 22 ટકાથી ઘટીને 10 ટકા થઈ ગઈ છે. અગાઉ અફઘાનિસ્તાનમાં શીખોની સંખ્યા બે લાખની આસપાસ હતી. હવે ત્યાં માત્ર 378 શીખ બચ્યા છે. કોંગ્રેસે જે વચન આપ્યું હતું તે અમે પૂરું કર્યું છે.

**▪ શાહે કહ્યું- જે મુસ્લિમો પર્સનલ લોનું સમર્થન કરે છે તેઓ CAAનો વિરોધ કરી રહ્યા છે**

અમિત શાહે CAAનો વિરોધ કરી રહેલા નેતાઓ પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું- જે લોકો એવું કહીને CAA નો વિરોધ કરી રહ્યા છે કે આ કાયદો ધર્મ પર આધારિત છે, તે જ લોકો મુસ્લિમ પર્સનલ લો જેવા કાયદાનું સમર્થન કરે છે. CAAમાં નાગરિકતા છીનવી લેવાની કોઈ જોગવાઈ નથી. CAAના નામે વિરોધ પક્ષો મુસ્લિમોને ભડકાવી રહ્યા છે. CAAને કારણે કોઈ પણ વ્યક્તિ તેમની નાગરિકતા ગુમાવશે નહીં. હું મુસ્લિમ ભાઈ-બહેનોને કહીશ કે વિપક્ષની વાત ન સાંભળો.

### ચૂંટણી પહેલા જ મધ્ય પ્રદેશમાં ભાજપને ઝટકો, કદાવર નેતા અને રાજ્યસભા સાંસદનું રાજીનામું

ભોપાલ : લોકસભા ચૂંટણીની તારીખો હવે થોડા કલાકો બાદ જાહેર થવાની છે, પરંતુ તે પહેલા જ મધ્યપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટી (bjp)ને મોટો ઝટકો લાગ્યો છે. રાજ્યસભાના સાંસદ અજય પ્રતાપ સિંહે પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. એવું માનવામાં આવે છે કે અજય પ્રતાપ સિંહ લોકસભા ચૂંટણીમાં ટિકિટ ન મળવાથી નારાજ હતા. અજય પ્રતાપ સિંહે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને પ્રદેશ અધ્યક્ષ વીડી શર્માને પોતાનું રાજીનામું મોકલી દીધું છે અને તેની કોપી સોશિયલ મીડિયા પર શેર કરી છે.

**ચૂંટણી બોન્ડમાં નવા ખુલાસા**

### 3 વર્ષમાં કંપનીનો નફો 215 કરોડ, તો 1368 કેવી રીતે દાન કર્યા..?

નવી દિલ્હી, તા. 16

તમે એ કહેવત તો સાંભળી જ હશે કે 'આવક આઠ આના અને ખર્ચ રૂપિયો'. ભારતીય સ્ટેટ બેંક દ્વારા ચૂંટણી બોન્ડ અંગે વિગતો જાહેર કર્યા બાદ આ કહેવત સાચી સાબિત થઈ રહી છે. ફ્યૂચર ગેમિંગ એન્ડ હોટેલ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડે 12 એપ્રિલ 2019 અને 24 જાન્યુઆરી 2024 વચ્ચે ચૂંટણી બોન્ડ દ્વારા 1368 રૂપિયાનું દાન રાજકીય પાર્ટીને આપવામાં આવ્યુ છે. આ રકમ કંપનીના ત્રણ વર્ષોના રૂ. 215 કરોડના ચોખ્ખા નફાના છ ગણા કરતાં વધુ છે. પાંચ વર્ષના સમયગાળામાં ચૂંટણી બોન્ડ દ્વારા 50 કરોડ રૂપિયાથી વધુ દાન આપતી કોર્પોરેટ સંસ્થાઓની યાદીમાં એવી કેટલીક કંપનીઓ સામેલ છે જેણે નફા કરતા વધુ દાન કર્યું છે. કેટલીક એવી પણ કંપની છે જેણે પોતાની કમાણીનો એક મોટો હિસ્સો દાન કરી દીધો છે. IFB એગ્રો ઈન્ડસ્ટ્રીઝને 2019-20 થી 2022-23 સુધી 175 કરોડનો સંયુક્ત ચોખ્ખો નફો થયો હતો.

**લીકર પોલિસી કેસમાં આગોતરા જામીન અને હિયરિંગમાં હાજર રહેવામાંથી મુક્તિ મળી**

## EDના 8 સમન્સ પછી કેજરીવાલને જામીન

નવી દિલ્હી, તા. 16



મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં હાજરી આપવા પહોંચ્યા છે. દલીલો શરૂ થતાં જ તેમને જામીન મળી ગયા હતા. તેમને રૂ. 15,000ના અંગત બોન્ડ પર જામીન આપવામાં આવ્યા છે. આ મામલો EDની અરજી સાથે જોડાયેલો છે, જેના પર તેમને 7 માર્ચે કોર્ટમાં હાજર થવા માટે સમન્સ પાઠવવામાં આવ્યો હતો. રાઉઝ એવન્યુ કોર્ટમાં શુક્રવારે (15 માર્ચ) સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન કોર્ટે કેજરીવાલને હાજર થવા કહ્યું હતું. ખરેખરમાં દિલ્હીના મુખ્યમંત્રીએ રૂબરૂ હાજર ન થવા બદલ છૂટ માગી હતી. EDએ અત્યારસુધીમાં કેજરીવાલને 8 સમન્સ જારી કર્યાં છે. કેજરીવાલ એક વખત પણ એજન્સી સમક્ષ હાજર થયા નહોતા. આ પછી તપાસ એજન્સીએ કેજરીવાલ વિરુદ્ધ કોર્ટમાં બે ફરિયાદ કરી હતી.

### કેજરીવાલના વકીલે કહ્યું- CMએ EDના દરેક સમન્સનો જવાબ આપ્યો

ASG એસવી રાજુ 15 માર્ચે સ્પેશિયલ જજ (સીબીઆઈ) રાકેશ સાયલની સિંગલ બેંચમાં કોર્ટમાં ED વતી હાજર થયા હતા. જ્યારે કેજરીવાલના વકીલોમાં વરિષ્ઠ એડવોકેટ રમેશ ગુપ્તા અને એડવોકેટ રાજીવ મોહન હતા. કેજરીવાલના વકીલોએ કહ્યું હતું કે દિલ્હીના મુખ્યમંત્રીએ EDના દરેક સમન્સનો જવાબ આપ્યો છે. મુખ્યમંત્રી તરીકેની તેમની જવાબદારીઓને કારણે તેઓ ED સમક્ષ હાજર થઈ શક્યા નહોતા. EDએ કોર્ટમાં ફરિયાદ કરતાં પહેલાં કેજરીવાલને કારણ જણાવો નોટિસ પણ આપી નથી. જ્યારે 2જી ફેબ્રુઆરીએ 5મા સમન્સ બાદ દિલ્હીના સીએમ પૂછપરછ માટે આવ્યા નહોતા, ત્યારે EDએ રાઉઝ એવન્યુ કોર્ટમાં અરજી કરી હતી. દિલ્હી વિધાનસભામાં વિશ્વાસ પ્રસ્તાવ અને બજેટસત્ર પર ચર્ચાને કારણે કેજરીવાલ 14 ફેબ્રુઆરીએ કોર્ટમાં વર્ચ્યુઅલ રીતે હાજર થયા હતા. આ પછી કોર્ટે આગામી સુનાવણી માટે 16 માર્ચની તારીખ નક્કી કરી હતી.

## મનુભાઈ ટાવરના 7માં માળે અચાનક આગ લાગતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો...

# કોમ્પ્યુટર, ફાઇલ અને ફર્નિચર બળીને ખાક

### 7મા માળે 4 ઓફિસમાં આગ ભભૂકી, વિકરાળ સ્વરૂપ ધારણ કરે એ પહેલાં જ ફાયરના જવાનોએ કાબૂ મેળવ્યો



વડોદરા | વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલ મનુભાઈ ટાવરના 7માં માળે અચાનક આગ લાગતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. આ બનાવને લઈ ફાયર વિભાગને જાણ કરતા તાત્કાલિક ફાયરની બે ટીમો આવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. જો કે આ બિલ્ડીંગમાં રહેલ ફાયરના સાધનો શરૂ હોત તો વધુ સમય ન લાગ્યો હોત. આ આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પહેલા જ ફાયર વિભાગે યુદ્ધના ધોરણે કામગીરી કરી આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગના આ બનાવમાં મનુભાઈ ટાવરના સાતમા માળે આવેલ અને ભાડાની ઓફિસ જેમાં બેનેટ ફાર્મ પ્રા.લી નામની ઓફિસ અને અન્ય ત્રણ ઓફિસમાં આગ લાગી હતી. ઓફિસમાં રહેલ ટેબલ, કમ્પ્યુટર, ફાઈલ અને ફર્નિચર સ્વાહા થઈ ગતું હતું. સાથે ઓફિસમાં પીઓપી હોવાના કારણે આગ વધુ લાગી હતી. આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પહેલા જ ફાયર વિભાગના કર્મચારીઓની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો. ઉલ્લેખનીય છે કે, શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલ આ મનુભાઈ ટાવરમાં હાયરાઈઝ બિલ્ડીંગ છે અને તેને લઈ આગ માટે ભારે જહેમત ઉઠાવી પડી હતી. સવારનો સમય હોવાથી કોઈ જાનહાની થઈ નહોતી,

પરંતુ જો બપોરના સમયે લાગી હોત તો મોટી જાનહાની થવાની શક્યતાઓ રહેલી હતી. જો આ બિલ્ડીંગમાં ફાયર ઈક્વિપમેન્ટ શરૂ હોત તો સમય ઓછો લાગ્યો હોત અને આ બાબતે ફાયર વિભાગ એનઓસી ચેક કરી કાર્યવાહી કરીશું તેવું જણાવ્યું છે. આજ બિલ્ડિંગમાં ભારતીય જનતા પાર્ટીની શહેર કાર્યાલય પણ આવેલી છે. ત્યારે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે કે શહેરમાં હાયરાઈઝ બિલ્ડીંગો હોવા છતાં પણ ફાયરના જે સાધનો છે તે ખૂબ જ દયનિય હાલતમાં જોવા મળી રહ્યા છે. અહીંયા ક્લાસીસ અને અનેક ઓફિસો આવેલી છે. ત્યારે ફાયર વિભાગ દ્વારા આગામી દિવસોમાં કેવા પગલાં લેવાય છે તે જોવું રહ્યું. આ અંગે દાંડિયા બજાર સ્ટેશનના ફાયર ઓફિસર હર્ષવર્ધન એ જણાવ્યું હતું કે, સયાજીગંજ વિસ્તારમાં આવેલા મનુભાઈ ટાવરના સાતમા માળે આગ લાગી હતી. આ બનાવ અંગે કોલ મતળા તાત્કાલિક બે ટીમ રવાના થઈ હતી. આ આગ કયા કારણોસર લાગી છે તે હાલમાં જાણી શકાયું નથી. ફાયર વિભાગ પહોંચી ત્યારે આ રૂમ બંધ હતા અને તેને તોડી કામગીરી કરી છે. અમારા અત્યાધુનિક સાધનોનો ઉપયોગ કરી હાલમાં આગ પર કાબુ મેળવ્યો છે.

વધુમાં જણાવ્યું હતું કે, સાતમા માળે આગ લાગી છે, અહીં ફાયરના સાધનોને લઈ એનઓસી તપાસવામાં આવશે, બાદમાં કાર્યવાહી કરવામાં આવશે. ત્રણથી ચાર ઓફિસોની અંદર આગ લાગી હતી અને બંધ હોવાના કારણે અડધો કલાક જેટલો સમય લાગ્યો હતો. જો ફાયર ઈક્વિપમેન્ટ ચાલુ હોત તો અમારો સમય બચ્યો હોત, આ બાબતે કાર્યવાહી કરવામાં આવશે.

---

## મિત્રે અપહૃત યુવકની માતાને જાણ કરતાં તેમણે પોલીસને કોલ કર્યો

# મહિલા સહિત 7 શખ્સે 55 હજારના 95 હજાર લઇ યુવકનું અપહરણ કર્યું

વડોદરા | મકરપુરા બસ સ્ટેન્ડ બહાર સેવ-ઉસળની લારી ચલાવતા યુવકનું 1 મહિલા અને 6 યુવકોએ અપહરણ કરી મારવાની ધમકી આપી હતી. જોકે યુવક પોતાની સુઝથી અપહરણકર્તાની ચંગુલમાંથી છૂટ્યો હતો. યુવકે અપહરણની ફરિયાદ મકરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. યુવકે થોડા સમય પહેલા તેઓની પાસેથી 55 હજાર લઈ 95 હજાર આપી દીધા હોવા છતા અપહરણ કર્યુ હતું.

મકરપુરા ડેપો પાસે રહેતા સ્મિત રાણા ડેપોની બહાર સેવ-ઉસળની લારી ચલાવે છે. તેઓએ 8 મહિના પહેલા કરિશ્મા શેખ પાસેથી 55 હજાર રૂપિયા ઉધાર લીધા હતા, જેની સામે 95 હજાર રૂપિયા પરત આપી દીધા હતા. જોકે કરિશ્મા આ બાબતે ધમકી આપતી હતી. ગુરુવારે સાંજે સાડા સાતના અરસામાં તેઓ પોતાની લારી પર હાજર હતા ત્યારે તારીફ શેખ, આરીફ શેખ, પરવેઝ શેખ, સલમાન ઘાંચી, કરિશ્મા શેખ, મનીષ દળવી અને મોહસીનભાઈ લારી પર આવી પહોંચ્યા હતા અને ધમકી આપવા લાગ્યા હતા કે,તું રૂપિયા કેમ નથી આપતો. આમ કહીને તેઓ સ્મિતને જબરજસ્તી ગાડીમાં બેસાડીને કરિશ્માબહેનના ઘરે લઈ ગયા હતા. ત્યાં પણ તમામે ભેગા મળીને સ્મિતને ઢોર માર માર્યો હતો અને કરિશ્માબહેને ધમકી આપી હતી કે,આજે રૂપિયા મંગાવી લે નહીં તો અમે બધા ભેગા થઈને તેને મારી નાખીશું. તમામે ભેગા મળીને આખી રાત સ્મીતને પ્રતાડીત કર્યો હતો અને બાદમાં સવારે 11 વાગે સ્મીતને ફોન આપીને કહેવામાં આવ્યં હતું કે, ફોન કરીને લોકો પાસેથી રૂપિયા મંગાય.

સ્મિતએ લોકોને ફોન કરીને લોકો પાસેથી મદદ માંગી હતી, પરંતુ આ દરમિયાન તેઓએ પોતાના મિત્રને લાઈવ લોકેશન મોકલીને પોતાના અપહરણ વિશે જણાવ્યું હતું. પોલીસ તાત્કાલિક કરિશ્માના ઘરે પહોંચી હતી. સ્મિતે 7 લોકોની સામે મકરપુરા પોલીસ મથકમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

સ્મિતે મિત્રને પોતાના અપહરણની જાણ કરતા મિત્રે સ્મિતની માતાને અમદાવાદ જાણ કરી હતી. માતાએ તાત્કાલિક અમદાવાદના કંટ્રોલમાં ફોન કરીને આખી ઘટના જણાવતા અમદાવાદ કંટ્રોલે વડોદરા પોલીસને જાણ કરી હતી. મિત્રને શેર કરેલા લાઈવ લોકેશનના આધારે મકરપુરા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને સ્મિતને છોડાવ્યો હતો.

---

# પરિણીતાને મળવા આવેલા પ્રેમીને ગુહ્ય ભાગે ભૂંગળી, પેન ભરાવી દીધી

જૂનાગઢ | માંગરોળ રહેતા એક યુવકને જૂનાગઢ રહેતી પરિણીતાએ ફોન કરી મળવા બોલાવ્યો હતો. તે આવતા પરિણીતાના પતિ સહિત પાંચ શખ્સોએ યુવકને બાંધી બેફામ માર મારી તેના ગુદાના ભાગે ઓલઆઉટની ભૂંગળી અને બોલપેન ભરાવી દઈ તેનો વિડીયો ઉતારી લીધો હતો અને પોલીસ કેસ કરીશ તો મારી નાંખશું એમ કહી ધમકી આપી હતી. આ અંગે યુવકે ફરિયાદ કરતા બી ડિવિઝન પોલીસે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ, માંગરોળમાં બસ સ્ટેન્ડ પાછળ વાલ્મિકીનગરમાં રહેતા અને મજુરીકામ કરતા જતીન જેન્તીભાઈ જેઠવાને જૂનાગઢનાં જોશીપરામાં રહેતી રાધિકા નામની મહિલા સાથે બે માસ જેટલા સમયથી પ્રેમસંબંધ હતો. ગત તા. 10ના સાડા સાત આઠ વાગ્યા આસપાસ રાધિકાએ જતીનને ફોન કરી 'આજે મારા પતિ નાઈટશિપમાં કામે ગયા છે, તું મળવા આવ' એમ કહ્યું હતું. આથી જતીન માંગરોળથી વંથલી સુધી બસમાં અને વંથલીથી તેના મામાનુ સ્કુટર લઈને 11 વાગ્યા જૂનાગઢના જોશીપરામાં રાધિકાના ઘરે આવ્યો હતો. ત્યારે રાધિકા એકલી હતી. ઉપરના રૂમમાં તેની સાથે જતા જ ધીરજ જેઠવા, પપ્પુ પરમાર, રાધિકાનો પતિ નરેન્દ્ર ઉર્ફે ડબો જેઠવા આવ્યા હતા. રાધિકાને બીજા રૂમમાં મોકલી દઈ આ શખ્સોએ દરવાજો બંધ કરી જતીનને હાથપગ બાંધી લાકડાના ધોકા વડે અને ઢીકા પાટુ અને પટ્ટા વડે આડેધડ માર માર્યો હતો.

---

## ચેકિંગના ડરથી ભાગવા જતાં કાર ડિવાઇડર પર ફસાઇ

# કારમાં 9 લાખના કેફી પોશડોડા મળ્યા, 6 નંબરપ્લેટ મળી આવતાં તપાસ શરૂ

વડોદરા | વડોદરા જિલ્લાના જરોદ પાસેથી પસાર થઇ રહેલી નંબર પ્લેટ વગરની કાર રસ્તા વચ્ચેના ડિવાઈડર ઉપર ચઢી ગઇ હતી. કાર ડિવાઈડર ઉપર ફસાઇ જતાં કાર ચાલક કાર સ્થળ ઉપર મૂકી ફરાર થઇ ગયો હતો. દરમિયાન આ બનાવની જાણ થતાં દોડી આવેલી પોલીસે કારમાં તપાસ કરતા તેમાંથી 301 કિલો કેફી પોશડોડા મળી આવ્યા હતા. ઉપરાંત વિવિધ જિલ્લાની નંબર પ્લેટો અને એક અંગ્રેજીમાં POLICE લખેલી નંબર પ્લેટ મળી આવી હતી. પોલીસે કેફી ડોડા ભરેલી કાર કબજે કરી તપાસ શરૂ કરી છે. મળેલી માહિતી પ્રમાણે જરોદ પોલીસ મથકના PI કે.જે. ઝાલાની સૂચના અનુસાર જરોદ-હાલોલ રોડ ઉપર રેફરલ હોસ્પિટલ ચોકડી પાસે પોલીસ સ્ટાફ વાહન ચેકિંગ કરી રહ્યા હતા. દરમિયાન વડોદરા તરફ કેફી પોશડોડા ભરીને આવી રહેલા કાર ચાલકને પોલીસ વાહન ચેકિંગ કરી રહી હોવાનું ધ્યાનમાં આવતા તે ગભરાઈ ગયો હતો. અધવચ્ચેથી ભાગવા જતા કાર રસ્તા વચ્ચેના ડિવાઈડર ઉપર ચઢાવી દીધી હતી. રસ્તાની વચ્ચેના ડિવાઈડર ઉપર કાર ફસાઇ જતાં કાર ચાલક મુદ્દામાલ સાથેની કાર સ્થળ ઉપર મૂકી ફરાર થઇ ગયો હતો. વાહન ચેકિંગ કરી રહેલી પોલીસ તુરંત જ સ્થળ પર પહોંચી ગઇ હતી અને કારમાં તપાસ કરતા તેમાંથી પ્લાસ્ટીકની થેલીઓમાં ભરેલ નશાયુક્ત 301 કિલો નશાયુક્ત પોશડોડા મળી આવ્યા હતા.



આ ઉપરાંત પોલીસની વધુ તપાસમાં હુન્ડાઈની ક્રેટા કાર નંબર પ્લેટ જણાઇ આવી હતી. પોલીસે કારમાં વધુ તપાસ કરતા તેમાંથી MP 09 WP 2787 નંબરની 2 પ્લેટ, GJ 17 BN 6699 નંબરની 2 પ્લેટ અને GJ 1 HV 4141 નંબરની 2 પ્લેટો મળી કુલ 6 નંબર પ્લેટો મળી આવી હતી.

---

# રાજકોટમાં તબીબ હીના પટેલ વિવાદમાં,પ્રસૂતિ સમયે મહિલાનું થયું મોત

રાજકોટ | હીના પટેલની હોસ્પિટલમાં 21 વર્ષીય પ્રસૂતાનું મોત થયું છે,પરિવારનો આક્ષેપ છે કે પ્રસૂતિ સમયે તબીબની બેદરકારીના કારણે દીકરી ગુમાવવાનો વારો આવ્યો છે.પરિવારજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે.ઓક્સિજનના બાટલા મોડા મંગાવ્યા હોવાના કારણે પ્રસૂતાને સમય મુજબ સારવાર મળી નહી અને તેનું મોત થયું છે,હાલ તો પરિવારે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે.તો હીના પણ ફરાર થઈ ગઈ છે. સમગ્ર ઘટનાને લઈ તપાસ કરતા સામે આવ્યું છે કે, ગાયનોકોલોજિસ્ટ ન હોવા છતાં પ્રસુતિ કરતી હોવાનું સામે આવ્યું છે.આ પહેલા પણ ગેરકાયદે ગર્ભપરીક્ષણ અને ગર્ભપાતના ગુનામાં પકડાઈ ચૂકી છે હીના પટેલ તો પોલીસ દ્વારા હીના પટેલના લાયસન્સ રદ્દ કરવા અંગે પણ આરોગ્ય વિભાગને રિપોર્ટ કરવાની કામગીરી શરૂ કરાઈ છે. હીના પટેલ કોઈ ડોકટર નથી તેમ છતાં ઘણી મહીલાઓની પ્રસુતિ કરાઈ ચૂકી છે,કોના આશીર્વાદથી હોસ્પિટલ ચાલે છે તે પણ એક સવાલ છે. પોલીસે હીના પટેલ સામે મેડિકલ પ્રેક્ટીસનર એક્ટ અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે,હીના હોસ્પિટલથી ફરાર થઈ જતા પોલીસે તેને શોધવાની કામગીરી હાથધરી છે. ગેરકાયદેસર ગર્ભપરીક્ષણ અને ગર્ભપાત કરાવવાના કેસમાં જેલહવાલે રહેલી ડો. હિના પરેશ પટેલે કરેલી જામીન અરજીને સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. કોઠારિયા રોડ, હુડકો કવાર્ટરમાં ફોરમ ક્લિનિકના નામથી હોમિયોપેથિક ડોકટર હિના પટેલ ગેરકાયદેસર રીતે ગર્ભપરીક્ષણ તેમજ ગર્ભપાત કરાવતી હતી. જેને પગલે પોલીસે ડમી દર્દીને મોકલી મહિલા તબીબના ગેરકાનૂની કૌભાંડનો પર્દાફાશ કરી ધરપકડ કરી હતી.

---

## વલસાડનાની ગુંદલવ બ્રિજ પર અકસ્માત : સદનસીબે જાનહાનિ ટળી

# ગેસના સિલિન્ડર લઈને જતા ટ્રક ચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત

વલસાડ | મુંબઈ તરફથી ગેસના ભરેલા સિલિન્ડર લઈને સુરત તરફ એક ટ્રક જઈ રહ્યો હતો. વલસાડના ગુંદલાવ હાઈવે ઉપર પસાર થતી વખતે ટ્રક ચાલકે સ્ટેરિંગ ઉપરથી કાબુ ગુમાવતા બાજુની ટ્રેક ઉપર ચાલી રહેલા ટેન્કરને ટક્કર મારી ટ્રક પલ્ટી ખવડાવ્યો હતો. અને ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતની ઘટનાની જાણ સ્થાનિક લોકોએ વલસાડ રૂરલ પોલીસની ટીમને થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ગેસના ભરેલા સિલિન્ડરનો ટ્રક પલ્ટી ખાઈ ગયો હોવાથી તકેદારીના ભાગરૂપે વલસાડ નગર પાલિકાના ફાયરની ટીમને ઘટના સ્થળે બોલાવી રાખી હતી. ક્રેઈનની મદદ લઈને ટ્રક ખસેડી વાહન વ્યવહાર સામાન્ય કર્યો હતો.

વલસાડની ગુંદલાવ ચોકડી નજીક શ્રી હરિકૃષ્ણ પેટ્રોલિયમ કંપનીનો ગેસના સિલિન્ડર ભરેલો ટ્રક નંબર GJ-05-CW-1139માં મહારાષ્ટ્રના મનોર થી એલપીજી ગેસના ખાલી બાટલા ભરી સુરત તરફ જઈ રહ્યો હતો. જે દરમિયાન ટ્રક ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા સુરત તરફ જતા એક ટેન્કરને ટક્કર મારી ટ્રક ડિવાઈડર ઉપર ચડાવી દીધો હતો. અને ટ્રક પલ્ટી ખવડાવી દીધી હતી. ટ્રક પલ્ટી જતા હાઈવે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. અકસ્માતની ઘટનની જાણ સ્થાનિક લોકો અને રાહદારીઓને થતા ટ્રકમાં ઈજાગ્રસ્ત ટ્રક ચાલકની મદદ કરવા રાહદારીઓએ તાત્કાલિક દોડી આવ્યા હતા. સ્થાનિક



લોકોએ ચેક કરતા ટ્રક ચાલક ડ્રાયવર કેબિનમાંથી મળી આવ્યો ન હતો. સ્થાનિક લોકોએ અકસ્માતની ઘટનાની જાણ વલસાડ રૂરલ પોલીસની ટીમને કરી હતી. વલસાડ રૂરલ પોલીસની ટીમને ઘટનાની જાણ થતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ટ્રકમાં ગેસના સિલિન્ડર જોઈને તકેદારીના ભાગ રૂપે વલસાડ નગર પાલિકા ફાયરની ટીમને પણ ઘટનાની જાણ કરવામાં આવી હતી. અકસ્માતની ઘટનાને લઈને મુંબઈ સુરત હાઈવે પ્રભાવિત થયો હતો.

---

# બાંટવા પાસે અકસ્માતમાં 3 યુવાનોનો ભોગ લેનાર કારના ચાલકે આપઘાત કર્યો

પોરબંદર |બાટવા પાસે જે વાહન અકસ્માતમાં ત્રણ યુવાનોનો ભોગ લેવાયો હતો એ બનાવમાં અકસ્માત કરી બેસેલા કારચાલકે કુતિયાણાના દેવડા ગામે તેની બહેનના ઘરે જઈને પશ્ચાતાપમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે.

બાટવાના ભીમનાથ રોડ પર કચ્છીવાસમાં રહેતા ખીમાભાઈ કોડીયાતરે કુતિયાણા પોલીસ મથકમાં એવું જાહેર કર્યું છે કે, તેનાભાઈ નાથાભાઈ દાસાભાઈ કોડીયાતર (ઉ.વ.૩૫)એ દેવડા ગામે તેમના બહેન રતિબેનના ઘરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. આત્મહત્યા કરવા પાછળનું કારણ એવું જાહેર થયું છે કે, નાથાભાઈ કોડીયાતર રાત્રે ૧૨ વાગ્યાના સુમારે તેમની પત્ની અને બાળકોને લેવા માટે પોતાની ઈકો કાર લઈને નીકળ્યા હતા અને પાજોદ ગામ નજીક ત્રિપલ સવારીમાં બાઈકમાં ત્રણ યુવાનો આવતા હતા ત્યારે તેમના બાઈક સાથે નાથાભાઈ કોડીયાતરની ઈકો કાર અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બાટવાના ભરત નગા મોરી (ઉ.વ. 16), પરેશ પરબત રામ (ઉ.વ. 25) અને માણાવદરના હરદાસ કાળાભાઈ ઓડેદરા (ઉ.વ. 30)ના કમકમાટીભર્યાં મોત નીપજ્યા હતા. એકી સાથે ત્રણ યુવાનના મૃત્યુ નીપજતા પરિવારજનોમાં ભારે શોકની લાગણી ફેલાઈ હતી. દરમિયાન, નાથાભાઈ કોડીયાતરની ઈકો કાર સાથે સર્જાયેલા અકસ્માતમાં ત્રણ-ત્રણ નવલોહિયા યુવાનોના મૃત્યુ થયા હોવાથી આ વાતનું નાથાભાઈને મનમાં લાગી આવ્યું હતું. તેથી અકસ્માતના બનાવના બીજા જ દિવસે તા. 14ના તેણે કુતિયાણાના દેવડા ગામે રહેતા બહેન રતિબેનના ઘરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. આગળની તપાસ કુતિયાણા પોલીસ ચલાવી રહી છે.

---

## કોસાડ સબ ડિવિઝનના ચેતન રાણાને ચાલુ ફરજ પર ACBએ છટકું ગોઠવી રંગેહાથ ઝડપી પાડ્યો

# DGVCLનો 1 લાખનો પગારદાર ડે. ઇજનેર વીજ જોડાણમાં દંડ ન કરવા 5 હજાર લાંચ લેતા ઝડપાયો

## અધિકારીએ તોડ કરવા રેડ પાડી કોન્ટ્રાક્ટરનો વીજ પુરવઠો બંધ કરાવી 10 હજાર માંગ્યા હતા...



સુરત |દક્ષિણ ગુજરાત વીજ કંપનીના કોસાડ સબ ડિવિઝનમાં ફરજ બજાવતો 1.05 લાખનો માસિક પગારદાર ડેપ્યુટી ઈજનેર 5000ની લાંચમાં ACBના છટકામાં ઝડપાયો છે. વળી એસીબીના સ્ટાફે લાંચીયા ડેપ્યુટી ઈજનેરને ચાલુ ડ્યૂટીએ ઓફિસમાંથી રંગેહાથ ઝડપી પાડ્યો છે. જ્યારે તેને એસીબીની ટ્રેપ હોવાની ખબર પડી ત્યારે તબિયત સારી નથી એવા બહાના કાઢી છટકવાની કોશિશ કરી હતી. એસીબીએ કોસાડ સબ ડિવીઝનના ડેપ્યુટી ઈજનેર ચેતન ડાહ્યાભાઈ રાણા(35) (રહે, જય અંબે સોસાયટી, અડાજણ પાટિયા)ની સામે ગુનો નોંધી ધરપકડની કાર્યવાહી કરી છે. અમરોલી કોસાડમાં કોન્ટ્રાક્ટરે રૂમો બનાવવાનું કામ રાખ્યું હતું. તે જગ્યા પર વીજ કનેક્શન ન હોવાથી કોમન મીટરમાંથી હંગામી વીજ પુરવઠો લઈ કામ કરતા હતા. ડેપ્યુટી ઈજનેરે તોડ કરવા રેડ પાડી વીજ પુરવઠો બંધ કરાવ્યો હતો અને કોન્ટ્રાક્ટરે નવું વીજ કનેક્શન મેળવવા અરજી કરી હતી. ગેરકાયદે વીજ કનેક્શન બંધ કરાવી દંડ સહિતની કાર્યવાહી ન કરવા અને નવું વીજ કનેક્શન ઝડપથી આપવા ડેપ્યુટી ઈજનેરે રૂપિયા માંગ્યા હતા.

વધુમાં લાંચીયાકર્મીએ અમરોલી કોસાડ ગામે કોન્ટ્રાક્ટર પાસેથી પહેલા 10 હજારની લાંચ માંગી હતી. પછી રકઝક બાદ 5 હજાર આપવાનું નક્કી થયું હતું. ડીજીવીસીએલમાં લાંચીયો કર્મી વર્ષ 2011થી નોકરી પર લાગ્યો હતો અને તે પોતે બી.ઈ.ઈલેક્ટ્રિકનો અભ્યાસ કરેલો છે. કોન્ટ્રાક્ટરને લાંચીયા કર્મીએ ઓફિસના ધક્કા ખવડાવી ડોક્યુમેન્ટોમાં નવી નવી ખામીઓ બતાવી હેરાનગતિ કરતો હતો. જેના કારણે કંટાળીને કોન્ટ્રાક્ટરે એસીબીમાં ફરિયાદ આપી હતી. ડેપ્યુટી ઈજનેરના ઘરે એસીબીના સ્ટાફે સર્ચ કર્યું હતું. જેમાં કેટલાક ડોક્યુમેન્ટો હાથ લાગ્યા હોવાની વાત છે.

---

## પ્રેમીસાથે મળીપરિણીતાએદીકરીનેમારી:પતિએબન્નેવિરુદ્ધફરિયાદ નોંધાવી

# વડોદરામાં પતિની ગેરહાજરીમાં પત્નીએ પ્રેમીને મળવા પુત્રીને ઘરમાં પૂરી દીધી...

વડોદરા | વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર રહેતા અને ડ્રાઈવરની નોકરી કરતા પીડિત પતિએ કપુરાઈ પોલીસ મથકમાં પોતાની પત્ની અને તેના પ્રેમી સામે ફરિયાદ નોંધાવી છે. પતિની ગેરહાજરીમાં પત્નીએ તેના પ્રેમીને ઘરે મળવા માટે બોલાવ્યો હતો. આ દરમિયાન 7 વર્ષની દીકરી ઘરે હોવાથી તેને માર મારી ઘરમાં પૂરી દીધી હતી. જે વાતની પતિને જાણ થતા તેની પત્ની અને તેના પ્રેમી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના કપુરાઈ પોલીસ મથકમાં ડ્રાઈવરની નોકરી કરતા અરૂણ અશોકભાઇ પરમારે ફરિયાદ નોંધાવી છે કે, મારી પત્ની અસિમીના અરૂણભાઈ પરમાર નોકરી કરી છે. મારે સંતાનમાં એક 7 વર્ષની દીકરી છે. હું ડ્રાઈવરની નોકરી કરું છું. મારી પત્ની અસિમીના જે ફલેવર્સ ઓફ વડોદરા, તક્ષ ગેલેક્ષી મોલ, વાઘોડીયા રોડ વડોદરા ખાતે નોકરી હતી. ફલેવર્સ ઓફ વડોદરાના માલિક કલ્પેશ પટેલ (રહેવાસી વિરાજ વિલા સોસાયટી, શિવાલાય બંગ્લોઝની સામે, સવિતા હોસ્પિટલની નજીક, પરિવાર ચાર રસ્તા વાઘોડીયા રોડ, વડોદરા) છેલ્લા પાંચ-છ માસથી હું જ્યારે ઘરે હાજર ન હોય, ત્યારે મારા ઘરે મારી પત્નીને અવારનવાર મળવા આવતો હતો. આ




સાથે જ મારી પત્ની અને કલ્પેશ પટેલ મોબાઈલ પર વાતચીત કરતા હતા, જેના કારણે અમારી વચ્ચે ઝઘડો થતો હતો. તે બાદ તારીખ 04/01/24ના રોજ જ્યારે હું નોકરી પર હતો, ત્યારે સાંજના સમયે આ કલ્પેશ પટેલ મારા ઘરે મારી પત્ની એસિમીનાને મળવા માટે આવ્યો હતો. ત્યારે મારી નાની દીકરી ઘરે હતી. તે દરમિયાન મારી પત્ની અને કલ્પેશ પટેલે માર મારી દીકરીને ઘરમાં પુરી દીધી હતી અને કલાકો સુધી બન્ને જણા ઘરમાં રોકાય છે. જેથી મારી પત્ની અસિમીના અને કલ્પેશ પટેલ સામે મારી દીકરીને માર મારવા બાદલ કાર્યાવહી કરવામાં આવે તેવી ફરિયાદ નોંધાવી છે.

**છેલ્લા દસ વર્ષથી ઓસીઆઇ પર વતને આવેલા વંઠેલ પુત્રનું કારસ્તાન**

# માનકુવામાં પત્નીએ દારૂ માટે રૂપિયા ન આપતા પતિએ ઘરમાં આગ લગાડી

ભુજ | માનકુવામાં દારૂની લતે ચડી ગયેલા યુવકને તેની પત્નીએ દારૂ માટે રૂપિયા ન આપતા પોતાના જ ઘરમાં આગ લગાડીને સોફાસેટ, ટીવી, એસી અને અન્ય સામગ્રીઓ બાળી નાખી રૂપિયા ૮૫ હજારનું નૂકશાન કરતાં વિધવા માતાએ જ વંઠેલ પુત્ર વિરૂધ માનકુવા પોલીસ માથકે ફરિયાદ નોંધાવી હતી.

**સોફાસેટ, ટીવી, એસી સહિતની સામગ્રીઓ બાળી નાંખી રૂપિયા 85 હજારનું નુકસાન કર્યું**

માનકુવા જુનાવાસમાં કાંધાવાડી ખાતે રહેતા ધનબાઇ વાલજીભાઇ કેરાઇ (ઉ.વ.૬૫)એ ફરિયાદમાં જણાવ્યું છે. કે, તેમના પતિનું પાંચ વર્ષ પૂર્વ મૃત્યુ થયું હતું. તેમને સંતાનમાં બે પુત્ર છે. જેમાં નાનો પુત્ર દિનેશ (ઉ.વ.૪૦)ની નાગરીકતા યુ.કે. (લંડન)ની છે. જે છેલ્લા દશ વર્ષાથી ઓસીઆઇ પર ભારત આવી ગયો છે. અને તેણે આઠેક વર્ષ પહેલા મધ્ય પ્રદેશના સાલીની રમેશચંદ્ર ગોહેર સાથે લગ્ન કર્યા હતા. પુત્રને દારૂ પીવાની આદત પડી ગઇ હતી. અને લાંબા સમયથી કોઇ કામ ધંધો કરતો ન હોવાથી વારંવાર તેની પત્ની સાલીની પાસેથી દારૂના રૂપિયા માંગી ઘરમાં માથાકુટ કરતો હતો. દરમિયાન આ અંગે પુત્ર સામે મહિલા પોલીસ માથકે સાસુ વહુ ગયા હતા. પાછળ મંગળવારે બપોરાથી સાંજ દરમિયાન ફરિયાદી મહિલાના પુત્ર દિનેશ ઘરે હોઇ ઘરમાં આગ લગાડી દઇને ૪૦ હજારના સોફાસેટ, ૨૦ હજારનું ટીવી, એસીમાં ૫ હજારનું અને ઘરની દિવાલો, ઈલેક્ટ્રીક બોર્ડમાં આગના કારણે કુલે રૂપિયા ૮૫ હજારનું નૂકશાન કરી નાખતાં પુત્ર સામે માતાએ માનકુવા પોલીસે માથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બનાવની નોંધ લઇ આગળની કાર્યવાહી હાથ ધર છે.

**વર્ષ 1930 માં 16 મી માર્ચે દાંડીયાત્રા બોરીયાવી ગામે પહોંચી**

# ગાંધીજીએ ગામના વડલા નીચે સભા ભરી 10 હજારની જનમેદનીને સંબોધી હતી



આણંદ | વર્ષ ૧૯૩૦ના માર્ચ માસની ૧૨મી તારીખ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત બની છે. કાગડા-કૂતરાંના મોતે મરીશ પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પાછો નહી ફરું તેવી પ્રતિજ્ઞા સાથે પૂ.બાપુ તથા તેમના સાથીઓની દાંડીયાત્રા અમદાવાદના સાબરમતી આશ્રમથી નીકળી હતી. જે નડિયાદ ખાતેથી તા.૧૬મી માર્ચે સવારના ૬.૦૦ વાગ્યે નીકળી આઠ માઈલનો પંથ કાપી હાલના આણંદ તાલુકાના બોરીયાવી ખાતે પહોંચ્યા હતા.

રસ્તામાં ભજન અને ધૂન ચાલતા હતા અને લોકોના ટોળેટોળા દર્શન માટે એકત્ર થયા હતા. બરાબર સાડા આઠ વાગે દાંડીયાત્રાએ બોરીયાવીમાં પ્રવેશ કર્યો હતો. જ્યાં સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગામની ભાગોળે આવેલ ધર્મશાળામાં મુકામ રાખવામાં આવ્યો હતો. બપોરના ૩:૦૦ વાગ્યે ધર્મશાળાની બાજુમાં આવેલ એક વિશાળ વડલા નીચે સભા ભરાઈ હતી. ૧૦ હજાર જેટલી મેદનીમાં રાષ્ટ્રગીત ગવાતુ હતું. વડતાલના મુખીનું રાજીનામું ગાંધીજી સમક્ષ રજુ કરવામાં આવ્યું. ગાંધીજીએ પોતાના ભાષણની શરૂઆત કરતા કહ્યું કે હું અહીં આવ્યો તેવુ જ મારા હાથમાં મણીલાલ પટેલનું રાજીનામું આવ્યું છે. ત્રણ મતદારોએ પણ રાજીનામા આપ્યા છે. તેઓને ધન્યવાદ. નોકરી છોડયા પછી આપણું શું થશે ? તેવા ભયથી પીડાતા માણસોને લીધે ૩૩ કરોડ ઉપર ૧ લાખ માણસો રાજ્ય ચલાવે છે.

જો આ બધા એકસાથે જાગૃત થઈ જાય તો સરખે ભાગે દુઃખ વહેંચાઈ જાય તેવી સુંદર સ્થિતિ આપણા દેશની છે. મીઠાનો કર ન આપવાને ખાતર મીઠુ જ્યાં થતુ હોય ત્યાં જઈ મીઠુ બનાવતા જેલમાં જઈએ તો એ અન્યાય દુર થાય આ સલ્તનતે અન્યાયોની જાળ બીછાવી છે. તેમાંથી આ એક વસ્તુ મેં ચુંટેલી છે. આ પતાવી શકીએ તો બીજા અન્યાયો સામે થવાની શક્તિ આવે.

આટલુ કહ્યા બાદ ગાંધીજીએ તમામ ભાઈ-બહેનોને લડાઈમાં જોડાવાનું આમંત્રણ આપ્યું હતું. ખાદી પહેરવાની અને રેંટીયો કાતવાની ભારપૂર્વક વિનંતી કરતા અંતમાં તેમણે કહ્યું હતું કે, તમે દારુ પીવો, ચ્હા પીવો અને માનો કે ગાંધી સૈન્ય લઈને ગયો છે તે સ્વરાજ્ય લાવી આપશે, તો ભુલ કરશો. ગાંધી ચાલ્યો જ જશે તમે બધા કામ કરશો તો જ સ્વરાજ્ય મળશે. બોરીયાવીથી તા.૧૬ માર્ચે સાંજના ૬.૦૦ વાગ્યે સ્વાતંત્ર્ય સંઘ આણંદ જવા રવાના થયો હતો.

બોરીયાવીમાં સુણાવ રાષ્ટ્રીય શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ તેમજ સોનગઢ ગુરુકુળના અધિષ્ઠાતા ચુતરભાઈ પટેલ પણ આવ્યા હતા. તેમણે કાયદાના સવિનય ભંગ તથા રચનાત્મક કાર્યો માટે એક ખડી ફોજ ઉભી કરવાનો નિર્ણય કર્યો હતો અને ગાંધીજીએ તેમને આશીર્વાદ આપ્યા હતા.

**સાબરમતી જેલમાંથી એસઆઇટીએ ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવ્યો હતો**

# પાલિતાણા જીએસટી કૌભાંડમાં ભાવનગરનો શખ્સ જેલહવાલે



ભાવનગર | પાલિતાણામાં ચાર શખ્સે આધારકાર્ડ અને પાનકાર્ડના આધારે બોગસ પેઢી અને બોગસ જીએસટીએન નંબર મેળવી કરચોરી કર્યાના કૌભાંડમાં સંડોવાયેલા ભાવનગરના શખ્સની એસઆઈટીએ જેલ ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવી કોર્ટમાં રજૂ કર્યા બાદ ફરી જેલહવાલે કરી દીધો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર પાલિતાણામાં ગત વર્ષ ૨૦૨૩ના ફેબ્રુઆરી માસમાં બીજાના આધારકાર્ડમાં મોબાઈલ નંબર બદલી પાનકાર્ડ મેળવી ખોટા દસ્તાવેજોના આધારે બોગસ પેઢીઓ ઉભી કરી બોગસ જીએસટીએન નંબર મેળવી કરચોરી કરી સરકાર સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવામાં આવ્યાનું કૌભાંડ છતું થયું હતું. જે બનાવ અંગે રાજ્યવેરા અધિકારી-૨એ ગત તા.૧૧-૨-૨૦૨૩ના રોજ મોહમંદ એજાઝ બોમર, અમન હુસેન ચૌહાણ, ખાલીદ હયાતભાઈ ચૌહાણ અને રાજુ કાળુભાઈ ચૌહાણ (રહે, તમામ પાલિતાણા) નામના શખ્સો સામે પાલિતાણા ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવતા સમગ્ર કેસની તપાસ એસઆઈટીએ હાથ ધરતા આ કૌભાંડમાં ભાવનગરમાં રહેતો ઈમરાન ઉર્ફે બીડીબાપુ ઈબ્રાહીમભાઈ ડાબાની મેમણ (ઉ.વ.૩૯) નામના કૌભાંડીનું પણ નામ ખુલ્યું હતું. આ શખ્સ અમદાવાદની સાબરમતી જેલમાં હોય, જેનો ગઈકાલે ગુરૂવારે સાંજના સમયે ભાવનગર સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશનની ટીમે જેલ ટ્રાન્સફર વોરંટ વોરંટથી કબજો લઈ અટક કર્યા બાદ શખ્સને આજે શુક્રવારે રિમાન્ડની માંગણી સાથે પાલિતાણા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાંથી જીએસટીના કૌભાંડી ઈમરાન ઉર્ફે બીડીબાપુને જેલહવાલે કરવામાં આવ્યો હોવાનું પીઆઈ કે.જી. ચાવડાએ જણાવ્યું છે.

**કેવી રીતે મળશે ગરીબોને રાશન? રેશનસોપ એસોશિયન દ્વારા મામલતદારને આવેદન**

# મહુવા તાલુકાના 30 હજાર રેશનકાર્ડ અચાનક બ્લોક, જરૂરિયાતમંદોને સસ્તુ અનાજ મેળવવામાં મુશ્કેલી




મહુવા | મહુવા તાલુકાના ૩૦ હજાર રેશનકાર્ડ અચાનક બ્લોક થતાં સસ્તું અનાજ મેળવવા માટે રેશનકાર્ડ ધારકોને મુશ્કેલી પડી રહી છે. અચાનક એક સાથે આટલા બધા રેશનકાર્ડ બંધ કરી દેવામાં આવતા રેશનશોપ એસોસિએશન દ્વારા મામલતદારને આવેદન પત્ર આપવામાં આવ્યું છે. આ રેશનકાર્ડ ગાંધીનગરથી બંધ કરી દેવાયા તંત્ર પણ ધંધે લાગ્યું છે. રેશનકાર્ડ ધારકોએ ફરી કાર્ડ શરૂ કરવા કેવાયસી કરાવવું પડશે તેવું એસોસિએશન તરફથી જાણવા મળ્યું છે. પરંતુ મહુવા મામલતદારમાં કેવાયસીની પ્રક્રિયાની ગતિ છે તે જોતા ૩૦ હજાર રેશનકાર્ડની ઈકેવાયસી પૂર્ણ કરતા ૩ થી ૪ વર્ષ લાગે એવી સ્થિતિ છે. મહુવા શહેર તથા ગ્રામ્ય વિસ્તારના ૩૦ હજાર જેટલા રેશનકાર્ડ અચાનક બંધ કરી દેવાયા હોવાથી મહુવા તાલુકા ગ્રામ્ય વિસ્તારના રેશનશોપ એસોસિએશન દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. મહુવા શહેર અને તાલુકામાં ૧૧૫ રેશનશોપ આવેલી છે અને ૬૦ હજાર રેશનકાર્ડ ધારકો છે. જેમાંથી ૩૦ હજાર રેશનકાર્ડ બંધ કરી દેવામાં આવતા સસ્તું અનાજ મેળવવા માટે રેશનકાર્ડ ધારકોને મુશ્કેલી પડી રહી છે. આ મુદ્દે મહુવા રેશનશોપ એસોસિએશનના પ્રમુખે જણાવ્યું હતું કે, અચાનક રેશનકાર્ડ બંધ કરી દેવાતા કાર્ડ ધારકો મૂંઝવણમાં મુકાયા છે. અમને આ બાબતની કોઈ અગાઉ જાણ પણ કરવામાં આવી નથી અને આ બાબતની રજૂઆત કરતા ગાંધીનગરથી એવો પરિપત્ર મળ્યો હતો કે રેશનકાર્ડ ધારકોને ઈ-કેવાયસી કરવાનું રહેશે. મહુવામાં કુલ ૬૦.૦૦૦ જેટલા કાર્ડ ધારકો છે તેમાંથી ૩૦,૦૦૦ કાર્ડ ધારકોના કાર્ડ બંધ થયા છે અને આ કાર્ડ શરૂ કરાવવા માટે મહુવા મામલતદાર કચેરીએ દરેક કાર્ડ દીઠ તમામ સભ્યોએ ઈ-કેવાયસી કરવા માટે જવાનું રહેશે પરંતુ મહુવા મામલતદાર કચેરીમાં એક દિવસમાં ૨૦ જેટલા જ કેવાયસી થતા હોય છે તો આ કઈ રીતે પૂર્ણ કરવું? અને માર્ચ મહિનાનો પુરવઠો પણ આપવાનો બાકી હોય તો ગ્રાહકોને શું જવાબ આપવા જેના કારણે ગ્રાહકો સાથે માથાકૂટ કરવી પડતી હોય છે તો આ બાબતે વહેલી તકે તંત્ર નિર્ણય લે તેવી માંગ કરી હતી. જ્યારે આ મુદ્દે મહુવા મામલતદારે જણાવ્યું હતું કે, રેશનકાર્ડ ગાંધીનગરથી બ્લોક થયાં છે અને પ્રશ્નનું નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે.

# ભાવનગરથી બાન્દ્રા વચ્ચે હોળી સ્પેશ્યલ ટ્રેન દોડાવાશે

ભાવનગર | આગામી હોળી પર્વને લઇ વિશેષ ભાડા પર રેલ તંત્ર દ્વારા ભાવનગર-બાન્દ્રા વચ્ચે સુપરફાસ્ટ સ્પે. ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. તા.૨૩મીએ સાંજે ૭ કલાકે ભાવનગરથી ઉપડશે તો તા.૨૪મીના રોજ સવારે ૧૧.૧૫ કલાકે ભાવનગર જવા ઉપડશે.

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ ભાવનગર ટર્મિનસ અને બાન્દ્રા ટર્મિનસ વચ્ચે વિશેષ ભાડા પર હોળી સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર માશૂક અહમદના જણાવ્યા અનુસાર ટ્રેન નં.૦૯૨૧૦ ભાવનગર-બાન્દ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ભાવનગર ટર્મિનસથી ૨૩ માર્ચને શનિવારના રોજ રાત્રે ૭ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૯.૦૫ કલાકે બાન્દ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નં.૦૯૨૦૯ બાન્દ્રા ટર્મિનસ-ભાવનગર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન બાન્દ્રા ટર્મિનસથી ૨૪ માર્ચને રવિવારના રોજ સવારે ૧૧.૧૫ વાગ્યે ઉપડશે અને ભાવનગર ટર્મિનસ રાત્રે ૧૨.૩૦ વાગ્યે પહોંચશે. આ ટ્રેન બન્ને દિશામાં ભાવનગર પરા, સિહોર, સોનગઢ, ધોળા, બોટાદ, સુરેન્દ્રનગર ગેટ, અમદાવાદ, નડિયાદ, વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે. જેનું ટિકિટ બુકિંગ ૧૬-૩ને શનિવારથી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને આઇ.આર.સી.ટી.સી. વેબસાઇટ પર ખુલશે. તેમ તેમણે જણાવ્યું છે.

**40 પાર્ષદના નામ મતદાર યાદીમાં ખોટી રીતે ઉમેર્યા હોવાની રાવ**

# ગઢડા ગોપીનાથજી મંદિર ટ્રસ્ટની ચૂંટણી પૂર્વે જ વાદ વિવાદ, હાઇકોર્ટમાં અરજી



ગઢડા | ગઢડા (સ્વામીના)ના ગોપીનાથજી દેવ મંદિર ટ્રસ્ટની ચૂંટણી પૂર્વે વાદ વિવાદનો મધપૂડો છંછેડાયો છે. મતદાર યાદીમાં ખોટી રીતે નામો ઉમેરવાથી લઈ ઘણાં ગામોના નામ જ લેવામાં આવ્યા ન હોવાની રાવ સાથે હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે.

ગઢડા ટેમ્પલ ટ્રસ્ટના પાંચ વર્ષ પૂર્ણ થતા આ વર્ષે ચૂંટણી યોજાવાની છે. જે ચૂંટણીમાં વર્તમાન ટેમ્પલ કમિટીએ સિટી સિવિલ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ બી.જે.ગણાત્રાની ઈલેકશન ઓફિસર તરીકે નિયુક્તિ કરીને ચૂંટણી કાર્યવાહી આગળ શરૂ કરતા હાઈકોર્ટમાં પેન્ડિંગ એસ.સી.એ. ૭૮૯/૨૦૨૪ ના કામે તારીખ ૧૨-૩-૨૦૨૪ ના રોજ કોર્ટ દ્વારા હુકમ પસાર કરવામાં આવેલ છે. આ બાબતે અરજદાર મૌલિક ભગત વિગેરે તરફથી એડવોકેટ એચ.એમ. પરીખ દ્વારા કરવામાં આવેલી એપ્લિકેશનમાં એવી રજૂઆત કરાઈ છે કે, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના હુકમ મુજબ હાઈકોર્ટના નિવૃત્ત જજને ઈલેક્શન ઓફિસર નિયુક્ત કરવા માટેની નોટિસ ઈસ્યુ કરવામાં આવી છે. તેમજ પક્ષકારોને ત્રણ નિવૃત્ત જજોના નામ તા.૧૯-૩-૨૦૨૪ના રોજ કોર્ટમાં આપવા માટે હુકમમાં જણાવવામાં આવેલ છે.

આ સિવિલ એપ્લીકેશનમાં અરજદાર તરફથી એવી તકરાર પણ ઉઠાવવામાં આવી છે કે, ગોપીનાથજી દેવ મંદિર ટ્રસ્ટની ચૂંટણીની કાર્યવાહી ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત જજે કરવાની હોય છે. જેની નિયુક્તિ કરવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં ટ્રસ્ટ દ્વારા નિવૃત્ત સિટી સિવિલ કોર્ટના જજને ઈલેક્શન ઓફિસર તરીકે નિયુક્ત કરી પ્રાથમિક મતદાર યાદી જાહેર કરી તેની સામે વાંધા મંગાવવામા આવેલ છે. તેમજ પ્રાથમિક મતદાર યાદી સામે મોટી સંખ્યામાં વાંધાઓ લેવામાં આવેલ છે. ઉપરાંત ૧૬ હજાર લોકોનો ધર્માદો વર્તમાન બોર્ડનો વહીવટકર્તા દ્વારા સ્વીકારવામાં આવ્યો નથી. જે ગામમાં સત્સંગી નથી, તેમના નામો મતદાર યાદીમાં દાખલ કરાયા છે. તેમજ જે ગામમાં ૨૦૦ વર્ષથી સત્સંગ ચાલે છે, તેવા ગામોના નામ જ નોંધવામાં આવ્યા નથી.આ સિવાય પાર્ષદ વિભાગમાં ૪૦ પાર્ષદના નામ ખોટી રીતે ઉમેરવામાં આવેલ છે. આ મતદાર યાદી સામે જે પણ હરિભક્તોએ ટ્રસ્ટ કે ટ્રસ્ટીઓ પાસે પૈસા જમા કરાવ્યા છે. તેમના મતદાર યાદીમાં નામનો સમાવેશ કરાયો નથી. જેના કારણે મતદાર યાદી નિયમાનુસાર બનાવવામાં આવી ન હોવાના આક્ષેપો સી.એ.માં લેવામાં આવ્યા છે.

**બોટાદના કુંભારા નજીક બોલેરો પલટી જતા પિતા-પુત્રીના મોત |** ભાવનગર : મધ્યપ્રદેશનો પરિવાર હોળી-ધૂળેટીનો પર્વ ઉજવવા પોતાના વતન જઈ રહ્યો હતો. ત્યારે વીછિંયાથી પાળિયાદ તરફ કુંભારા ગામ નજીક પહોંચતા બોલેરો પીકઅપ વાનના પલટી જતા સાત વર્ષની માસૂમ બાળકી અને એક યુવાનનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત થયું હતું. આ ગમખ્વાર અકસ્માતની ઘટનામાં નવ જેટલા મુસાફરને ઈજા થતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની જાણવા મળતી વિગત મુજબ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના આંબુવા તાલુકાના અગોની ચોકીદાર ફળિયા ગામે રહેતા કૈલાસભાઈ ગજરીયાભાઈ વાસ્કલા (બઘેલ) (ઉ.વ.૪૦), તેમના સુડકીબેન, દાદાના દિકરાભાઈ લાલસિંહ અલસિંહ, તેઓના પત્ની સુમીબેન, તેના બાળકો તથા કલમાભાઇ અલસિંહ, લીલાબેન કલમાભાઇ, તેના બાળકો, મુકેશભાઈ રૂપસિંહ, તેમના પત્ની દયાબેન, તેના બાળકો, ભેરૂસિંહ વાલસિંહ, મનીષાબેન વેસ્તાભાઇ સહિતના સગા-સબંધીઓ પોતાના વતન ખાતે હોળી-ધૂળેટીનો તહેવાર ઉજવવા માટે ગઈકાલ તા.૧૪-૩ને ગુરૂવારે સાંજના સમયે બોલેરો પીકઅપ નંબર એમ.પી.૦૯.જીજી.૧૦૦૬માં ઘરવખરીનો સરસામાન, ત્રણ મોટરસાઇકલ ભરીને વતન જવા નીકળ્યા હતા.

**નડિયાદ એક્સપ્રેસવે ટોલનાકા પરથી 1.82 લાખનો દારૂ ભરેલી કાર ઝડપાઇ |** નડિયાદ : અમદાવાદ- વડોદરા એક્સપ્રેસ હાઇવે નડિયાદ ટોલનાકા પરથી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે મધરાત્રે વડોદરા તરફ વિદેશી દારૂ ભરીને જતી કારને ચાલક અને ક્લિનર સહિત ઝડપી પાડી હતી. પોલીસે રૂા. ૧.૮૨ લાખના વિદેશી દારૂની ૧,૮૧૬ બોટલોના જથ્થા સાથે કુલ રૂ.૧૧,૮૭,૫૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ પેટ્રોલિયમમાં નીકળી હતી. દરમિયાન કપડવંજ તરફથી સફેદ કાર વિદેશી દારૂ ભરી અમદાવાદ- વડોદરા એક્સપ્રેસ હાઈવેના નડિયાદ ટોલનાકા પર થઈ વડોદરા તરફ જવાની હતી. ત્યારે પોલીસે નડિયાદ ટોલનાકા પર કારને ઉભી રખાવી કારચાલક તેમજ ક્લીનરની અટકાયત કરી પૂછપરછ કરતા માંગીરામ ઉર્ફે માંગીલાલ હનુમાન ચૌધરી જાટ ડ્રાઇવર રહે. બાડમેર રાજસ્થાન અને ક્લિનર વિનોદ જગદીશભાઈ ગુજ્જર રહે. તારાવત, જી. ઉદયપુર રાજસ્થાનવાળા હોવાનું જણાવ્યું હતું.

**'ખંડહર બતા રહે હૈ, ઈમારત કિતની બુલંદ થી'**

**ઐતિહાસિક અને સ્થાપત્ય કળાનો વારસો ધરાવતી ઈમારતોનો રિનોવેશન કરાય તો પ્રવાસન ક્ષેત્રે વેગ મળે**



# ભુજમાં બ્રિટીશ શૈલીના સ્થાપત્યનો બેજોડ નમૂનો ખંડેર હાલતમાં

ભુજ | કચ્છમાં વર્ષ ૨૦૦૧ માં આવેલા ગોઝારા ભુકંપે તારાજી સર્જી હતી. અને જનજીવન પણ ખોરવાયું હતું. ભુજમાં આવેલી ઐતિહાસીક કલાત્મક વારસો ધરાવતી અનેક ઈમારતો પણ ભુકંપનો ભોગ બની હતી. કચ્છના પાટનગર ભુજમાં અનેક ઐતિહાસીક ઈમારતો આવેલી છે. ભુકંપ પહેલા સોહામણી ભાસતી ઈમારતો અત્યારે બિહામણી ભાસી રહી છે. તંત્ર દ્વારા આવી ઈમારતોની જાળવણીનો અભાવ ઉડીને આંખે વળગે તેવો છે.કચ્છના મહારાઓ ખેંગારજી ત્રીજાએ તેમનો મોટાભાગનો સમય ઈંગ્લેન્ડમાં વિતાવ્યો હતો. ત્યારબાદ પણ તેમણ વર્લ્ડ ટુર ચાલુ રાખી હતી. તેમની વિદેશ યાત્રા દરમ્યાન તેઓ ફ્રાન્સ, સ્કોટલેન્ડ, જર્મન, ઈટલી, ઓસ્ટ્રેલીયા અને રશીયા જેવા દેશોની મુલાકાત લીધી હતી. તેમના આ જ્યુબિલી પ્રસંગને યાદગાર બનાવવા માટે ભુજ ખાતે બ્રિટીશ શૈલી મુજબ જ્યુબેલી હોસ્પીટલનું નિર્માણ શરૂ કરાવ્યું હતું.

કચ્છના મહારાઓ ખેંગારજી ત્રીજાના શાસનકાળ દરમ્યાન ઈંગ્લેન્ડના મહારાણીનું રાજ્યાભિષેકનો પ્રસંગ ઉજવાયું હતું. જેને અનુલક્ષીને ભારતમાં પણ ઉત્સવો ઉજવાયા હતા. આ સમયે ભુજના કોનોટ નામના બ્રિટીશ અધિકારીના હસ્તે આ જ્યુબેલી હોસ્પિટલની પાયાવિધી કરવામાં આવી હતી. બ્રિટીશ શૈલી મુજબના બાંધકામને કારણે આ ઈમારત અલગ પડતી હતી. જ્યુબેલી હોસ્પિટલના નિર્માણ બાદ શહેરના નાગરીકો માટે આરોગ્યપ્રદ સાબિત થઈ હતી. શહેરના કોટ વિસ્તાર અંદર બાંધવામાં આવેલી હોવાના કારણે નાગરીકો સહેલાઈ થી સારવાર લેવા પહોંચી જતા હતા.વર્ષ-૨૦૦૧ માં આવેલા ગોઝારા ભુકંપે સમગ્ર કચ્છમાં તારાજી સર્જી હતી. જેમાં ઐતિહાસીક ઈમારતોનો પણ ભોગ લેવાયો હોય તેમ તેને પણ વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું હતું. ભુકંપ બાદ અનેક વાસાહતો અને મકાનો બનાવવામાં આવ્યા. પરંતુ ઐતીહાસીક સૃથાપત્ય ધરાવતી બેજોડ નમુનેદાર ઈમારતોની જાણે તંત્ર દ્વારા અનદેખી કરવામાં આવી હોય તેમ અત્યારે આ ઈમારાત ભેંકાર ભાસી રહી છે.ભુજમાં આવેલા ભુકંપ બાદ ઐતિહાસીક કિલ્લાના ગેટ જેવા કે, ભીડ નાકું, સરપટ નાકું, મહાદેવ ગેટ, પાટવાડી નાકું જેવા રીનોવેશન કરાયા પણ ઈમારતોની અનદેખી કરવામાં આવી હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે.પ્રવાસન ઉદ્યોગની વાત કરીએ તો, કચ્છના પાટનગર ભુજ ખાતે દેશ-વિદેશાથી સહેલાણીઓ આવે છે. જેઓને આવી કલાત્મક અને ઐતિહાસીક ઈમારતો વિશે જાણવામાં અને તેને નિહાળવામાં વધુ રસ હોય છે. ભુજમાં આવેલી આવી કલાત્મક ઈમારતોને રીનોવેશન કરી પુનઃજીવીત કરાય તો ભુજમાં આવતા પ્રવાસીઓ થોડા વધુ દિવસો ભુજમાં રોકાણ કરે. અને સૃથાનિકે આવતા અને રોકાણ કરતા પ્રવાસીઓ થકી ધંધા રોજગાર પણ વાધે.કચ્છના પાટનગર ભુજમાં હેરીટેજ સર્કિટ બનાવી શકાય તેટલી શિલ્પ સૃથાપત્યો ધરાવતી ઐતિહાસીક ઈમારતો અને સ્મારકો આવેલા છે. જે ગોજારા ભુકંપ બાદ તંત્રની ઉપેક્ષા વચ્ચે પોતાનો જાજરમાન અસ્તીત્વ ટકાવી રાખવા ઝઝુમી રહ્યા છે.

**ઘર આગળથી જવા બાબતે બોલાચાલી થઇ હતી**


# ગળતેશ્વર તાલુકાના પડાલ ગામે જુથ અથડામણ, પથ્થરમારો થયો




સેવાલિયા | ગળતેશ્વર તાલુકાના પડાલ ખાતે ગતરોજ ઘર આગળ રસ્તા ઉપરથી ન જવા બાબતે ઠપકો આપતા થયેલી બોલાચાલીએ મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું. પડાલ ખાતે મલેક અને શેખ કોમના વ્યક્તિઓ સામસામે આવી જતા પથ્થરમારો થયો હતો.

સેવાલિયા પોલીસ મથકે યાસીન મિયા અબ્દુલગની મિયા મલેક દ્વારા પોલીસ મથકે ફરિયાદ કરતા સેવાલિયા પોલીસે ગફુરમીયા ઈબ્રાહીમ મિયા શેખ તથા સાદત ભાઈ મહંમદ ભાઈ શેખ સામે ફરિયાદ લખાવી હતી. યાસીન મિયા દ્વારા કુલ ૧૯ ઈસમો વિરુદ્ધ ફરિયાદ કરતા પોલીસે ગુનો દાખલ કરી ને વધુ તપાસ હાથ ધરી છે .સેવાલિયા પોલીસ દ્વારા બન્ને પક્ષે ફરિયાદ નોંધીને રાયોટિંગનો ગુનો દાખલ કરી બન્ને પક્ષે ફરિયાદ નોંધી હતી .યાસીન મિયા મલેકે ફરિયાદ જણાવ્યું કે બાજુના ફળિયામાં રહેતા ઝહીર ભાઈનો દીકરો રાજા આજથી પંદર દિવસ પહેલા અમારા ઘર આગળથી આવતા અમે ઠપકો કર્યો હતો. જેથી ઝહિરભાઈ ગફુરભાઈ શેખ સાથે બોલાચાલી થતા મામલો બીચકયો હતો અને સામસામે આવી જતા ઝઘડા નું મોટું રૂપ ધારણ કર્યું હતું.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
ધનની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો। આજે તમે તમારા પરિવારમાં શાંતિદૂતનું કામ કરશો.




**વૃષભ (બ,વ,ઉ)**
વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો.




**મિથુન (ક,છ,ઘ)**
તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.




**કર્ક (ડ,હ)**
કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. આજના દિવસે લાભ થવાની શક્યતા છે. દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો.




**સિંહ (મ,ટ)**
શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો.




**કન્યા (પ,ઠ,ણ)**
માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. આ રાશિના વેપારીઓને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે.




**તુલા (ર,ત)**
તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર તાણ બિનજરૂરી રીતે આવી શકે છે.




**વૃશ્ચિક (ન,ય)**
પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશો નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે. તમારા કાર્ય અને પ્રાથમિકતાઓ પર ધ્યાન આપો.




**ધન (ભ,ધ,ફ)**
જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી.



**મકર (ખ,જ)**
આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે.



**કુંભ (ગ,શ,સ)**
તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય.



**મીન (દ,ચ,ઝ,થ)**
તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે.

### રશિયા ખાતેથી ક્રુડ તેલની આયાત જળવાઈ રહેશે

# ચૂંટણી અને રવી પાકની લણણીને પરિણામે ડીઝલ માટેની માંગ વધશે




મુંબઈ | દેશમાં એકતરફ લોકસભાની ચૂંટણી અને સાથોસાથ રવી મોસમના પાકની લણણીની કામગીરીને પરિણામે એપ્રિલ-જૂનના ગાળામાં ડીઝલ માટેની માગમાં પ્રતિ દિન ૭૫૦૦૦ બેરલ્સ જેટલો વધારો થવાની અપેક્ષા છે. ૨૦૨૪ના પ્રથમ ત્રિમાસિકમાં ડીઝલ માગમાં ૬૦,૦૦૦ બેરલ્સનો વધારો થયો છે એમ એક રિપોર્ટમાં જણાવાયું છે. એસએન્ડપી ગ્લોબલ કોમોડિટી ઈનસાઈટસના એક રિપોર્ટ પ્રમાણે ફેબુરઆરીમાં ઓઈલ પ્રોડકટસની પ્રતિ દિન માગમાં ૧.૩૨ લાખ બેરલ્સનો વધારો થયો છે જે ગયા વર્ષના ફેબુરઆરીની સરખામણીએ ૨.૪૦ ટકા વધુ છે. ઉત્તર ભારતમાં ઠંડીનું જોર વધતા એલપીજી તથા ડીઝલ માટેની માગમાં ફેબુરઆરીમાં વાર્ષિક ધોરણે સૌથી વધુ વધારો થયો છે. હેરફેર વધવાને કારણે પણ ડીઝલના વપરાશમાં વૃદ્ધિ જોવા મળી છે. ફેબુરઆરીમાં ડીઝલના વપરાશમાં વાર્ષિક ધોરણે ૨.૬૦ ટકા વધારો થયો છે. ઠંડીનું જોર ઘટતા ઔદ્યોગિક તથા બાંધકામ ક્ષેત્રે પ્રવૃત્તિમાં વધારો થયો હતો જેને પરિણામે પણ ગેસોલિનના વપરાશમાં વધારો થયાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.આવી રહેલી લોકસભાની ચૂંટણીના સમયમાં ચૂંટણી સંબંધિત કામગીરી માટે વાહનોની હેરફેર વધવા સાથે ડીઝલના વપરાશમાં વધારો જોવા મળશે. ૨૦૨૪માં ભારતની ઓઈલની માગમાં પ્રતિ દિન ૨૦૬૦૦૦ બેરલ્સનો વધારો થવાની ધારણાં મૂકવામાં આવી છે. દરમિયાન અન્ય એક અહેવાલ પ્રમાણે રશિયાના ઓઈલ પરના ડિસ્કાઉન્ટમાં ઘટાડો અને પ્રતિબંધોમાં વધારો છતાં રશિયા ખાતેથી ભારતની ક્રુડ તેલની આયાત વોલ્યુમ જુલાઈ સુધી સ્થિર રહેવાની શકયતા છે.રશિયાના ક્રુડ ઓઈલ માટે ઊંચી માગ છે અને ભારતની ઓઈલ રિફાઈનરીઓ આયાતમાં ઘટાડો કરે તેવી શકયતા હાલમાં જણાતી નથી. આ પાછળનું કારણ પણ લોકસભાની ચૂંટણી માનવામાં આવે છે.

# એકધારી તેજી બાદ બિટકોઈનમાં બોલી ગયેલો 7000 ડોલરનો કડાકો

મુંબઈ | એકધારી તેજી બાદ મુખ્ય ક્રિપ્ટોકરન્સીઝ બિટકોઈનમાં છેલ્લા ચોવીસ કલાકમાં મોટો ધબડકો બોલાઈ ગયો હતો અને ઓલટાઈમ હાઈથી ભાવમાં ૭૦૦૦ ડોલરથી વધુ નીકળી ગયા હતા. છેલ્લા ચોવીસ કલાકમાં બિટકોઈન ઈટીએફ ઈન્ફલોઝમાં ૮૦ ટકા ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા ચોવીસ કલાકમાં બિટકોઈન નીચામાં ૬૫૭૫૦ ડોલર તથા ઉપરમાં ૭૩૦૬૧ ડોલર જોવાયો હતો. અમેરિકામાં ફુગાવો અપેક્ષા કરતા ઊંચો આવતા ફેડરલ રિઝર્વ વ્યાજ દરમાં કયારે ઘટાડો શરૂ કરશે તેને લઈને અનિશ્ચિતતા ઊભી થવા ઉપરાંત ઊંચા ભાવે પ્રોફિટ બુકિંગને પરિણામે બિટકોઈનના ભાવમાં કડાકો બોલાઈ ગયો હતો. ઊંચા વ્યાજ દર લાંબો સમય સુધી ચાલુ રહેવાની ગણતરી મૂકવામાં આવી રહી છે. બિટકોઈન મોડી સાંજે ૬૬૭૦૦ ડોલર મુકાતો હતો જ્યારે અન્ય મુખ્ય ક્રિપ્ટો એથરમ પણ ગબડીને ૩૬૦૦ ડોલર બોલાતો હતો. ક્રિપ્ટોકરન્સીઝની માર્કેટ કેપ ઘટી ૨.૬૦ ટ્રિલિયન ડોલર પર આવી ગઈ હતી. આજના ઘટાડા પછી પણ ૨૦૨૪માં બિટકોઈનમાં રોકાણકારોને અત્યારસુધીમાં ૬૦ ટકાનું વળતર છૂટી રહ્યું છે. બિટકોઈન સ્પોટ ઈટીએફસને જાન્યુઆરીમાં મંજુરી મળી ગયા બાદ બિટકોઈનના ભાવમાં ઝડપી ઉછાળો આવ્યો હતો તે પ્રમાણે જ ભાવમાં મોટું કરેકશન આવ્યાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું. ઈટીએફ માગને કારણે બિટકોઈનના ભાવ



વર્તમાન સપ્તાહમાં ૭૩૦૦૦ ડોલરની સપાટી કુદાવીને ઓલટાઈમ હાઈ જોવા મળ્યા હતા. ૨૦૨૩માં સતત દબાણ હેઠળ રહ્યા બાદ ૨૦૨૪માં બિટકોઈમાં મોટી ઊથલપાથલ જોવા મળી રહી છે. વર્તમાન વર્ષના પ્રારંભમાં ઈટીએફને મંજુરી મળી ગયા બાદ બિટકોઈનમાં મોટા ખેલાડીઓની પ્રારંભમાં લેવાલી નીકળી હતી.

**ભાવમાં મોટી અફરાતફરી ; ધબડકા છતાં પણ 2024માં રોકાણકારોને 60 ટકા વળતર છૂટી રહ્યું છે**

## શેરબજારમાં ટ્રેડિંગ સરળ બનશે, સેબીએ પ્રક્રિયા સરળ બનાવતા પગલાંને મંજૂરી આપી

મુંબઈ | રેગ્યુલેટર સેબીએ શુક્રવારે શેરબજારમાં ટ્રેડિંગને વધુ સારું અને સરળ બનાવવા માટે અનેક પગલાંને મંજૂરી આપી છે. આમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) અને પ્રારંભિક શેર વેચાણ દ્વારા ભંડોળ ઊભું કરવા માગતી સંસ્થાઓને મુક્તિ આપવાનો સમાવેશ થાય છે. સેબી બોર્ડે શુક્રવારે તેની બેઠક દરમિયાન દરખાસ્તોને મંજૂરી આપી હતી. અન્ય બાબતોની સાથે નિયમનકારે ઈક્વિટી શેરના રાઈટ્સ ઈશ્યૂમાં એક ટકા સિક્યોરિટી ડિપોઝિટની જરૂરિયાતને માફ કરવાનો નિર્ણય લીધો છે અને ભૌતિક પરિવર્તનોને કારણે ઓફરની અંતિમ તારીખ લંબાવવામાં રાહત પૂરી પાડી છે સેબીએ એક પ્રકાશનમાં જણાવ્યું હતું.તમને જણાવી દઈએ કે બોર્ડના આ પગલાં IPO માટે આવનારી કંપનીઓ અને ફંડ એકત્ર કરવા માટે બિઝનેસ કરવાની સરળતા આપવાનો પ્રયાસ છે. આ ઉપરાંત, બોર્ડે FPIs દ્વારા ભૌતિક ફેરફારોની જાહેરાત માટે સમયરેખામાં છૂટછાટને પણ મંજૂરી આપી છે. હિસ્સેદારોના પ્રતિસાદને ધ્યાનમાં લેતા બોર્ડે 25 શેરના મર્યાદિત સેટ અને બ્રોકરોના મર્યાદિત સમૂહ સાથે વૈકલ્પિક T+0 સેટલમેન્ટના બીટા વર્ઝનને લોન્ચ કરવાની મંજૂરી આપી હતી. રિલીઝમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે 'આના સમાંતરમાં, સેબી બીટા સંસ્કરણના વપરાશકર્તાઓ સહિત હિતધારકો સાથે વધુ પરામર્શ કરવાનું ચાલુ રાખશે.' વધુમાં, નિયમનકાર આ અમલીકરણની તારીખથી ત્રણ મહિના અને છ મહિનાના અંતે પ્રગતિની સમીક્ષા કરશે અને આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેશે.SEBI એ વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) માટે બિઝનેસ કરવાની સરળતામાં સુધારો કરવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ છૂટછાટોને પણ મંજૂરી આપી હતી.

# ફેબ્રુઆરીમાં 1.26 કરોડ ઘરેલું પેસેન્જરોએ હવાઈ મુસાફરી કરી

**ફ્લાઈટ રદ થતા 29,143 મુસાફરોને અસર થઈ ; એરટ્રાફિક 4.8 ટકા વધ્યો**

**એરલાઈન્સે વળતર અને સુવિધાઓ પેટે રૂ. 99.96 લાખ ખર્ચ્યાં**

અમદાવાદ | ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન દેશમાં ઘરેલુ રૂટ પર ૧૨૬.૪૮ લાખ લોકોએ હવાઈ મુસાફરી કરી હતી અને તેમાંથી ૧.૫૫ લાખથી વધુ મુસાફરો ફ્લાઈટના વિલંબથી પ્રભાવિત થયા હતા. શુક્રવારે જાહેર કરાયેલા અધિકૃત ડેટા અનુસાર સ્થાનિક હવાઈ ટ્રાફિક ફેબ્રુઆરીમાં વાષક ધોરણે ૪.૮ ટકા વધ્યો હતો.ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશને માસિક રિપોર્ટમાં જણાવ્યું કે ફેબ્રુઆરીમાં ૧.૨૬ કરોડ સ્થાનિક મુસાફરોએ હવાઈ મુસાફરી કરી હતી જ્યારે એક વર્ષ અગાઉ સમાન સમયગાળામાં આ આંકડો ૧.૨૧ કરોડ હતો. જોકે જાન્યુઆરી ૨૦૨૪ની સરખામણીમાં એર ટ્રાફિકમાં ઘટાડો થયો છે કારણકે જાન્યુઆરીમાં ઉતારૂઓની સંખ્યા



૧.૩૧ કરોડ હતી.

ફેબ્રુઆરીમાં એર ઈન્ડિયાનો બજાર હિસ્સો ફેબ્રુઆરીમાં ૧૨.૨ ટકાથી વધીને ૧૨.૮ ટકા થયો હતો, જ્યારે ઈન્ડિગોનો બજાર હિસ્સો જાન્યુઆરીમાં ૬૦.૨ ટકાથી નજીવો ઘટીને ૬૦.૧ ટકા થયો હતો. સ્પાઈસજેટનો સ્થાનિક બજાર હિસ્સો ૫.૬ ટકાથી ઘટીને ૫.૨ ટકા થયો જ્યારે વિસ્તારા અને અકાસા એર અનુક્રમે ૯.૯ ટકા અને ૪.૫ ટકા હિસ્સો જાળવી રાખવામાં સફળ રહ્યા હતા.ડેટા અનુસાર ફેબ્રુઆરીમાં એર ઈન્ડિયાનું ઓન-ટાઈમ પર્ફોર્મન્સ ૫૬.૪ ટકા હતું જ્યારે સ્પાઈસજેટનું ૫૯.૧ ટકા હતું. રેગ્યુલેટરે જણાવ્યું કે આ સાથે જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન વાર્ષિક ધોરણે ૪.૭૪ ટકા અને માસિક ધોરણે કુલ ૪.૮૦ ટકા વધારા સાથે કુલ ૨૪૬.૧૧ લાખની સાપેક્ષે કુલ ૨૫૭.૭૮ લાખ મુસાફરોએ સ્થાનિક એરલાઈન્સ દ્વારા મુસાફરી કરી હતી. ફ્લાઈટ રદ થવાથી ૨૯,૧૪૩ મુસાફરોને અસર થઈ હતી અને એરલાઈન્સે વળતર અને સુવિધાઓ તરીકે ૯૯.૯૬ લાખ રૂપિયા ખર્ચ્યાં હતા.

## સોનુ થયું સસ્તું, જો તમે લેવાનું વિચારો છો તો લઈ લો, આવી રીતે પ્લાનિંગ કરશો તો મળશે વધારે ફાયદો

નવી દિલ્હી | 22 કેરેટ સોનાના 10 ગ્રામના ભાવ 60,640 રૂપિયા છે, જ્યારે 24 કેરેટ સોનાના ભાવ 66,150 રૂપિયા છે. મુંબઈમાં 22 કેરેટ સોનાના ભાવ 60,590 રૂપિયા અને 24 કેરેટ સોનાના ભાવ 66,100 રૂપિયા છે. દિલ્હીમાં 24 કેરેટ સોનાના ભાવ 66,250 રૂપિયા છે.સોનું ખરીદવાનો પ્લાન બનાવી રહેલા રોકાણકારો માટે સારા સમાચાર છે. સોનું ઓલ ટાઈમ હાઈ લેવલથી નીચે આવ્યું છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ MCX પર સોનાના ભાવમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું જે વૈશ્વિક મુખ્ય ચલણો સામે યુએસ ડોલર વધવાને કારણે 66,356 રૂપિયા પ્રતિ 10 ગ્રામની નવી ઓલ ટાઈમ હાઈને સ્પર્શે છે.MCX પર એપ્રિલ 2024 માટે સોનાના ફ્યુચર્સ કોન્ટ્રેક્ટની એક્સપાયરી ગયા સપ્તાહે શુક્રવારે 65,545 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર સમાપ્ત થઈ હતી, જે નવી ઊંચાઈથી



800 રૂપિયાથી વધારે ઘટી હતી. કોમોડિટી બજારના નિષ્ણાતોના મતે સોનામાં આ ઘટાડો માત્ર પ્રોફિટ બુકિંગ છે, જે યુએસ ડોલરના ઉછાળા પછી શરૂ થયો છે.યુએસ ડોલરને અપેક્ષિત યુએસ CPI ડેટા અને PPI રેટ કરતાં વધારે ટેકો મળ્યો છે. જેના કારણે આવું બન્યું છે. તેમણે જણાવ્યું હતું કે MCX પર આજે સોનાના ભાવ 64,300 રૂપિયા થી 66,000 રૂપિયાની વચ્ચે છે. આ રેન્જની બંને બાજુએ તૂટવાને તેજી અથવા મંદીનું વલણ ગણી શકાય.તેમણે સોનાના રોકાણકારોને વર્તમાન ભાવથી 2 ટકાથી 3 ટકાના ઘટાડા માટે ખરીદવાની વ્યૂહરચના જાળવી રાખવાની સલાહ આપી છે.

**કેન્દ્રએ LICના 1 લાખથી વધુ કર્મચારીઓના મૂળ પગારમાં 17% વધારા**

# LIC કર્મચારીઓને મોદી સરકારની મોટી ભેટ, DA બાદ હવે સેલેરીમાં 17% વધારો

નવી દિલ્હી | LICના કર્મચારીઓને મોદી સરકારે હોળી પર્વની ભેટ આપી છે. કેન્દ્રએ LICના 1 લાખથી વધુ કર્મચારીઓના મૂળ પગારમાં 17% વધારો કર્યો છે. પગાર વધારો ઓગસ્ટ 2022 થી લાગુ થશે અને ભથ્થાઓ સહિત, પગાર વધારો 22 ટકા સુધીનો રહેશે. કર્મચારીઓ માટે વળી પાછા સારા સમાચાર છે. મોદી સરકારે LIC કર્મચારીઓના ઓવરઓલ પગારમાં 17 ટકાના વધારાને મંજૂરી આપી દીધી છે. તેનાથી લગભગ એક લાખ કર્મચારીઓ અને 30,000 પેન્શનર્સને સીધો ફાયદો થશે. રિપોર્ટ મુજબ આ વધારો ઓગસ્ટ 2022થી લાગૂ ગણાશે. આ વધારાથી કંપની પર વાર્ષિક 4000 કરોડ રૂપિયાનો બોજો પડશે. 15 માર્ચના રોજ બીએસઈ પર એલઆઈસીના શેર 3.4 ટકા ગગડીને 926 પર બંધ થયા હતા. LICએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ નિર્ણયની જાણકારી આપતા જણાવ્યું કે કેન્દ્ર સરકારે એક ઓગસ્ટ 2022થી 1.10 લાખ કર્મચારીઓ માટે 17 ટકા પગાર વધારા પર મંજૂરી આપી દીધી છે.






આ વધારા સાથે જ એલઆઈસીના કર્મચારીઓને બે વર્ષના પગારનું એરિયર પણ મળશે. એલઆઈસીના કર્મચારીઓના પગાર વધારાના નિર્ણયથી વાર્ષિક 4000 કરોડનો નાણાકીય બોજો પડશે. આ સાથે જ એલઆઈસીનો પગારનો ખર્ચો પણ વધીને 29000 કરોડ રૂપિયા થવાનો અંદાજ છે. કેન્દ્ર સરકારે એલઆઈસીના કર્મચારીઓ માટે એનપીએસ એટલે કે નેશનલ પેન્શન સિસ્ટમમાં યોગદાનને 10 ટકાથી વધારીને 14 ટકા કરી દીધુ છે જેનાથી એવા 24000 કર્મચારીઓને મોટો ફાયદો થશે જેમણે 1 એપ્રિલ 2010ની આજુબાજુ જોઈન કર્યું છે.

# કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીએ ઇન્ડિયન ઓઇલનું ઓટોમોટિવ ઈંધણ ઇથેનોલ 100 લોન્ચ કર્યું

નવી દિલ્હી | પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ તેમજ આવાસ અને શહેરી બાબતોના કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ ઈન્ડિયન ઓઈલ રિટેલ આઉટલેટ M/s ઈરવીન રોડ સર્વિસ સ્ટેશન, નવી દિલ્હી ખાતે આજે ક્રાંતિકારી ઓટોમોટિવ ઈંધણ, 'ETHANOL 100' લોન્ચ કર્યું હતું. મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, નવી દિલ્હી અને તમિલનાડુ એમ પાંચ રાજ્યોમાં ગ્રાહકો ઈન્ડિયન ઓઈલના પસંદગીના 183 રિટેલ આઉટલેટ્સ પર ઈથેનોલ 100નો લાભ લઈ શકશે. શ્રી પંકજ જૈન, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સચિવ, શ્રીકાંત માધવ વૈદ્ય, ચેરમેન તેમજ ઈન્ડિયન ઓઈલના વરિષ્ઠ અધિકારીઓ, અને મંત્રાલયના કાર્યકારી નિર્દેશકોએ પણ હાજર રહ્યા હતાં. આ પ્રસંગે બોલતા શ્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે ETHANOL 100 નું લોન્ચિંગ ભારતના માનનીય વડાપ્રધાનના અન્નદાતાને ઉર્જાદાતામાં પરિવર્તિત કરવાના વિઝનથી પ્રેરિત હતું. "ઈથેનોલ 100નું લોન્ચિંગ આયાત નિર્ભરતા ઘટાડવા, વિદેશી હૂંડિયામણ બચાવવા અને કૃષિ ક્ષેત્રને વેગ આપવા સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. માનનીય વડાપ્રધાને 2023માં E20 (20% ઈથેનોલ મિશ્રિત ઈંધણ) અંગેની જાહેરાત કરી ત્યારથી, E20 ઉપલબ્ધતા એક વર્ષમાં 12,000 આઉટલેટ્સ સુધી વધી છે અને હવે, ઈન્ડિયન ઓઈલના 183 આઉટલેટ્સ પર ETHANOL 100 ની રજૂઆત સાથે, અમે 2025-26 સુધીમાં 20% ઈથેનોલ સંમિશ્રણના લક્ષ્યને હાંસલ કરવાના લક્ષ્યાંકની નજીક છીએ. છેલ્લા 10 વર્ષો દરમિયાન આ ઈથેનોલ સંમિશ્રણ પહેલોએ ખેડૂતોની આવક અને ગ્રામીણ રોજગારમાં વધારો કર્યો છે. 1.75 કરોડ વૃક્ષો વાવવાની સમકક્ષ $CO_2$ ઉત્સર્જનમાં ઘટાડો કર્યો છે અને પરિણામે રૂ. 85,000 કરોડના વિદેશી હૂંડિયામણની બચત થઈ છે. આ પ્રસંગે, શ્રી જૈને જણાવ્યું હતું કે, "આ પહેલ ટકાઉ ટેક્નોલોજીને અપનાવવા તરફ નોંધપાત્ર ફેરફારને રેખાંકિત કરે છે, જે ઉત્પાદકોમાં ઈથેનોલ-આધારિત વાહનોમાં રોકાણ કરવા માટે વિશ્વાસ જગાવે છે. વૈકલ્પિક ઈંધણમાં ઉચ્ચ-વોલ્યુમ વાહનોનું સંક્રમણ એ અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. વધુમાં, અમારા મજબૂત ઈથેનોલ ઉદ્યોગ દ્વારા સમર્થિત ઈથેનોલનો સતત પુરવઠો તેની ઉપલબ્ધતા અંગેની ચિંતાઓને દૂર કરે છે. આ પગલું ડીકાર્બોનાઈઝેશન માટેની અમારી પ્રતિબદ્ધતાને પણ સમર્થન આપે છે. આ પહેલનું નેતૃત્વ કરવા બદલ હું ઈન્ડિયન ઓઈલને મારા અભિનંદન પાઠવું છું. તેમનું સમર્થન આપણા ઉર્જા લેન્ડસ્કેપમાં ઈથેનોલ અને ફ્લેક્સ ઈંધણની સ્થાયીતા દર્શાવે છે." આ પ્રસંગે ઈન્ડિયન ઓઈલના ચેરમેન શ્રી એસ.એમ. વૈદ્યએ હાઈલાઈટ કર્યું કે ઈથેનોલ 100 ઈંધણ ધરાવનાર વિશ્વના કેટલાક દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે, "સ્થાયીતા અને સ્વચ્છ ગતિશીલતા તરફ ભારતની યાત્રામાં આ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે". આજે આપણે ઈથેનોલની પુષ્કળ ઉપલબ્ધતાનો લાભ લેવા તૈયાર છીએ. ઈથેનોલ 100 એ ગેસોલિન માટે સ્વચ્છ, હરિયાળો વિકલ્પ છે, જે ગ્રીનહાઉસ વાયુઓ અને પ્રદૂષકોના ઓછા ઉત્સર્જનનું આકર્ષણ ધરાવે છે, આમ આબોહવા પરિવર્તન સામે લડવામાં અને આપણા સમુદાયોમાં હવાની ગુણવત્તા વધારવામાં મદદ કરે છે. તેના ઉચ્ચ-ઓક્ટેન રેટિંગ સાથે, સામાન્ય રીતે 100-105 ની વચ્ચે, ETHANOL100 ઉચ્ચ-પ્રદર્શન એન્જિનો માટે આદર્શ સાબિત થાય છે.




## ક્રિસિલે ઈનક્રેડ ફાઇનાન્સના લાંબા ગાળાના રેટિંગને કર્યું અપગ્રેડ, શું રહેશે સ્ટેટસ

નવી દિલ્હી | ભારતની અગ્રણી વૈવિધ્યસભર NBFCમાંની એક અને ગયા વર્ષે યુનિકોર્ન બનનારી, ઈનક્રેડ ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ (ઈનક્રેડ ફાઈનાન્સ)ને ઉજવણી કરવા માટે એક બીજું કારણ મળી ગયું છે. ક્રિસિલે ઈનક્રેડ ફાઈનાન્સ માટે લાંબા ગાળાના રેટિંગને અગાઉના રેટિંગને 'ક્રિસિલ એએ-/સ્ટેબલ' માં અપગ્રેડ કર્યું છે, જે પહેલા 'ક્રિસિલ એ+/ સ્ટેબલ' હતું. રેટિંગ્સમાં અપગ્રેડ થવું એ ઉચ્ચ કોટિના રોકાણકારોના આધાર દ્વારા સપોર્ટેડ કંપનીના મજબૂત મૂડીકરણને પ્રતિબિંબિત કરે છે, જે અર્નિંગ પ્રોફાઈલમાં સતત સુધારા સાથે જોડાયેલ છે. આ રેટિંગ્સ માટે ઈનક્રેડની અનુભવી નેતૃત્વ ટીમ અને વૈવિધ્યસભર લોન પોર્ટફોલિયોનું પરિબળ પણ જવાબદાર છે.ઈનક્રેડ ના સ્થાપક અને ગ્રુપ સીઈઓ ભૂપિન્દરસિંહે કહ્યું, રેટિંગ અપગ્રેડ એ સમગ્ર પેઢીમાં અમારી "રિસ્ક ફર્સ્ટ" નીતિનું સમર્થન છે. ઉત્પાદન અને તકનીકીમાં નવીનતા, સમગ્ર શ્રેણીમાં અગ્રિમ જોખમ એનાલિટિક્સ સાથે, અને ટેલેન્ટ પૂલ કે જે કોઈથી પાછળ નથી, તેણે અમારી વૃદ્ધિને આકાર આપવામાં અને અમને સ્પષ્ટ ધાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તે જોઈને મને ખૂબ ગર્વ અનુભવાય છે કે ભારત જેવા ઝડપથી વિકસતા અને સ્પર્ધાત્મક બજારમાં, ઈનક્રેડ ફાઈનાન્સે ગ્રાહક અને MSME ધિરાણમાં મજબૂત સ્થાન સ્થાપિત કર્યું છે.ઈનક્રેડ ફાઈનાન્સ કેપિટલાઈઝેશન મજબૂત રહી છે, જે 31મી માર્ચ, 2023ના રોજ રૂ. 2,484 કરોડની સામે 31 ડિસેમ્બર, 2023ના રોજ તેની રૂ. 3,218 કરોડની નેટ-વર્થમાં થયેલા વધારામાં પ્રતિબિંબિત થાય છે. નેટ-વર્થમાં થયેલા વધારાને કંપની દ્વારા ડિસેમ્બર 2023માં એકત્ર કરાયેલી રૂ. 500 કરોડની ઈક્વિટી મૂડી અને આ સમયગાળા દરમિયાન નફામાં વૃદ્ધિનો સપોર્ટ મળ્યો હતો.આ અપગ્રેડ ફર્મ દ્વારા નોંધવામાં આવેલી નોંધપાત્ર વૃદ્ધિના સહારે આવે છે, જે 132% (YoY ડિસે-23) ની 9M 2024 298 કરોડની PBT વૃદ્ધિ સાથે નફાકારકતામાં મોટો ઉછાળો દર્શાવે છે. ઈનક્રેડ ફાઈનાન્સની લોન બુક 31 માર્ચ, 2023ના રોજ (રૂ. 6,062 કરોડ)ની સરખામણીએ વધીને 31 ડિસેમ્બર, 2023 ના રોજ રૂ. 8,013 કરોડ થઈ હતી, 43% ની વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. ઈનક્રેડ ફાઈનાન્સે તેના બિઝનેસની આસપાસ ઉત્કૃષ્ટ અંડરરાઈટિંગ અને રિસ્ક એનાલિટિક્સ એન્જિન, એક મજબૂત અને સ્કેલેબલ ટેક ડિલિવરી પ્લેટફોર્મ અને વ્યાપક ઓન-ગ્રાઉન્ડ ગ્રાહક સપોર્ટ અને કલેક્શન ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ઊંડા ખાડાઓનું નિર્માણ કર્યું છે. કંપનીને દર મહિને ઝડપી વૃદ્ધિ અને સતત ધિરાણ ખર્ચ હોવાનું અનુમાન છે.

# Gautam Adani આપશે Jio ને ટક્કર ? ફ્રિ મળશે ડેટા ?

નવી દિલ્હી | મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી વિશે અનેક સમાચાર આવતા રહે છે. હવે એક નવા સમાચાર આવ્યા છે કે ગૌતમ અદાણી બહુ જલદી પોતાનું સિમ અને સ્માર્ટફોન લાવી શકે છે.

Gautam Adani આ દિવસોમાં ચર્ચામાં છે. મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી વિશે અનેક સમાચાર આવતા રહે છે. હવે એક નવા સમાચાર આવ્યા છે કે ગૌતમ અદાણી બહુ જલદી પોતાનું સિમ અને સ્માર્ટફોન લાવી શકે છે. આ અંગે લોકોના મનમાં ઘણી શંકાઓ છે. લોકો પણ પૂછી રહ્યા છે કે આ વાતમાં કેટલી સચ્ચાઇ છે ? આજે અમે તમને તેના વિશે માહિતી આપવા જઈ રહ્યા છીએ.

વાસ્તવમાં ગૌતમ અદાણી અને




Qualcomm CEO Cristiano Amon વચ્ચે બેઠક થઈ છે. Amon હમણાં જ ભારત આવ્યો છે. આવી સ્થિતિમાં તેઓ દેશના મોટા ઉદ્યોગપતિઓને મળી રહ્યા છે. આ ક્રમમાં તેઓ ગૌતમ અદાણીને મળ્યા છે. બેઠક બાદ તુરંત જ અલગ અલગ સમાચારો સામે આવી રહ્યા છે. એક મેસેજ વાયરલ થઈ રહ્યો છે કે જિયોને ટક્કર આપવા ગૌતમ અદાણી નવી ટેલિકોમ કંપની લોન્ચ કરવા જઈ રહ્યા છે. આ સાથે સ્માર્ટફોન પણ લોન્ચ કરવામાં આવશે.જો કે હજુ સુધી ગૌતમ અદાણી કે ક્વોલકોમ દ્વારા આ અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ બેઠક બાદ ગૌતમ અદાણીએ 'X' પર માહિતી શેર કરી છે. પરંતુ તેમાં ક્યાંય એવું નથી કહેવાયું કે ગૌતમ અદાણી પોતાની નવી કંપની લઈને આવી રહ્યા છે. આવી સ્થિતિમાં, આ સમાચાર સંપૂર્ણ અફવા સાબિત થાય છે, જેમાં કહેવામાં આવે છે કે ગૌતમ અદાણી તેમની કંપની લાવી રહ્યા છે.

ગૌતમ અદાણીએ સ્પેક્ટ્રમ ખરીદ્યું હતું - ગૌતમ અદાણીએ વર્ષ 2022માં યોજાયેલી સ્પેક્ટ્રમની હરાજી દરમિયાન કેટલાક 5G સ્પેક્ટ્રમ ખરીદ્યા હતા. આ સિવાય અદાણી દ્વારા અલગ અલગ જગ્યાએ ડેટા સેન્ટર બનાવવામાં આવી રહ્યા છે. ક્યુઅલકોમ ડિઝાઈનિંગ અને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગમાં એક મોટી ખેલાડી છે. ક્વાલકોમે 14 માર્ચે ચેન્નાઈમાં નવું ડિઝાઈન સેન્ટર સ્થાપવાની વાત પણ કરી હતી. આ જ કારણ છે કે આ અંગેના સમાચાર આવવા લાગ્યા છે.

## ગૌતમ અદાણીની કંપનીનો શેર 90 રૂપિયા નીચે સરક્યો, શેરબજારમાં ખળભળાટથી રોકાણકારો ચિંતાતુર બન્યા છે

નવી દિલ્હી | સેન્સેક્સ અને નિફ્ટી અડધા ટકાથી વધુ ઘટ્યા હતા. દરમિયાન અદાણી ગ્રૂપની સિમેન્ટ કંપની સાંઘી ઈન્ડસ્ટ્રીઝના શેરમાં પણ નુકસાની જોવા મળી હતી. ટ્રેડિંગ દરમિયાન શેરમાં 8 ટકાથી વધુનો ઘટાડો થયો હતો. ટ્રેડિંગના અંતે શેરનો ભાવ 7.19% ઘટીને રૂ. 89.05 થયો હતો.તાજેતરમાં સાંઘી ઈન્ડસ્ટ્રીઝના પ્રમોટર અંબુજા સિમેન્ટે કંપનીમાં તેના હિસ્સાનો એક ભાગ વેચવાનો પ્રસ્તાવ મૂક્યો છે. અંબુજા સિમેન્ટ્સ દ્વારા સંઘી ઈન્ડસ્ટ્રીઝના રૂપિયા 10ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સના પ્રસ્તાવિત વેચાણનો હેતુ લઘુત્તમ જાહેર શેરહોલ્ડિંગ હાંસલ કરવાનો છે.સાંઘી ઈન્ડસ્ટ્રીઝે BSE ફાઈલિંગમાં જણાવ્યું હતું કે, "કંપનીના પ્રમોટર અંબુજા સિમેન્ટે અમને લઘુત્તમ પબ્લિક શેરહોલ્ડિંગ ધોરણોનું પાલન કરવા સક્ષમ બનાવવા ઈક્વિટી શેર વેચવાના તેના ઈરાદા વિશે અમને જાણ કરી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, શ્રાવણ સુદ-08

# અમલનો પડકાર

લોકસભા, રાજ્ય વિધાનસભાઓ અને સ્થાનિક નિગમોની ચૂંટણીઓ દેશભરમાં એક સાથે કરાવવાની વ્યાવહારિકતા પર કોવિંદ સમિતિ દ્વારા રાષ્ટ્રપતિને પોતાનો રિપોર્ટ સોંપવાની સાથે જ ૧૯૮૩માં પહેલી વાર ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'નો વિચાર સાકાર થવાથી બસ થોડાં ડગલાં દૂર રહી ગયો છે. અસલમાં દેશમાં દર વર્ષે કેન્દ્ર, રાજ્ય કે સ્થાનિક સ્તરની કોઈને કોઈ ચૂંટણી થતી રહે છે, જેના માટે વારંવાર આચાર સંહિતા લાગુ થાય છે, વ્યવસ્થાઓ બનાવવી પડે છે, સરકારી ખર્ચ થાય છે અને વિકાસનાં કાર્યો પણ અટકી જાય છે. આ જ કારણ છે કે કેન્દ્ર સરકાર તેને જલદી લાગુ કરવાના પક્ષમાં છે. આ જ મતલબથી રચાયેલી કોવિંદ સમિતિની એ ભલામણ મહત્ત્વપૂર્ણ છે કે પહેલા ચરણમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની ચૂંટણી એક સાથે કરાવી શકાય છે અને ત્યારબાદ બીજા ચરણમાં ૧૦૦ દિવસની અંદર સ્થાનિક નિગમોની પણ ચૂંટણી કરાવી શકાય છે, પરંતુ એના પર અમલ કરવો એ પણ કોઈ પડકારથી ઓછું નથી. જોકે આશ્ચર્ય કે લગભગ ૧૮ હજાર પાનાંનો રિપોર્ટ વાંચ્યા વિના જ કેટલાય વિરોધ પક્ષો તેના વિરોધમાં ઉતરી પડ્યા છે. આ દરેક સુધાર વિરુદ્ધ આંખો મીંચીને ઊભા થઈ જવાની આદતનું જ ઉદાહરણ છે. એક સાથે ચૂંટણીના વિરોધમાં વિપક્ષના જે તર્ક છે તે ચવાઈ ગયેલા છે. તેમણે કમ સે કમ એવા તર્ક આપવા જોઈએ જેના પર કોઈ ધ્યાન આપે. એની સાથે જ તેમણે એક દેશ-એક ચૂંટણીથી થનારા ફાયદા પર પણ ધ્યાન આપવું જોઈએ. જોકે ચૂંટાયેલી સરકારોના કાર્યકાળોના સમય સમીકરણને સાધવા માટે સમિતિએ વિધાનસભાઓના કાર્યકાળ ઘટાડવા-વધારવાની વાત કરી છે, પરંતુ એક સાથે ચૂંટણીઓ કરાવવા માટે જરૂરી ઉપકરણો, લોકો અને સુરક્ષા દળોની વ્યવસ્થાઓની અગ્રીમ તૈયારી કરવી પડશે, જે આસાન નથી. જોકે ૧૯૫૧થી ૧૯૬૭ સુધી દેશમાં લોકસભા અને રાજ્યસભાઓની ચૂંટણીઓ એક સાથે જ થઈ હતી. ૧૯૬૮ અને ૧૯૬૯માં કેટલીક વિધાનસભાઓ સમય પહેલાં ભંગ થઈ જવાથી આ ક્રમ તૂટી ગયો હતો, પરંતુ એવું કોઈ કારણ નથી કે તેને ફરી શરૂ ન કરી શકાય. અસલમાં એક વિચાર તરીકે એક રાષ્ટ્ર, એક ચૂંટણી એક આદર્શ સ્થાપિત કરે છે, જેનાથી નીતિઓમાં દીર્ઘકાલીન નિયોજન કરતાં બહેતર નિરંતરતા સ્થાપિત કરી શકાશે. જોકે, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ જેવાં રાજ્ય તેને અવ્યાવહારિક, અલોકતાંત્રિક અને સંઘીય માળખાથી પ્રતિકૂળ ગણાવી રહ્યા છે, સાથે જ ઈવીએમ મશીનો પર થનારા તાત્કાલિક ખર્ચાને લઈને પણ સવાલ ઉઠી રહ્યા છે. પરંતુ ચૂંટણીઓમાં ઉમેદવાર જે ભારે ભરખમ રકમ ખર્ચ કરે છે, તેની તુલનામાં આ તો કશું જ નથી. માત્ર ૧૯૧ દિવસની અંદર કોવિંદ સમિતિ દ્વારા લગભગ ૧૮ હજાર પેજનો રિપોર્ટ તૈયાર કરવો, સરકારની આ મુદ્દાને લઈને પ્રતિબદ્ધતાને જ દર્શાવે છે. આશા છે કે આ ભલામણોનો સમ્યક અમલ પણ વ્યાવહારિક રૂપે સફળ થશે. શું એ સમયની માંગ નથી કે તમામ ચૂંટણીઓ માટે એક જ મતદાર યાદી હોય? એ યોગ્ય રહેશે કે કોવિંદ સમિતિના રિપોર્ટને નકારનારા પક્ષો નીર-ક્ષીર રીતે વિચાર કરે અને એ પણ જુએ કે ૩૨ પક્ષો એક સાથે ચૂંટણી કરાવવાના પક્ષમાં છે.

# લોકસભા ચૂંટણની તારીખ જાહેર થતાં જ આચાર સહિતા લાગુ.....

## રાજપીપળા પાલિકા તંત્ર દ્વારા બોર્ડ ઉતારવાની કામગીરી કરાઇ



ભરત શાહ, રાજપીપળા | લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત થતાં જ આચાર સહિતા લાગુ પડી અને રાજપીપળા નગર પાલિકાની ટિમો દ્વારા રાજકીય જાહેરાતો કે અન્ય લાગુ પડતા બોર્ડ , હોલ્ડિંગ્સ સહિતની સામગ્રી ઉતારી લેવામાં આવી હતી. જાહેર માર્ગો પર કે અન્ય જગ્યાએ લાગેલી તકતીઓ, બેસવાના બાંકડા જેવી વસ્તુઓ પર પણ સૂચના મુજબ પાલિકા તંત્ર દ્વારા પટ્ટી કે કલર મારી ઢાંકવાની કામગીરી કરવામાં આવી રહી છે જેથી આ લોકસભા ચૂંટણી માં નગર પાલિકા ટીમે એકજ દિવસમાં આચાર સહિતા નાં અમલ બાબતની મોટાભાગની કામગીરી પૂર્ણ કરી છે તેમ પાલિકા નાં મુખ્ય અધિકારી રાહુલ ઢોડીયા એ જણાવ્યું હતું. આ કામગીરીમાં પાલિકા ની એસ.આઇ.ટીમ અને વાહન ખાતાના કર્મચારીઓ જોડાયા હતા.

# આરોપીની કસ્ટડી દરમ્યાન માર મારવાના કેસમાં PI સોનારાને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા



કિશોર આર. સોલંકી | જાફરાબાદ


તા12.1.2009ના રોજ સાવરકુંડલામાં લૂંટ અને મારા મારી ના બનાવ માં પકડાયેલ ચાર આરોપીઓ ને ધરપકડ થઈ હતી.બાદમાં તેઓને પોલીસ સ્ટેશન પાછળ આવેલ નદી ના પટ માં લઇ જઇ તેઓ ને લાઈન સર ઉભા રાખી ચારે બાજુ પોલીસ ને ગોઠવી દઈ ને આરોપીઓ ને ત્રાસ આપી લાકડી વડે અને ઝાપટ થી હાથે પગે વાંસા માં માર મારેલ અને ઉઠકબેઠક કરાવી શરીર ઉપર ઈજા પહોંચાડ્યા ની ફરિયાદ તેઓ ને સાવરકુંડલા કોર્ટ માં રજૂ કરવામાં આવી હતી.આવા આરોપ સાથે કોર્ટ સમક્ષ ફરિયાદ કરેલ જે ફરિયાદ ને નોંધી કોર્ટ દ્વારા ફરિયાદી નું મેડિકલ ચેકઅપ કરાવી નિવેદનો નોંધી ડિસ્ટ્રિક્ટ કોર્ટ માં મોકલતા ડિસ્ટ્રીક્ટ કોર્ટ દ્વારા પી આઈ બળવંતરાય સોનારા વિરુદ્ધ ગુનો દાખલ કરી કેસે અમરેલી ના એડી ચીફ જ્યુ મેજી કોર્ટ માં કેસ ચાલવા મોકલવામાં આવ્યો હતો.આ કેસ કોર્ટ માં ચાલી જતા વિદ્વાન વકીલ અજયપંડ્યા ની રજુઆત આરોપી તરફે નો બચાવ અને દલીલો ને ધ્યાને લઇ આરોપી વિરૂદ્ધ ના પુરાવા ફરિયાદ પક્ષ દ્વારા સાબિત કરી શકેલ ન હોય આરોપી પી આઈ બળવંતરાય સોનારા ને છોડી મુકવા નો હુકમ એડી ચીફ જ્યું મેજી એમ જે સૈયદ સાહેબ એ કરેલ છે. કેસ માં આરોપી PI સોનારા તરફે વિદ્વાન એડવોકેટ અજય પંડ્યા રોકાયેલ હતા.

# નાવરા ગામે રૂ.7.10 લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં કોર્ટે વેપારીને સજા ફટકારી

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નાવરા ગામના ખેડૂતોને તેના કેળા ના પાકના રૂપિયાના બાળકમાં આપેલો ચેક રિટર્ન થવાના કેસ માં કોર્ટે ચેક આપનાર વેપારીને એક વર્ષની સજા ફટકારી છે.

જેમાં જાણવા મળ્યા મુજબ જયદીપભાઈ અરવિંદભાઈ પટેલ ની નાવરા ગામે ખેતી ની જમીન આવેલી હોય જેમાં તેઓ કેળાં નું વાવેતર કરે છે,જ્યારે પૂનમભાઈ મેલાભાઈ તડવી જયદીપભાઈ ના ગામ તેમજ આસપાસ ના ગામના કેળાં ખરીદવાનો ધધોં કરે છે. હાલ જયદીપ ભાઈ એ તેમનો કેળાં નો પાક તૈયાર થતાં પુનમભાઇ નો સંપર્ક કરતાં કેળાં ના પાક ની જે




કિમત છે તે એકાદ મહીના બાદ આપવાનું નક્કી કરી ખેતર માંથી કેળાં નો પાક થોડો થોડો આપેલ જે કેળાં ના પાક ની ફૂલ લેવાની રકમ રૂ. ૭,૧૦,૦૦૦/- થયેલી. જે કેળાં ની પાક પુનમભાઇ એ તા. ૨૫/૦૬/૧૯ થી ૧૪/૦૮/૧૯ સુધી લઈ ગયેલા, ત્યારબાદ આ રકમ સમયસર જયદીપ ભાઈ ને પરત નહિ ચુકવતા

પૂનમ ભાઈ એ રૂ.7,10,000/- ના ચેક લખી આપેલ પરંતુ આ ચેક બેલેન્સ નહિ હોવાના કારણે તા. ૦૧ / ૦૧/૨૦૨૦ ના રોજ રિટર્ન થયા જેની જાણ થતા, તા. ૨૦/૦૧/૨૦૨૦ ના રોજ જયદીપ ભાઈ એ પોતાના વકીલ મારફતે પૂનમ ભાઈ ને કાયદા મુજબ ની માંગણી ની નોટીસ વકીલ જીતેન્દ્રસિંહ જે ગોહિલ મારફતે મોકલી આપેલ છે.પરંતુ પૂનમ ભાઈ સમય મર્યાદા માં રકમ ન આપતા રાજપીપલા કોર્ટમાં ફરિયાદ કરેલ જે કેસ જ્યું. મેજી.એસ. આર. ગર્ગ ની કોર્ટમાં ચાલી જતા જયદીપ ભાઈ ના વકીલની દલીલો નામદાર કોર્ટ માન્ય રાખી એક વર્ષની સાદી કેદની સજા નો હુકમ કર્યો હતો, તેમજ ચેકની રકમ કુલ ૭,૧૦,૦૦૦ /- ચૂકવવા નો આદેશ કરવામાં આવ્યો છે.

# નાંદોદ તાલુકાની 4 ગ્રુપ ગ્રામ પંચાયતનું વિભાજન નહિ કરાઇ તો ચૂંટણીમાં આંદોલનની ચીમકી



નર્મદા જિલ્લાના નાંદોદ તકુકની ચાર ગ્રુપ ગ્રામ પંચાયત નું વિભાજન કરવા માટે ઘણા લાંબા સમયથી આમું સંગઠન લડત કરતુ આવ્યું છે છતાં તંત્ર ના પેટનું પાણી નહિ હાલત આખરે હાલ માં આવી રહેલી ચૂંટણી માં ચાલુ ચૂંટણી દરમિયાન. આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે. આમુ સંગઠન નર્મદા ના પ્રમુખ અને રાજપીપળા નગર પાલિકા ના પૂર્વ પ્રમુખ મહેશ.એસ.વસાવા એ સોશિયલ મીડિયા ના માધ્યમથી ચીમકી આપતા જણાવ્યું છે કે નર્મદા જીલ્લા ના નાદોદ તાલુકાની ચાર ગૃપ ગ્રામ પંચાયતોમાં (1) બોરીદરા(2) રામગઢ(3)ગાડીત (4) હેડવા નુ લોકસભાની ચૂંટણી પહેલા વિભાજન કરવામાં નહી આવે તો ચાલુ ચુંટણી દરમિયાન આંદોલન કરવાની ફરજ પડશે. જોકે મહેશ વસાવા આ માંગ ઘણા વર્ષથી કરી રહ્યા છે છતાં પણ તંત્ર દ્વારા આ બાબતે કોઈજ કાર્યવાહી નહી થતા આખરે તેમણે લોકસભા ચૂંટણી નું શસ્ત્ર ઉગામ્યું છે ત્યારે હવે જોવું રહ્યું કે તંત્ર તેમની આ માંગ સ્વીકારે છે કે નહિ.

# રાજપીપળાના કાકડીયા ગામમાંથી ત્રણ જુગારીને ઝડપી પાડતી તિલકવાડા પોલીસ : 6 જુગારી ફરાર

ભરત શાહ | રાજપીપળા

પ્રશાંત સુંબે, પોલીસ અધિક્ષક, નર્મદા ની સુચના થી એસ.કે. ગામીત, સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર, એકતાનગર નાઓના માર્ગદર્શન હેઠળ તિલકવાડા પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહી. જુગારની ગેર કાયદેસરની પ્રવૃત્તિઓ અટકાવવા સારૂ અસરકારક કામગીરી કરવા સુચના ના આધારે જે.એમ.લટા પોલીસ સબ ઈન્સ્પેક્ટર તિલકવાડા પો.સ્ટે. નાઓને મળેલ બાતમી આધારે કાકડીયા ગામની સીમમાં આવેલ ખાડી-કોતરમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો હારજીતનો પત્તા પાનાનો જુગાર રમી રમાડી રહેલ છે જેથી



આ જગ્યાએ પોલીસે રેઈડ કરતા (૧)રહેશભાઇ લક્ષ્મણભાઇ ભીલ (૨) કમલેશભાઇ મનુભાઇ ભીલ(૩) લાલુભાઇ કાલીદાસભાઇ ભીલ તમામ રહે. જેસીંગપુરા તા. તિલકવાડા જી. નર્મદા નાઓ સ્થળ પર પકડાઇ જતા અંગ ઝડતી માંથી રોકડા રૂ.૮,૩૦૦/ તથા દાવ ઉપરના રૂ.૫,૨૦૦/ મળી કુલ જુગારના રોકડા રૂ.૧૩,૫૦૦ / તથા મોબાઈલ નંગ-૦૨ કિ.રૂ.૧૦,૦૦૦/ મળી કુલ કિ.રૂ. ૨૩,૫૦૦/ ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે અને ભાગી જનાર ઈસમો (૧) કલ્પેશભાઇ મનસુખભાઇ બારીયા રહે. નમારીયા તા.તિલકવાડા જી. નર્મદા (૨) અલ્પેશભાઇ અંસુભાઇ ભીલ રહે.જેસીંગપુરા તા.તિલકવાડા જી.નર્મદા (૩) રાકેશભાઇ વિષ્ણુભાઇ ભીલ રહે.જેસીંગપુરા તા. તિલકવાડા જી.નર્મદા (૪) સનતભાઇ પ્રભુદાસભાઇ ભીલ રહે. કાકડીયા તા.તિલકાવાડા જી. નર્મદા (૫) ભુરાભાઇ ઉર્ફે જ્યોતિષભાઈ મનુભાઈ બારીયા રહે.કુંકરેજ તા. તિલકવાડા જી.નર્મદા (૬) રણછોડભાઇ શનાભાઇ ભીલ રહે.કુંકરેજ તા.તિલકવાડા જી.નર્મદા નાઓને પકડી પાડવા અંગે કવાયત હાથ ધરવામા આવી છે.

સ્થાનિક કક્ષાના અધિકારીઓના આંખ આડા કાન

# ડાંગ જિલ્લામાં ભરતી પ્રક્રિયામાં ગેરરીતિ આચરાયાની ફરિયાદ

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લામાં એસ્પ્રેસનલ બ્લોક ફેલોની ભરતી કરવામાં આવી હતી.જોકે સ્થાનિક કક્ષાએ ડાંગ જિલ્લાના યુવાનોને અગ્રિમતા ન આપીને અન્ય જિલ્લાના યુવાનોની ભરતી કરવામાં આવેલ છે.ત્યારે ગેરરીતી આચરવામાં આવેલ હોવાની ફરીયાદ ઉઠવા પામી છે.જેને લઈને ડાંગ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતુ.અને ન્યાયની માંગણી કરવામાં આવી હતી.હાલમાં ડાંગ જીલ્લામાં સ્થાનિક કક્ષાએ આહવા ખાતે એસ્પ્રેસનલ બ્લોક ફેલોની ભરતી કરવામાં આવી છે.જેમાં સ્થાનિક આદિવાસી બેરોજગાર યુવાનોએ પણ ભાગ લીધો હતો. પરંતુ એન કેન પ્રકારે સ્થાનિક યુવાનોને આ ભરતીમાં વહીવટી તંત્રએ ખોટી રીતે રિજેક્ટ કરીને અન્ય જિલ્લાના યુવાનોને અગ્રિમતા આપવામાં આવી છે. જેના કારણે સ્થાનીક યુવાનો સાથે અન્યાય થયો હોય તેમ જણાય રહ્યું છે.ડાંગ જિલ્લાના આદીવાસી ભાઈ-બહેનો માટે રોજગાર માટેનું પ્રથમ પગથિયું છે.જેમાં પણ નિષ્ફળતા આપવામાં આવી રહી છે. ડાંગના શિક્ષિત ભાઈઓ-બહેનો માટે એક ભરતી વાચારૂપ જ હોય છે.તેમ છતાં સ્થાનિક કક્ષાના અધિકારીઓ આંખ આડા કાન કરીને ભરતી પ્રક્રિયામાં ગેરરીતિ આચરી રહ્યાં છે.ડાંગ જીલ્લામાં સ્થાનિક કક્ષાએ લાયકાત અને અનુભવ તેમજ કુશળતા ધરાવતા ઉમેદવારો હોવા છતા લાગવગ અને ભ્રષ્ટાચાર કરીને સ્થાનિક બેરોજગાર યુવાનોને પ્રાધાન્ય ન આપી અન્યાય કરવામાં આવી રહ્યો છે.

# અરવલ્લીનામોડાસા ખાતે યોજાયો મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



રાકેશ મહેતા | ધનસુરા

અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી પ્રશસ્તિ પરીકના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિ ઝુંબેશને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.લોકોમાં મતદાન અંગે જાગૃતિ આવે અને વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર સતત પ્રયત્નશીલ છે. અરવલ્લી જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં સઘન ઝુંબેશ દ્વારા લોક જાગૃતિના પ્રયાસો થઈ રહ્યા છે આ કાર્યક્રમ હેઠળ આર્ટ્સ કોલેજ મોડાસા અને બાયડના ડેમઈ ખાતે મતદાન જાગૃતિ વોકથોનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વિધાર્થીઓ દ્વારા મતદાન અચૂક કરવું, આપણો મત આપણો અધિકાર જેવા સુત્રોના બેનર સાથે રેલીનું આયોજન કર્યું હતું આ ઉપરાંત મતદાન શપથ લેવામાં આવ્યા હતા. શાળામાં બાળકો દ્વારા બેલેટ યુનિટ,વીવીપેટ અને કંટ્રોલ યુનિટની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

# ડેડીયાપાડાના સજનવાવ ગામથી રૂ.27.300/-નો વિદેશી દારૂનો મુદ્દામાલ ઝડપી પાડતી એલ.સી.બી.નર્મદા

ભરત શાહ | રાજપીપળા



પ્રશાંત સુંબે, પોલીસ અધિક્ષક, નર્મદા જીલ્લામાંથી દારૂના દુષણને ડામવા અસરકારક કામગીરી કરવા તેમજ આર.જી. ચૌધરી, પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી. નાઓએ જીલ્લામાં ગેરકાયદેસર દારૂના વેચાણ તથા હેરાફેરી ઉપર વોચ તથા નાકાબંધી રાખી વધુમાં પ્રોહીબીશનના કેસો કરવાના સુચના આપતા એલ.સી.બી. ટીમના માણસો પ્રોહી. અંગેની વોચમાં તેમજ પેટ્રોલીંગમા ડેડીયાપાડા પો.સ્ટે. વિસ્તારમાં હતા હે.કો. યોગેશભાઇ બળદેવભાઇ બ.નં. ૭૩૧ તથા અ.હે.કો. વિજયભાઇ ગુલાબસીંગ બ.નં. ૭૦૨ એલ.સી.બી.નાઓને બાતમી મળેલ કે ડેડીયાપાડા પો.સ્ટે. વિસ્તારના સજનવાવ ગામમાં રહેતા દિનેશભાઇ નવજીભાઇ વસાવા ના રહેણાંક મકાનમાં વિદેશી દારૂ સંતાડેલ છે જે બાતમી ના આધારે એલ.સી.બી. ટીમ દ્વારા આ બાતમીવાળી જગ્યાએ પ્રોહી.ની રેઈડ કરતાં દિનેશ વસાવા પોલીસની રેઈડ જોઇ સ્થળ ઉપરથી ભાગી ગયેલ જેથી તેના ઘરની તપાસ કરતાં ત્યાંથી વિદેશી દારૂના કવાટરીયા નંગ-૨૩૩ તથા મોટી બોટલ નંગ-૮ કુલ રૂ. ૨૭,૩૦૦/-નો પ્રોહીબીશનનો મુદ્દામાલ મળી આવતા પ્રોહીબીશનો તમામ મુદ્દામાલ જપ્ત કરી ડેડીયાપાડા પો.સ્ટે.માં ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# ભીલ સમાજ પંચ લીમખેડા તાલુકા દ્વારા ડી.જે. સાઉન્ડ બંધ કરવા બાબતે પ્રાંત અધિકારી ને આવેદન આપવામાં આવ્યું



દિપક રાવલ | દાહોદ

આજ રોજ બિરસા મુંડા ભવન દાહોદ અને ભીલ સમાજ પંચ લીમખેડા તાલુકા દ્વારા પ્રાંત અધિકારી સાહેબ લીમખેડા અને મામલતદારશ્રી તથા પોલીસ સ્ટેશન લીમખેડા ખાતે લીમખેડા તાલુકામાં ડી.જે. સાઉન્ડ પર પ્રતિબંધ મૂકવા બાબતે આવેદન પત્ર આપવામાં આવ્યું. હાલના સમયમાં અમુક ટીમલી કલાકારો દ્વારા બિભત્સ ગીતો બનાવી આદિવાસી સંસ્કૃતિને બગાડવાનું ખૂબ જ મોટાપાયે ષડયંત્ર ચાલી રહ્યું છે. જે ખૂબ જ નિંદનીય અને ખોટું છે. આવા ગીતો સદંતર બંધ થાય અને આવા કલાકારો સામે કાયદેસરના પગલાં ભરી આવનાર ભવિષ્યમાં આવા બિભત્સ ટીમલી ગીતો ના બનાવે, તે માટે કાયદેસરના પગલાં ભરવા ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.ડી.જે. ધ્વનિ પ્રદૂષણ મુદ્દે લીમખેડા તાલુકામાં ડી.જે. સદંતર બંધ કરવા માટે ભીલ સમાજ પંચ દ્વારા અધિકારીઓ ને વિનંતી કરી કાયદેસરની કાર્યવાહી કરવા આવેદન આપવામાં આવ્યું હતું

# ઉ. ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા અરવલ્લી જિલ્લા એસ.ડી.એચ.ને એમ્બ્યુલન્સની ફાળવણી કરાઇ

રાકેશ મહેતા | ધનસુરા



૧૫ માર્ચ ૨૦૨૪ના રોજ, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (UGVCL) દ્વારા સામાજિક દાયિત્વ (C.S.R.) હેઠળ અરવલ્લી જિલ્લાના મોડાસા એસ.ડી.એચ. સેન્ટરને અંદાજે રૂપિયા ૬૦ લાખના ખર્ચે "નિયોનેટલ એમ્બ્યુલન્સ"નું માનનીય મંત્રિ ભીખુસિંહજી પરમાર દ્વારા જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તી પારીક, અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રિયંકાબેન ડામોર, પ્રમુખશ્રી મોડાસા નગર પાલિકા તથા શ્રી જી.જે.ધનુલા અધિક્ષક ઈજનેર, યુજીવીસીએલની વિશેષ ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપી જિલ્લા સેવા સદન કચેરી મોડાસાથી પ્રસ્થાન કરાવવામાં આવેલ.સદર એમ્બ્યુલન્સની અરવલ્લી જીલ્લામાં ફાળવણી થવાથી વિવિધ આધુનિક સાધનો જેવા કે, નવજાત અને પુખ્ત વયના વેન્ટિલેટર, નિયોનેટલ ડિફિબ્રિલેટર ટ્રાન્સપોર્ટ ઈન્ક્યુબેટર, સિરીંજ પંપ, ઈન્ફ્યુઝન પંપનું નિરીક્ષણ, ડિજિટલ બીપી મોનિટર, પોર્ટેબલ પલ્સ ઓક્સિમીટર સ્ટેથોસ્કોપ, સ્કૂપ, પોર્ટેબલ સક્શન પંપ, 220v ડબલ્યુ/ એક્સેસ, ઈન્ફન્ટોમીટર, 105 સે.મી વગેરે ધરાવતી "નિયોનેટલ એમ્બ્યુલન્સ" અરવલ્લી જિલ્લા એસ.ડી.એચ.ના વિસ્તારમાં નવજાત શિશુને સત્વરે અને અસરકારક તેમજ ઉચ્ચ પ્રકારની સારવાર ઉપલબ્ધ થશે.

# લોકસભાની સામાન્ય ચુંટણી માટે સુરત જિલ્લા તંત્ર સજ્જ

## સરકારી જાહેરાત, હોર્ડિંગ્સ, બેનર્સ વિગેરે દૂર કરવા આદેશ

સાહિલ | સુરત

લોકસભાની સામાન્ય ચુંટણી-૨૦૨૪ની તારીખો જાહેરાત થતા જિલ્લા વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. ચુંટણી સંદર્ભે સુરત જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને તાકીદે નોડલ અધિકારીઓ અને મદદનીશ ચુંટણી અધિકારીઓ સાથે જિલ્લા કલેકટરાલયમાં બેઠક મળી હતી. જેમાં નિષ્પક્ષ અને ન્યાયી ચુંટણી યોજાઇ તે માટે ચુંટણી સાથે સંકળાયેલા અધિકારીઓને સુચના આપી હતી. જિલ્લા સેવા સદન ખાતે લોકસભાની ચૂંટણીની પૂર્વતૈયારીના આયોજન અંગે જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ચૂંટણી પ્રક્રિયા અંતર્ગતની વિવિધ પાંખના નોડલ અધિકારીઓ સાથેની સમિક્ષામાં ચૂંટણીખર્ચ પર દેખરેખ નિયત્રંણ, જાહેરાત, હોર્ડિંગ્સ, બેનર્સ વિગેરે દૂર કરવા, મતદારોની જાગૃતિ માટેના અસરકારક કામગીરી, તાલીમ, ઈ.વી.એમની ચકાસણી, સ્ટોરેજ રૂમ બાબતે, હેલ્પલાઈન કમ્પલેઈન, વાહન વ્યવસ્થા, એમ.સી.એમ.સી.ની કામગીરી, લો એન્ડ ઓર્ડર કોમ્પ્યુટરાઈઝેશન, એસ.એમ.એસ. મોનિટરીંગ કોમ્યુનિકેશન પ્લાન, બેલેટ પેપર, સ્ટાફ, સ્થળાંતર થયેલા મતદારો સહિત અન્ય ચૂંટણીલક્ષી બાબતે નોડલ અધિકારીઓ સાથે વિસ્તૃત પરામર્શ કરવામાં આવ્યો હતો.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તમામ જવાબદાર અધિકારીઓ સહકાર સાથે સોંપવામાં આવેલી કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લા ચુંટણી અધિકારીએ લોકસભાની સામાન્ય ચુંટણીઓ નિષ્પક્ષ, ન્યાયી અને શાંતિપુર્ણ માહોલમાં ચુંટણી સંપન્ન થાય તે માટે સૌ અધિકારીઓએ સાથે મળીને કામગીરી કરવાની હિમાયત કરી હતી. આવેલી અરજદારની મળેલી ફરિયાદોનો સમયમર્યાદામાં નિકાલ કરી નિયત ફોર્મેટમાં રીપોર્ટીંગ થાય તથા પ્રો-એક્ટિવ અભિગમ દર્શાવીને ફરજ નિભાવવા માટે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.




# માર્ચ અને હોળીની રજામાં આ હિલસ્ટેશન્સનો કરો પ્લાન, ગરમીમાં મળશે રાહત

**ઉનાળાની શરૂઆત થઇ ગઇ છે. આ વખતે ગરમી શરૂઆતથી જ તેનો પ્રકોપ બતાવી રહી છે. આ સમયે જો તમે આ મહિનામાં ક્યાંક બહાર જવા ઈચ્છો છો અને સાથે પરિવાર સાથે જવા ઈચ્છો છો તો તમે 2-3 દિવસનો પ્લાન કરી શકો છો. હોળીની રજાઓમાં પણ તમે આ ટ્રિપ પ્લાન કરી શકો છો. તો જાણો તમે કયા હિલ સ્ટેશનની મુલાકાત લઇને તમારી ટ્રિપને યાદગાર બનાવી શકો છો.**



**ઓલી** સફરજનના બગીચાઓ અને પાઈન વૃક્ષો અને પર્વતોથી ઘેરાયેલા, ઓલીનું આકર્ષણ જોવાલાયક છે. વિશ્વનું સૌથી ઊંચું તળાવ ઔલીમાં આવેલું છે. તમે અહીં ટ્રેકિંગ પર પણ જઈ શકો છો અને બરફથી ઢંકાયેલા પર્વતોના મનમોહક દૃશ્યનો આનંદ માણી શકો છો.

**કુફરી** શિમલાથી 16 કિલોમીટરના અંતરે આવેલું, કુફરી એક લોકપ્રિય પ્રવાસન સ્થળ છે જે તેના બરફથી ઢંકાયેલા પર્વતો માટે જાણીતું છે. ત્યાં પહોંચવા માટે પ્રવાસીએ પાર્કિંગમાંથી પગપાળા અથવા ટટ્ટુ પર જવું પડે છે.






**જીભી** લીલાછમ જંગલો અને વિવિધ પર્વતોથી ઘેરાયેલ જીભીનું સૌંદર્ય જોવા જેવું છે. હિમાચલ પ્રદેશમાં સ્થિત, જીભી તેના ગાઢ દેવદાર જંગલો, ઠંડી તાજગી સાથેના પાણીના સ્ત્રોતો, તળાવો અને પ્રાચીન મંદિરો માટે પ્રખ્યાત છે.



**મેકલોડગંજ** મેકલિયોડગંજ ટ્રેકર્સમાં લોકપ્રિય છે. તેને લિટલ લ્હાસા તરીકે પણ ઓળખવામાં આવે છે અને તે તિબેટીયન આધ્યાત્મિક નેતા દલાઈ લામાનું ઘર હોવા માટે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. મેકલિયોડગંજ હિમાચલ પ્રદેશના સૌથી આકર્ષક હિલ સ્ટેશનોમાંથી એક છે.

**ધનોલ્ટી** ધનૌલ્ટી ઉત્તરાખંડમાં આવેલું એક ભવ્ય હિલ સ્ટેશન છે. દરિયાઈ સપાટીથી 2286 મીટરની ઉંચાઈ પર આવેલું આ હિલ સ્ટેશન તેના ખાસ દ્રશ્યો માટે પ્રખ્યાત છે. અહીંથી ગ્રેટ હિમાલયન હોર્નનું મનોહર દૃશ્ય દેખાય છે.





**કસોલ** દિલ્હીથી ખૂબ નજીક હોવા છતાં કસોલની સુંદરતા કોઈને પણ આકર્ષી શકે છે. હિમાચલમાં પાર્વતી નદીના કિનારે આવેલું એક નાનકડું ગામ, કસોલ ટ્રેકર્સ, બેકપેકર્સ અને કુદરતી સૌંદર્ય પ્રેમીઓમાં લોકપ્રિય બની રહ્યું છે.

# પહેલીવાર સોલો ટ્રિપ પર જાવ છો? તો આ ટિપ્સ આવશે કામ

ઘણીવાર મહિલાઓ સોલો ટ્રીપના નામે ગૂંચવાઈ જાય છે. તેમને અનેક પ્રકારની વસ્તુઓને લઈને સમસ્યા થવા લાગે છે. તેથી મહિલા દિવસના આ ખાસ પ્રસંગે અમે તમને સોલો ટ્રાવેલિંગ માટે કેટલીક બેસ્ટ ટિપ્સ જણાવવા જઈ રહ્યા છીએ. બિઝી લાઈફસ્ટાઈલમાં ઘણી વખત પોતાના માટે સમય કાઢવો મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં લોકો કામમાંથી સમય કાઢીને બહાર ફરવા જાય છે. પ્રવાસનો ટ્રેન્ડ ઘણા સમયથી જોવા મળી રહ્યો છે. નવી જગ્યાએ ફરવા સાથે લોકો હવે રીલ અને વ્લોગ પણ શૂટ કરી રહ્યા છે. આ સાથે લોકોમાં સોલો ટ્રાવેલિંગનો ક્રેઝ પણ આ દિવસોમાં જોવા મળી રહ્યો છે. બિઝી લાઈફસ્ટાઈલમાં ઘણી વખત પોતાના માટે સમય કાઢવો મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં લોકો કામમાંથી સમય કાઢીને બહાર ફરવા જાય છે. પ્રવાસનો ટ્રેન્ડ ઘણા સમયથી જોવા મળી રહ્યો છે. નવી જગ્યાએ ફરવા સાથે લોકો હવે રીલ અને વ્લોગ પણ શૂટ કરી રહ્યા છે. આ સાથે લોકોમાં સોલો ટ્રાવેલિંગનો ક્રેઝ પણ આ દિવસોમાં જોવા મળી રહ્યો છે.



### લાંબી મુસાફરીનું આયોજન ન કરો

મુસાફરી કરતા પહેલા આપણે જ્યાં જવાના છીએ તે સ્થળ પસંદ કરવામાં આવે છે. તેથી તમારી પ્રથમ સોલો ટ્રીપ દરમિયાન લાંબી મુસાફરીનું આયોજન ન કરો. જો તમે ફક્ત નજીકની જગ્યા પસંદ કરો તો તે વધુ સારું રહેશે. આમાંથી તમને ઘણું શીખવા મળશે. તેમજ અનુભવ પણ મળી રહેશે.

### જૂથ બનાવો

એકલા મુસાફરી કરવી મુશ્કેલ અને કંટાળાજનક કાર્ય હોઈ શકે છે. આવી સ્થિતિમાં પ્રવાસ દરમિયાન કોઈ સારા ગ્રુપમાં જોડાવું એ એક સારો વિકલ્પ છે. ઘણી વખત તમને તે જગ્યા વિશે પણ ખબર હોતી નથી. તો ગ્રુપ જુઓ અને તેમાં જોડાઓ.

### પરિવાર સાથે જોડાયેલા રહો

જો તમે એકલા મુસાફરી કરી રહ્યા છો, પરંતુ દરેક અપડેટ તમારા પરિવાર કે મિત્રોને આપતા રહો. તમે ક્યાં રહેવાના છો, રૂટ કે કેબ નંબર શું છે. આજકાલ લાઈવ લોકેશનનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે. તમે મુસાફરી દરમિયાન તમારું સ્થાન પણ શેર કરી શકો છો.

### પેકિંગનું ધ્યાન રાખો

જો તમે સોલો ટ્રાવેલિંગ માટે પેકિંગ કરી રહ્યા છો, તો દરેક મહત્વપૂર્ણ વસ્તુનું ધ્યાન રાખો. એકલા પ્રવાસે જતી વખતે કોઈના પર નિર્ભર ન રહો. તમારા ડોક્યુમેન્ટ્સ, રોકડ, રેઈનકોટ, પેપર સ્પ્રે અને પાવર બેંક અને ખાવા માટે કેટલાક નાસ્તા સાથે રાખવાનું ભૂલશો નહીં.

# તડકામાં નીકળતા પહેલા આ રીતે કરો સ્કીન કેયર, ત્વચા નહીં થાય શ્યામ

તડકામાં નીકળવાનું સામાન્ય રીતે દરેક વ્યક્તિ ટાળે છે. મોટાભાગે સ્કીન કાળી થવાના કારણે લોકો આગ ઝરતી ગરમીમાં બહાર નીકળતા નથી. તડકાથી બચવું ખૂબ જરૂરી હોય છે નહીં તો તેનાથી સ્કીનની એલર્જી શરૂ થઈ જાય છે. તડકાથી નીકળતા કિરણો સ્કીનને નુકસાન કરી શકે છે અને તેનાથી સ્કીન કાળી, કરચલીવાળી થાય છે અને સાથે કેન્સરનો ખતરો પણ રહે છે. તડકામાં જતા જ ટેનિંગ અને સનબર્નની સમસ્યા થવા લાગે છે. મોટાભાગે લોકો ગરમીમાં સ્પેશિયલ સ્કીન કેયર રૂટિન ફોલો કરે છે અને તેનાથી સ્કીનનું ધ્યાન રાખવાના પ્રયાસ કરે છે. તેનાથી તેને ફાયદો થાય છે. જો તમે તડકામાં જાઓ છો તો પહેલા વિશેષ ધ્યાન આપવાનું જરૂરી છે. તો જાણો સ્કીન કેયરમાં શું કરવું અને શું નહીં.

### સ્વસ્થ ડાયટનો કરો ઉપયોગ

સ્વસ્થ ડાયટ સ્કીનને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. તેને માટે ફળ, શાક અને આખા અનાજનું સેવન કરો. તેનાથી તડકામાં બચવા માટે સ્કીનને રક્ષણ મળશે. સૌથી વધારે વાત એ છે કે તમે તડકામાં વધારે સમય ન વીતાવો. સૂરજના કિરણોનો વધારે સંપર્ક સ્કીનને નુકસાન કરી શકે છે.

### કરો આ ખાસ ઉપાયો

- ઘરની બહાર તડકામાં જાઓ છો તો 15-20 મિનિટ પહેલા સનસ્ક્રીન લગાવો.
- જ્યારે પણ તડકામાં રહો છો તો દર 2 કલાકમાં સનસ્ક્રીન લગાવતા રહો.
- સનસ્ક્રીન સ્કીનને તડકાથી પ્રોટેક્ટ કરવાનું કામ કરે છે.
- તડકામાં નીકળતી સમયે એવા કપડા પહેરો જેનાથી તડકા સામે રક્ષણ મળે.
- આ સિવાય તમે માથા પર ટોપી કે કપડાનો ઉપયોગ કરો.
- તડકાના કિરણો સીધા માથા પર ન પડે તેનું ધ્યાન રાખવું.
- તડકામાં નીકળતા પહેલા અને પછી પાણી પીવું જરૂરી છે.
- આ ઉપાયોથી સ્કીનને હાઈડ્રેટ રાખવામાં મદદ મળી શકે છે.

# યુગોથી માણસ વાસ્કો ડી ગામાની જેમ ગધેડાનો પ્રશ્ન શોધવામાં મથ્યો છે...



## હું ગધેડો

**- રુપાલી દવે**

એક માણસએ ગધેડાના ટોળા ને કીધું કે રસ્તા માંથી ઊઠીને સાઈડ મા જતા રહો..ગધેડા માણસ સામુ જોઈને બત્રીસી દેખાડી ને હસ્યા બાદ આંખ બંધ કરીને સૂઈ ગયા. ગધેડા ની હરકત થી માણસ ને ખૂબ દુઃખ થયું ને મનોમન બોલ્યો કે માળું જમાનો કેવો આવ્યો છે કે ગધેડું પણ માણસની અવગણના કરવા લાગ્યું છે. કેમ? માણસ ના એક આવાજ માં ડફણાં ના ભય થી ગધેડા દોડવા લાગતા હતા તો એવું તે શું બદલાવ થયો હશે? માણસ વિચાર મા મગ્ન હતો ત્યાં રોડ પરથી એક ગધેડું ઉઠયુ ને ધીમે થી બોલ્યું કે જંગલ ના રાજા સિંહ એની સિંહણ ના કાબૂ માં ફરે છે ત્યારથી એના અવાજ માં પણ સિંહ જેવું રહ્યું નથી.તુ આમ આદમી રાત દિવસ પરિવાર માટે નાસ ભાગ કરે..માન્યું કે તે ઘર ને આધુનિક સ્ટાઈલ માં સજાવ્યું ને વિદેશી પડદા પણ બારીઓ માં લોક દર્શન માટે લટકાવ્યા પણ એ ઘરમાં તારો સ્ટે કેટલો? તું તનતોડ પરિશ્રમ કર્યા બાદ રૂપિયા પત્ની ના હાથ માં મૂકે છે એમાંથી એ શું કરે છે?. ગધેડા એ ઊંડો શ્વાસ લઈ ને બે વાર હોંચી હોંચી બોલી ને માણસ ને પૂછ્યું કે મારા પ્રશ્ન નો જવાબ આપ કે તારા મા લગ્ન પહેલા અને પછી એવું તે શું બદલાયું કે જેમાં તુ બદલાઈ ગયો? ..

યુગોથી માણસ પણ વાસ્કો ડી ગામા ની જેમ ગધેડા નો પ્રશ્ન શોધવા મથ્યા કરે છે પણ મળતો નથી.હજારો વર્ષ સુધી તપ કરી રહેલ સંતે કહ્યું કે માણસ ને જવાબ ક્યારેય મળશે પણ નહિ સ્ત્રી વગર ની લાઈફ મનમાં વિચારવી પણ મુશ્કેલ છે એટલે પ્રત્યેક માણસ એ ઘરમાં પ્રવેશતા જ મીઠો



આવકાર,સ્વાદિષ્ટ ભોજન,સાફ સુથરી પથારી, બાળકો નામ પાછળ ખુદનું નામ,ખાધા ખર્ચી માટે રૂપિયા મળી જાય માત્ર એનાથી સંતોષ પ્રાપ્ત કરવો.આ દુનિયામાં માણસ નું કશું ચાલતું નથી ને ચાલવાનું પણ નથી એટલું નક્કી.જાણીતા વિચારક એ કહ્યું કે આ પ્રશ્ન નો જવાબ એટલે મળતો નથી કે પૃથ્વી ના મોટાભાગ ના માણસો પરણેલા અથવા તો એ કોઈના કોઈ રીતે સ્ત્રીઓ ના સંપર્ક માં હોય છે. માણસના ખાલીખમ જીવનમાં સ્ત્રીઓ નું આગમન થતાં જ એ "વહુ ઘેલો" કે "પ્રેમલો" મતલબ સ્ત્રી મય બની જતા પુરુષત્વ નું અભિમાન છિન્ન ભિન્ન થઈ જાય છે. સ્ત્રી ના નશા માંથી બહાર નીકળે છે ત્યારે એના માથા પર પહાડ જેવી જવાબદારીઓ બેડી બની બંધાઈ જાય છે

વિચારો કે ક્યાંય સુંદરતા ની વ્યાખ્યા થતી હોય ત્યારે માણસ નું "સુંદર આંખો,ચહેરા ની નજાકત, રસીલા હોઠ,પોપટ જેવી નાસિકા,હસે ત્યારે ચાંદ શરમાઈ જાય.. જગરા મારતા લલાટ પર લાલા મોટી બીંદી વગેરે..ચાલે એટલે હુશ્ન શરમાઈ જાય ને બોલે ત્યારે મોતીઓ ખરે છે વગેરે વર્ણન ક્યારેય થાય છે..ના બિલકુલ નહી. આવું વર્ણન સ્ત્રીઓ માટે જ થાય છે ..કેમ? સ્ત્રીઓ શૃંગાર અને સૌંદર્ય રસ નો મદિરા નો પ્યાલો હોય છે.સ્ત્રીઓના શોખ,આશા,અભિલાષા, ઈચ્છાઓ અને સુખ પાછળ સમગ્ર દુનિયાનું બઝાર વિકસ્યું છે. કોસ્મેટિક,ડિઝાઈનર કપડાં,જ્વેલરી, સ્ટાઈલિશ લુક માટે પાકીટ, જૂતાં ની અઢળક વેરાયટી,વગેરે ખાસ m ખાસ સ્ત્રીઓની જરૂરિયાત માટે ખાસ ફેક્ટરી, ભવ્ય શોરૂમ, વેર હાઉસ વગેરે વિકસાવવા માં આવ્યા છે. પૃથ્વી ની મુખ્ય આબાદી માણસ ની જરૂરિયાત પેન્ટ,શર્ટ,બર્મુડા,અંડર ગાર મેન્ટ્સ,બેલ્ટ,જૂતાં ચંપલ,ઘડિયાળ વગેરે સિવાઈ અન્ય ખાસ કહેવાય એવું એના માટે જરૂરી નથી હોતું. સૃષ્ટિ ની શરૂઆત માં ઝાડ ની છાલ પેરી ફરતા હતા ને અત્યારે રેગ્યુલર ત્રણ કે ચાર નંગ કપડા પહેરી ને હાથમાં બૈરી નું બનાવેલ ગરમા ગરમ ટિફિન પકડીને દિવસ થી રાત પુરો કરી નાખતા હોય છે

ચિંતિત વદને બેઠેલા માણસ ના ખંભે હાથ મૂકતાં ગધેડા એ કહ્યું કે તારી વ્યથા કથા સાંભળી ને સમજુ છું કે આ બધી સમસ્યા નો જવાબદાર "વૃષભ " છે. માણસ એ ગધેડા ને પૂછ્યું કેમ? ગધેડો ખૂબ જ્ઞાની ને તેજસ્વી એ આગલા જન્મ માં માણસ હતો એટલે સમજતો હતો. ગધેડા એ ઊંડો નિસાસો નાખતા કહ્યું કે સૃષ્ટી ની શરૂઆત થઈ ત્યારે માણસ ની દિવસ રાત ની વિચિત્ર દિન ચર્યા થી કંટાળી ને એ આનો હલ પૂછવા કૈલાસ ગયો. ત્યાં શિવ પાર્વતી સોગઠાં બાજી રમતા હતા. કૈલાસ ના આંગણે વૃષભ જોતાજ શિવજી એ ઉત્સાહ ભેર અંદર પ્રવેશવા ની આજ્ઞા આપી. વૃષભ ના મુરઝાયેલા ચિંતિત વદન જોતાજ પૂછ્યું બેટા!!શું થયું છે તને? જે મનમાં હોય એ બોલી નાખ. વૃષભ ખૂબ થાકી ને કંટાળી ગયેલો એ બળવાન હોવા છતાંય ઘરમાં એની વેલ્યુ ખાસ નહતી. મનમાં ધૂંધવાયેલ વૃષભ એ નમ્રતા થી નીચા નમીને મહાદેવજી અને પાર્વતી જી ને નમસ્કાર કરતા બોલ્યો કે પ્રભુ,પૃથ્વીવાસી માણસોનું જીવન ધોરણ સુધારવા નો સમય આવી ચૂક્યો છે કઈક કરો.ભગવાન એ પૂછ્યું કે કઈક કરો એટલે..

વૃષભ એ નમ્રતા થી ઉતર આપવા જતો હતો ત્યાં એને ઘરેથી યાદ આવતા ભૂલ માં મોં માંથી નીકળી ગયું કે પ્રભુ, ત્રણ ટાઈમ ભોજન ને એક ટાઈમ નાહવાનું.. ત્રણ ટાઈમ ભોજન ને એક ટાઈમ નાહવાનું..ત્રણ ટાઈમ ભોજન ને એક ટાઈમ નાહવાનું.ભગવાન તો વૃષભ ની વાત સાંભળી ને અચંબિત થઈ ને બોલ્યા મૂર્ખ તુ શું બોલે છે? એ તને ખબર છે. ત્રણ ટાઈમ ભોજન એટલે પર માથા દીઠ ભોજનની વ્યવસ્થા. કેવી રીતે થશે? વૃષભ એ કીધું ત્રણ ટાઈમ નાહવા ના પાણી ની જેમ..ભગવાન એ સહેજ સ્માઈલ કરતા કહ્યું કે માણસ ને નાહ્યા વગર ત્રણ ચાર દિવસ ચાલે છે પણ એની હાર્ડ ડિસ્ક માં ત્રણ ટાઈમ ભોજન મુકીશું તો એ સમય ચૂક્યા વગર ભોજન અચૂક કરશે..

ગધેડા એ માણસ ની સામુ જોઈને કહ્યું કે ભઈલા,ભોળા નાથ એ માતા પાર્વતી અન્નપૂર્ણા ના સાક્ષાત સ્વરૂપ તરફ સ્માઈલ કર્યું. વૃષભની એકના એક જીદ ને સિરિયસલી લઈને તથાસ્તુ કહ્યું. એ દિવસ થી આજ દિવસ સુધી સ્ત્રીઓને કામ માં વ્યસ્ત રાખવા હેતુ ત્રણ ટાઈમ ના ભોજન ની લાલચ માં વૃષભ ખેતર ખેડે,ગધેડો માટી વહન કરે ને માણસ એટલે તો ગધા વૈતરું કરે છે.ત્યારથી માણસ નું નામ અધા ગધા પડ્યું છે.આ ત્રણ ટાઈમની થાળી માટે ઘરવાળી "મારો પતિ સાવ ગધેડો"..માણસ તારી બૈરું પણ ખરું છે વાત વાતમા અમારી કોમ ને બદનામ કરે છે પણ ગધેડા અને માણસ ની કોમ માં એ ભેદ છે કે પરિવાર ના બધાય સદસ્ય મહેનત નું ખાઈએ છીએ.અમારી મૂર્ખતા માં પણ જીત છે સમજ્યો.. ખબર છે કે નેતાજી નું કમઠાણ નીકળવાનું છે,ભાઈલા ગધેડો એટલે તો રોડ રોકો આંદોલન સમજ..

## ગૌરી ખાનની રેસ્ટોરાંમાં જોવા મળ્યા બી-ટાઉનના સેલેબ્સ, ગર્લફ્રેન્ડ સબા સાથે જોવા મળ્યો હૃતિક રોશન...

# સિંગર એડ શીરનનું ગ્રાન્ડ વેલકમ



જાણીતો સિંગર એડ શીરન આજે મુંબઈમાં પર્ફોર્મ કરશે. ગઈકાલે એટલે કે શુક્રવારે રાત્રે ગૌરી ખાનની રેસ્ટોરાં 'ટોરી'માં સિંગર માટે વેલકમ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાર્ટીની હોસ્ટ ફરાહ ખાન હતી. આ પાર્ટીમાં બોલિવૂડ સેલેબ્સ પણ જોવા મળ્યા હતા. નોંધનીય છે કે, ગૌરી ખાને આ વર્ષે આ રેસ્ટોરાં ખોલી છે, જે બાંદ્રાના પાલી હિલમાં છે.હૃતિક રોશન કેઝ્યુઅલ લુકમાં ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે રેસ્ટોરાંમાં જતો જોવા મળ્યો હતો. કારમાં હૃતિકનો પુત્ર રુહાન પણ જોવા મળ્યો હતો. ફરાહ ખાને આ કપલનું શાનદાર સ્વાગત કર્યું હતું. બંનેને ગળે લગાવ્યા બાદ ફરાહે ફોટોગ્રાફર માટે પોઝ પણ આપ્યો હતો. શાહરુખ ખાનનો પુત્ર આર્યન ખાન લેધર જેકેટ પહેરીને જોવા મળ્યો હતો. અરશદ વારસી પત્ની મારિયા સાથે રેસ્ટોરાંની અંદર જતા જોવા મળ્યો હતો. હુમા કુરેશી ડેનિમ લુકમાં જોવા મળી હતી. મલાઈકા અરોરા ક્રીમ ગાઉનમાં ગ્લેમરસ લાગી રહી હતી. આ સ્ટાર્સ સિવાય રાજકુમાર રાવ, પત્રલેખા, માધુરી દીક્ષિત, મલાઈકા અરોરા, અરશદ વારસી પણ અહીં જોવા મળ્યા હતા.

એડ શીરન શાહરુખ ખાન સાથે મસ્તી કરતો જોવા મળ્યો હતો

ઈન્ટરનેશનલ સિંગર એડ શીરન હાલ મુંબઈમાં છે. મુંબઈ આવ્યા બાદ એડ શીરન બોલિવૂડ સેલેબ્સ સાથે પાર્ટી કરતો જોવા મળ્યો હતો. શાહરુખે ઈન્સ્ટાગ્રામ પર એડ શીરન સાથેનો એક વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં શાહરુખ શીરનને સિગ્નેચર પોઝ શીખવતો જોવા મળી રહ્યો છે. એડ શીરન તેના એશિયા અને યુરોપ પ્રવાસ દરમિયાન ભારતમાં પણ પર્ફોર્મ કરશે. એડ શીરનનો શો 16 માર્ચ, 2024 ના રોજ મુંબઈના મહાલક્ષ્મી રેસકોર્સમાં છે. એડ શીરનની બીજીવાર ભારતની મુલાકાતે છે. આ પહેલાં 2017માં ભારતની મુલાકાત પણ લીધી હતી, જ્યાં તેમણે મુંબઈમાં પોતાનો કોન્સર્ટ કર્યો હતો. ગૌરી ખાન એક ફિલ્મ પ્રોડ્યુસર અને શાનદાર ઈન્ટિરિયર ડિઝાઈનર છે. 2002માં પતિ શાહરુખ ખાન સાથે રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ નામનું પ્રોડક્શન હાઉસ શરૂ કર્યું.

સિવાય ગૌરીએ અનેક સેલિબ્રિટીઓના ઘર પણ ડિઝાઈન કર્યા છે. ઈન્ટિરિયર ડિઝાઈનર તરીકે ગૌરી ખાને મુકેશ અંબાણી, કરન જોહર, આલિયા ભટ્ટ અને રાલ્ફ લોરેન જેવી સેલિબ્રિટીઝના ઘર ડિઝાઈન કર્યા છે. ગૌરીએ ફેબ્રુઆરીમાં પ્રથમરેસ્ટોરાં 'ટોરી' પણ ખોલી હતી. ગૌરીએ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર 'ટોરી'ની ઝલક બતાવી હતી, જ્યાં ગૌરીએ કેપ્શન લખ્યું હતું .

## મૌસમી ચેટર્જીએ જયા બચ્ચન પર નિશાન સાધ્યું



### ફોટોગ્રાફર માટે પોઝ આપતી વખતે કહ્યું, 'હું તેમના કરતાં ઘણી સારી છું, યાદ રાખો'

હવે લગભગ બધા જ લોકોને ખબર છે કે ફોટોગ્રાફર અને જયા બચ્ચન વચ્ચે કેવા સંબંધ છે. જ્યારે પણ દિગ્ગજ એક્ટ્રેસ જાહેરમાં જોવા મળે છે, ત્યારે તે ફોટોગ્રાફરને જોઈને ગુસ્સે થઈ જાય છે. જેના ઘણાં વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. જેમાં એક્ટ્રેસ ફોટોગ્રાફર પર ગુસ્સે થતી જોવા મળી હતી. આ માટે માત્ર યુઝર્સ જયા બચ્ચનની ટીકા કરતા જોવા મળ્યા નથી, પરંતુ હવે એક્ટ્રેસ મૌસમી ચેટર્જીએ પણ જયા ઉપર નિશાન સાધ્યું છે. મૌસમી ચેટર્જીએ હાલમાં જ એક ઈવેન્ટ દરમિયાન જયા બચ્ચન પર કટાક્ષ કર્યો હતો. તેમણે ફોટોગ્રાફર માટે હસતાં-હસતાં પોઝ આપ્યો અને પોતાને જયા બચ્ચન કરતાં સારી ગણાવી હતી.

જયા બચ્ચન ઘણીવાર ફોટોગ્રાફર પર ગુસ્સે થતી જોવા મળે છે. જ્યારે પણ દિગ્ગજ એક્ટ્રેસ જાહેરમાં દેખાય છે, ત્યારે તે ફોટોગ્રાફરને જોઈને ગુસ્સે થઈ જાય છે. જયા બચ્ચનના આવા ઘણા વીડિયો સોશિયલ મીડિયા ઉપર ખૂબ ટ્રોલ પણ થયા છે.

મૌસમી ચેટર્જીએ હાલમાં જ એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. ત્યાં રહેલા ફોટોગ્રાફરને જોઈને તેમને થોડો ગુસ્સો આવ્યો. જેને કારણે કોઈએ તેની સરખામણી જયા બચ્ચન સાથે કરી. ત્યારે જ મૌસમી ચેટર્જીએ જયા બચ્ચન પર કટાક્ષ કર્યો અને કહ્યું- હું જયા બચ્ચન કરતાં ઘણી સારી છું. યાદ રાખો. જો તમે લોકો ન હોત, તો અમે ક્યાં હોત? થોડા સમય પહેલાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન મૌસમી ચેટર્જીએ એક કિસ્સો શેર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે કેવી રીતે જયા બચ્ચને ગુલઝાર દ્વારા નિર્દેશિત ફિલ્મ 'કોશિશ'માં તેમને રિપ્લેસ કર્યા હતા. મૌસમી ચેટર્જીએ આ અંગે વધુમાં જણાવ્યું હતું કે, મેં ત્રણ દિવસ સુધી ફિલ્મનું શૂટિંગ કર્યું. હું જોઈ શકતી હતી તે ત્રણ દિવસમાં શું-શું થઈ રહ્યું હતું. આ દરમિયાન જયા બચ્ચનના સેક્રેટરી સવારથી રાત સુધી ઓફિસમાં જ રહેતા હતા. અચાનક ગુલઝાર જેઓ મારી સાસુને ઉર્દૂ શીખવતા હતા, તેમણે કહ્યું - તમારે કાલથી મોડી રાત સુધી શૂટિંગ કરવાનું છે. તે સમયે મારે એક બાળક હતું. તેથી મેં કહ્યું- હું આ કરી ન શકું, મારે ઘરે એક બાળક છે. હું માત્ર એક જ શિફ્ટમાં શૂટ કરી શકું છું. આ સાંભળીને તેમણે બધાની સામે કહ્યું - તમે જાણો છો કે તમારી જગ્યા લેવા માટે ઘણી એક્ટ્રેસ લાઈનમાં છે. મેં ઉત્સાહિત થઈને કહ્યું હતું કે તો પછી તેમને જ લઈ લો.

## એક્ટ્રેસ મધુબાલાની બાયોપિક બનવાનું કન્ફર્મ

પરિણિતી ચોપરા દીકરી માલતી મેરીને લઈને ભારત આવી છે. તે તેની કઝિન પરિણિતી ચોપરા કે પછી મીરા ચોપરાના લગ્નમાં ભારત આવી ન હતી પરંતુ એક બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ ખાતર ભારત આવતાં સોશિયલ મીડિયા પર ચાહકો દ્વારા તેની આકરી ટીકા કરવામાં આવી હતી. મધુબાલાની બાયોપિક બની રહી હોવાની વાત લાંબા સમયથી ચર્ચાતી હતી. જોકે, મધુબાલાના પરિવારે પહેલેથી એવો આગ્રહ રાખ્યો હતો કે કોઈપણ બાયોપિક બનાવે તો તેમણે તેમની સંમતિ લેવાની રહેશે. આ બધી વાટાઘાટોમાં ફિલ્મની શરુઆત થઈ શકી ન હતી. આ અગાઉ એવી વાત ફેલાઈ હતી કે કોશ્ચ્યુમ ડિઝાઈનર મનિષ મલ્હોત્રા મધુબાલાની બાયોપિક બનાવી રહ્યો છે અને તેમાં કૃતિ સેનન મધુબાલાની ભૂમિકા માટે સિલેક્ટ થઈ છે. જોકે, તે જ વખતે મધુબાલાનાં બહેન મધુર બ્રિજ ભૂષણે જાહેર કર્યું હતું કે તેઓ કોઈને પણ પરિવારની સંમતિ વિના મધુબાલા પર ફિલ્મ બનાવવા દેશે નહીં.

હવે નિર્માતાઓએ મધુબાલાની બાયોપિકની સત્તાવાર જાહેરાત કરી છે. મધુબાલાના પરિવારે 'મધુબાલા વેન્ચર્સ'ના નામે એક પ્રોડક્શન કંપની બનાવી છે તે આ ફિલ્મ માટે સહ નિર્માતા તરીકે જોડાશે. આલિયા ભટ્ટની ફિલ્મ 'ડાર્લિંગ'નું નિર્દેશન કરનારાં જસ્મીત કે રીન જ મધુબાલાની બાયોપિકનું પણ દિગ્દર્શન કરશે. જોકે, હાલના તબક્કે કઈ એક્ટ્રેસ



મધુબાલાનો રોલ ભજવશે તે જાહેર કરાયું નથી. મધુબાલા બોલીવૂડની સૌથી ખૂબસૂરત અભિનેત્રીમાંની એક ગણાય છે. જોકે, તેનું અંગત જીવન બહુ જ કરુણામય રહ્યું હતું. ૩૬ વર્ષની વયે બીમારીના કારણે તેનું નિધન થયું હતું. મધુબાલાની બાયોપિકમાં મધુબાલા ઉપરાંત તે વખતના તેના કોસ્ટાર દિલીપ કુમાર ઉપરાંત પતિ કિશોર કુમાર સહિતના કલાકારોની ભૂમિકા કોણ ભજવશે તે અંગે પણ ઉત્સુકતા જાગી છે.

## પ્રિયંકા ચોપરા દીકરી માલતી સાથે ભારતની મુલાકાતે આવી

બોલિવૂડ અને હોલિવૂડમાં નામ કમાવનારી દેસી ગર્લ હંમેશાં ચર્ચામાં રહે છે, જેમાં તાજેતરમાં દીકરી સાથે મુંબઈ એરપોર્ટ પર જોવા મળી હતી. નીક જોનાસ સાથે લગ્નગ્રંથિથી બંધાયા બાદ આમ તો પ્રિયંકા ચોપરા વધુ સમય વિદેશમાં જ હોય છે, પણ પોતાના ચાહકોને ક્યારેક ક્યારેક સરપ્રાઈઝ આપવા તે ભારત આવી જતી હોય છે. પ્રિયંકાના ચાહકોને આવી જ એક સરપ્રાઈઝ પ્રિયંકા ચોપરાએ આપી હતી. પ્રિયંકા ચોપરા મુંબઈ એરપોર્ટ ઉપર પોતાની દીકરી માલતી સાથે દેખાઈ હતી. પ્રિયંકાએ પોતાની દીકરીને પોતાના ખોળામાં લીધેલી હતી અને માતા-પુત્રીની આ જોડી ખૂબ જ ક્યૂટ દેખાઈ રહી હતી. પ્રિયંકાનો એરપોર્ટ ઉપર માલતી સાથેનો ફેટો તરત જ ઈન્ટરનેટ ઉપર વાઈરલ થઈ ગયો હતો અને પ્રિયંકાના ચાહકોએ આ ફેટાઓ ઉપર લાઈક્સનો વરસાદ વરસાવ્યો હતો. ફેન્સે પ્રિયંકાની બેબી ગર્લના વખાણ કરતી અનેક કોમેન્ટ્સ પણ કરી હતી. કેઝ્યુઅલ બ્લેક ડ્રેસ ઉપર પ્રિયંકાએ હેટ પણ પહેરી હતી અને તેનો આ એરપોર્ટ લૂક તેના ચાહકોને ખૂબ જ પસંદ પડયો હતો.

## કોશ્ચ્યુમમાં વેઠ ઉતરતાં રામાયણનું શૂટિંગ પાછું ઠેલાવામાં આવ્યું...



રણબીર કપૂર અને સાઈ પલ્લવીની ફિલ્મ 'રામાયણ'માં પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ સર્જાયો છે. ફિલ્મના મુખ્ય પાત્રોના કોશ્ચુમ બનાવવામાં વેઠ ઉતરતાં ફિલ્મનું શૂટિંગ આશરે એક મહિના માટે પાછું ઠેલવું પડયં છે.

ફિલ્મનું શૂટિંગ આ મહિને ચાલુ થવાનું હતું. જોકે, જ્યારે કોશ્ચ્યુમ તૈયાર થઈને આવ્યા તે પછી કેટલાક કલાકારોનો લૂક ટેસ્ટ લેવાયો ત્યારે ખ્યાલ આવ્યો હતો કે કોશ્ચુમ તૈયાર કરનારે નરી વેઠ ઉતારી છે.

ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ સર્જક નિતેશ તિવારી આ ફિલ્મને એકદમ ભવ્ય અને ક્લાસિક બનાવવા માગે છે. પરંતુ, જે પ્રકારના કોશ્ચ્યુમ બનીને આવ્યા તેમાં સર્જકના વિઝન સાથે મેળ ખાતું હોય તેવું કશું જ ન હતું. આથી, તેમણે આ કોશ્ચ્યુમ રદ કર્યા હતા. હવે પૌરાણિક ફિલ્મોનું કામ કરી ચૂક્યા હોય તેવા કેટલાક અનુભવી ડિઝાઈનર્સને ઓર્ડર આપવામાં આવ્યો છે. જોકે, આ બધી જંજાળને લીધે ફિલ્મનું શૂટિંગ હવે કદાચ ાવતા મહિને શરુ થાય તેવી સંભાવના છે.

ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન શ્રી રામ તથા સાઈપલ્લવી સીતા માતાની ભૂમિકામાં છે. સની દેઓલ હનુમાનજીની ભૂમિકા ભજવશે જ્યારે રાવણના રોલ માટે સાઉથના એક્ટર યશને સિલેક્ટ કરાયો છે. ફિલ્મ ત્રણ ભાગમાં બનવાની છે અને પહેલા ભાગમાં તો સીતાહરણ સુધીની જ કથા દર્શાવાશે એવા અહેવાલો છે.

### સબા આઝાદે ડિસ્કો-ફંક પર્ફોર્મન્સ આપ્યું...

## ફેશન વીકના ત્રીજા દિવસે ક્રિતી સેનને કર્યુ રેમ્પ વોક




એક્ટ્રેસ ક્રિતી સેનને લેક્મે ફેશન વીક 2024ના ત્રીજા દિવસે રેમ્પ વોક કર્યું હતું. આ દરમિયાન ક્રિતી સ્પોર્ટ્સ પ્રિન્ટ સાથે સ્કિન ફિટ ડ્રેસ પહેરેલી જોવા મળી હતી. '12th ફેલ' ફેમ એક્ટ્રેસ મેધા શંકરે પણ રેમ્પ વોક કર્યું હતું. મેધા ગોલ્ડન ગાઉનમાં જોવા મળી હતી. તઅત્રે ઉલ્લેખનીય છે કે, મેધાએ ગેશા ડિઝાઈન્સ માટે શોસ્ટોપર તરીકે રેમ્પ ડેબ્યુ કર્યું હતું. હૃતિક રોશનની ગર્લફ્રેન્ડ સબા આઝાદે ઈમાદ શાહ સાથે સ્ટેજ પર ડિસ્કો-ફંક પર્ફોર્મન્સ આપ્યું હતું. સબા આ પહેલાં ફેશન ઈવેન્ટ્સમાં પણ ગીત ગાતી જોવા મળી છે. સબા મોટાભાગે અંગ્રેજી ગીતો ગાતી જોવા મળે છે. આ સિવાય એક્ટ્રેસ અને મોડલ કલ્કી કોચલીને પણ ગ્લેમરસ રેમ્પ વોક કર્યું હતું. આ ઘણી એક્ટ્રેસ અને મોડલ્સે રેમ્પ પર વોક કર્યું હતું.

## 'એક રાતની ફી 15-30 લાખ...', ઓરીએ ખોલ્યા અંગત જીવનના રહસ્યો

પ્રખ્યાત સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ઓરહાન અવાત્રમણિ ઉર્ફે ઓરીને દરેક વ્યક્તિ જાણે છે. ઓરી બોલિવૂડની દરેક પાર્ટીનું ગૌરવ છે. મોટા ફિલ્મ સ્ટાર્સથી લઈને સ્ટાર કિડ્સ સુધી દરેક લોકો ઓરીની ખૂબ જ નજીક છે. દરેક મોટી ઈવેન્ટમાં સેલેબ્સ ઓરી સાથે કોઝી પોઝ આપતા જોવા મળે છે. ત્યારે લોકોના મનમાં એક સવાલ છે કે, આખરે તેની આટલી લોકપ્રિયતાનું કારણ શું છે.

એક ઈન્ટરવ્યુમાં ઓરીએ ઘણા ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તેણે કહ્યું હતું કે, મારું ધ્યાન ખુશીનો સંદેશ ફેલાવવા પર છે. આ મને લોકો સાથે જોડવામાં મદદ કરે છે. હું એવા કાર્યક્રમોમાં હાજરી આપું છું જેમાં હું લોકોમાં ખુશી ફેલાવી શકું. આ ઘટનાઓ મારી આવકનો મુખ્ય સ્ત્રોત પણ છે.

ઓરીએ જણાવ્યું કે મોટા કાર્યક્રમોમાં ભાગ લેવા માટે તેની પ્રતિ રાત્રિ ફી 15-30 લાખ રૂપિયા છે. જેમ તમે બધા જાણો છો, હું 'લિવર' છું તેથી જ હું પાર્ટીઓમાં અને ખાસ કરીને લગ્નોમાં હાજરી આપું છું. મને મહેમાન તરીકે નહીં પણ મિત્ર તરીકે બોલાવવામાં આવે છે અને તેઓ મને 15-30 લાખ રૂપિયા આપીને ખુશ છે. તે ઈચ્છે છે કે હું તે ફંક્શનમાં મહેમાનને બદલે મિત્ર તરીકે હાજરી આપું. તેથી તે મારી વાસ્તવિક આવક છે. ઓરીએ તેના મર્ચેન્ડાઈઝ વિશે પણ ખુલીને વાત કરી છે. ઓરીએ જણાવ્યું કે તેને પોતાના મર્ચેન્ડાઈઝથી બનાવેલ લિમિટેડ એડિશન શર્ટ મળ્યો છે. જેમાં ઈમોજીસ, કી ચેઈન, બેગ ટેગ અને તેની તસવીર સાથેના સ્ટીકરો હાજર છે.



## 1 જ ફિલ્મમાં કામ કરવાની ઈચ્છા રાખે છે 3 ખાન

### આમિરે પોતાના બર્થડે પર કરી આ અંગે વાત; કહ્યું, 'યોગ્ય સ્ક્રિપ્ટની રાહ જોઈ રહ્યાં છીએ'

મિસ્ટર પરફેકનિસ્ટ આમિર ખાને શુક્રવારે જ 59મો બર્થડે સેલિબ્રેટ કર્યો છે. આ દરમિયાન એક્ટરે ઈન્સ્ટાગ્રામમાં લાઈવ સેશન દ્વારા ફેન્સ સાથે વાતચીત કરી હતી. અહીં એક ફેને શાહરુખ અને સલમાન ખાન સાથે કામ કરવાને લઈને સવાલ કર્યો હતો. જેના જવાબમાં આમિરે કહ્યું કે આ ત્રણેય એક સાથે ફિલ્મ કરવા માટે તૈયાર છે.

આમિરે કહ્યું- અમે ત્રણેય યોગ્ય સ્ક્રિપ્ટની ચર્ચા કરી રહ્યા છીએ આમિરે કહ્યું કે આ ત્રણેય લોકોએ આ મુદ્દે વાત કરી છે. ત્રણેયને લાગે છે કે ફેન્સ માટે તેઓએ સાથે મળીને ફિલ્મ બનાવવી જોઈએ. આ અંગે આમિરે વધુમાંકહ્યું- મને પણ લાગે છે કે અમારે ત્રણેયએ એક ફિલ્મમાં સાથે કામ કરવું જોઈએ. મેં, સલમાન અને શાહરુખ વાત કરી છે કે આપણે આપણી કરિયરમાં ત્રણેયએ સાથે મળીને ફિલ્મ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. જો કે ચાલો જોઈએ કે આગળ શું થાય છે. હું આશા રાખું છું કે જ્યારે અમને સારી સ્ક્રિપ્ટ મળશે ત્યારે અમે ચોક્કસપણે સાથે કામ કરીશું.

મને લાગે છે કે અમે ત્રણેય એકબીજા સાથે કામ કરવા માટે ખૂબ ઉત્સુક છીએ. હવે બહુ સમય થઈ ગયો છે, પરંતુ અમને ચોક્કસપણે આ માટે યોગ્ય સમયની જરૂર છે.

આમિર, શાહરુખ અને સલમાન 30 વર્ષથી ફિલ્મોમાં કામ કરી રહ્યા છે. લીડ રોલ નથી પરંતુ આ બધાએ એકબીજાની ફિલ્મોમાં કેમિયો કર્યો છે. તે જ સમયે, આમિર અને સલમાને ફિલ્મ 'અંદાજ અપના અપના'માં સાથે કામ કર્યું છે. પરંતુ શાહરુખ અને આમિરે ક્યારેય કોઈ ફિલ્મમાં સાથે લીડ રોલમાં જોવા નથી મળ્યા. શાહરુખે આમિરની ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા'માં કેમિયો કર્યો હતો.

રાજકુમાર સંતોષી ફિલ્મ 'અંદાજ અપના અપના 2'ની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યા છે. આ લાઈવ સેશન દરમિયાન આમિરે જણાવ્યું કે રાજકુમાર સંતોષી ફિલ્મ અંદાજ 'અપના અપના 2'ની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યા છે. વધુમાં જણાવ્યું કે, મને હમણાં જ ખબર પડી છે કે રાજકુમાર સંતોષી 'અંદાજ અપના અપના'ની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યા છે. આ હાલના જ સમાચાર છે. મને ખુશી છે કે તે તેના વિશે વિચારી રહ્યો છે. મને લાગે છે કે આ આપણા બધા માટે અને દર્શકો માટે જોવા માટે એક શાનદાર ફિલ્મ હશે.

ફિલ્મ 'અંદાજ અપના અપના' 1994માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં આમિર, સલમાન, રવિના ટંડન અને કરિશ્મા કપૂર લીડ રોલમાં જોવા મળ્યા હતા. આ ફિલ્મ હજુ પણ ભારતીય સિનેમાની બેસ્ટ કોમેડી ફિલ્મો પૈકી એક છે.



# 35 સિક્સર ફટકારી, ટ્રિપલ સેન્ચુરી ફટકારી, મહેન્દ્ર ધોનીનો આ ખેલાડી મચાવશે હંગામો

ચેન્નાઈ તા 16

ઈન્ડિયન પ્રીમિયર લીગ 22 માર્ચથી શરૂ થઈ રહી છે. પ્રથમ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે ટક્કર થશે. આ ટૂર્નામેન્ટમાં ફરી એકવાર ધોની પોતાની સંતુલિત ટીમ સાથે મેદાનમાં ઉતરી રહ્યો છે અને તેની ટીમમાં એક એવો ખેલાડી છે જે બોલરો પર તબાહી મચાવી શકે છે.

IPL 2024 શરૂ થવા જઈ રહ્યું છે અને ફરી એકવાર 10 ટીમો આ ટાઈટલ જીતવાનો પ્રયાસ કરશે. પરંતુ હંમેશની જેમ આ વખતે પણ IPL જીતવાની સૌથી મોટી દાવેદાર ચેન્નાઈ સુપર કિંગ્સ હશે, જેણે ગત સિઝનમાં આ ટુર્નામેન્ટ જીતી હતી. ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નાઈ તેના અભિયાનની શરૂઆત 22 માર્ચથી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેની પ્રથમ મેચથી કરશે. આ વખતે પણ ચેન્નાઈની ટીમમાં શાનદાર સંતુલન છે.

યુવા ખેલાડીઓના ઉત્સાહની સાથે તેની પાસે અનુભવી ખેલાડીઓની જાગૃતિ પણ છે. જો કે, ચેન્નાઈએ આઈપીએલ 2024 માટે પોતાની ટીમમાં એક શાનદાર ખેલાડીનો પણ સમાવેશ કર્યો છે, જે આ સિઝનમાં બોલરો માટે ખતરો બની શકે છે. અમે વાત કરી રહ્યા છીએ સમીર રિઝવીની જે યુપી માટે ડોમેસ્ટિક ક્રિકેટ રમે છે.સમીર રિઝવી મેરઠનો રહેવાસી છે અને તે ગયા વર્ષે UP T20 લીગમાં રમ્યો હતો. આ ટુર્નામેન્ટમાં સમીરે 10 મેચમાં 50થી વધુની એવરેજથી 455 રન બનાવ્યા હતા. તેનો સ્ટ્રાઈક રેટ પણ 188થી વધુ હતો. આશ્ચર્યજનક વાત એ છે કે સમીરે આ ટૂર્નામેન્ટમાં સૌથી વધુ 35 સિક્સર ફટકારી છે.

આ દરમિયાન તેણે પોતાના બેટથી 2 સદી પણ ફટકારી હતી. સમીર રિઝવીએ સીકે નાયડુ ટ્રોફીમાં પણ પોતાની જોરદાર રમત બતાવી હતી. યુપી તરફથી રમતા આ ખેલાડીએ શાનદાર ત્રેવડી સદી ફટકારી હતી. આ ખેલાડીએ 266 બોલમાં 312 રન બનાવ્યા હતા. સમીર રિઝવીની સૌથી મોટી ખાસિયત એ છે કે તે મિડલ ઓર્ડરમાં રમે છે અને તેની બેટિંગ સ્ટાઈલ વિસ્ફોટક છે. ભારતના બહુ ઓછા બેટ્સમેન છે જે મિડલ ઓર્ડરમાં વિસ્ફોટક બેટિંગ કરી શકે છે અને સમીર રિઝવીમાં પણ આ ક્ષમતા છે.લોકો સમીર રિઝવીનું નામ વધારે જાણતા ન હતા પરંતુ IPL 2024ની હરાજીના દિવસે જ્યારે ચેન્નાઈની ટીમે આ ખેલાડી પર 8.4 કરોડ રૂપિયા ખર્ચ્યા ત્યારે આ ખેલાડીએ હેડલાઈન્સ બનાવી. લોકોને આશ્ચર્ય થયું કે ધોની એન્ડ કંપની માત્ર 20 વર્ષના અજાણ્યા ખેલાડી પર સટ્ટો કેમ લગાવી રહી છે. હવે બહુ ઓછા લોકો સમીરને ઓળખતા હતા પરંતુ ચેન્નાઈ સુપર કિંગ્સ મેનેજમેન્ટ આ ખેલાડીની ક્ષમતાથી વાકેફ હતું. સમીરની બીજી ખાસ વાત એ છે કે તે સ્પિનરોને ખૂબ જ સારી રીતે હેન્ડલ કરે છે. ચેન્નાઈની ટીમ તેની હોમ મેચ ચેપોકમાં રમશે જ્યાં સ્પિનરો વધુ અસરકારક સાબિત થશે. આવી સ્થિતિમાં ચેન્નાઈની ટીમ એવો બેટ્સમેન ઈચ્છે છે.

# પાનવાલાના પુત્રને વકીલે બનાવ્યો ક્રિકેટર, હરાજીમાં મળ્યા કરોડો રૂ.

નવી દિલ્હી તા 16

IPLની મોટાભાગની ટીમોમાં ફિનિશર અથવા પાવર હિટર તરીકે વિદેશી ખેલાડીઓ હોય છે પરંતુ આ 29 વર્ષીય બેટ્સમેન આ મોરચે ભારતીય નામોની કમી પૂરી કરી શકે છે. 29 વર્ષની ઉંમરે વિદર્ભના આ બેટ્સમેનને પહેલીવાર IPLમાં રમવાની તક મળી રહી છે.

પાનવાલાના પુત્રને વકીલે બનાવ્યો ક્રિકેટર, હરાજીમાં મળ્યા કરોડો, હવે IPL 2024માં ધમાલ મચાવવા તૈયાર છેલ્લા 16 વર્ષની જેમ આ વખતે પણ ક્રિકેટ ચાહકોનું ઈન્ડિયન પ્રીમિયર લીગ ભરપૂર મનોરંજન કરશે. પ્રેક્ષકો માટે આ મનોરંજનની તક છે, જ્યારે ખેલાડીઓ માટે આ પોતાનું સ્થાન મજબૂત કરવાની અથવા પોતાની ઓળખ બનાવવાની તક છે. હંમેશની જેમ આ વખતે પણ કેટલાક એવા ખેલાડીઓ છે જેઓ મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બહાર આવીને ક્રિકેટર બન્યા છે અને લીગમાં શાનદાર પ્રદર્શનની મદદથી પોતાના અને પરિવારના સપનાને પૂરા કરવા માંગે છે. રાજસ્થાન રોયલ્સના શુભમ દુબે પણ સારા પ્રદર્શનથી પોતાનું સપનું પૂરું કરવા માંગે છે. સિક્સર મારવામાં નિષ્ણાત

ડિસેમ્બરમાં યોજાયેલી IPL ઓક્શનમાં રાજસ્થાન રોયલ્સે વિદર્ભના આ બેટ્સમેન માટે 5.80 કરોડ રૂપિયાની બોલી લગાવીને બધાને ચોંકાવી દીધા હતા. શુભમ દુબેનું નામ પહેલા બહુ સાંભળ્યું ન હતું પરંતુ તેમ છતાં રાજસ્થાને આટલી મોટી રકમ ખર્ચી હતી અને તેનું કારણ હરાજીના થોડા અઠવાડિયા પહેલા તેનું વિસ્ફોટક પ્રદર્શન હતું.



## શુભમ દુબે પહેલીવાર IPLમાં રમશે

જ્યારે વિદર્ભની ટીમ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રણજી ટ્રોફીની ફાઈનલમાં મુંબઈ સામે જીતવા માટે સંઘર્ષ કરી રહી હતી ત્યારે શુભમ દુબે ટીમનો ભાગ નહોતો. રણજી ટ્રોફીની સિઝન શુભમ દુબે માટે સારી રહી ન હતી અને પ્રથમ 3 મેચ બાદ વિદર્ભે તેને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરી દીધો હતો. પરંતુ તેના થોડા અઠવાડિયા પહેલા જ તેના જીવનમાં મોટો બદલાવ આવ્યો હતો. એક બદલાવ જેની તેણે સતત આશા રાખી હશે પરંતુ તે 29 વર્ષની ઉંમરે પૂર્ણ થઈ.

# મુંબઈને 5 રને હરાવી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર પ્રથમ વખત WPL ફાઈનલમાં

મુંબઈ તા 16

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની બેટિંગ આ મેચમાં ફ્લોપ રહી હતી પરંતુ એલિસ પેરીએ એકલા હાથે ટીમને સ્પર્ધાત્મક સ્કોર સુધી પહોંચાડી હતી. આ પછી ટીમના બોલરોએ જોરદાર વાપસી કરી અને મુંબઈ ઈન્ડિયન્સને 5 રને હરાવી પ્રથમ વખત TATA WPLની ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો.વુમન્સ પ્રીમિયર લીગ 2024ની ફાઈનલ નક્કી થઈ ગઈ છે અને આ વખતે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે થશે. શુક્રવાર, 15 માર્ચે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી એલિમિનેટર મેચમાં બેંગ્લોરે ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સને રોમાંચક મુકાબલામાં 5 રને હરાવીને પ્રથમ વખત TATA WPLની



ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. હવે 17 માર્ચે યોજાનારી ફાઈનલમાં બેંગ્લોરનો સામનો દિલ્હી કેપિટલ્સ સામે થશે. ગત સિઝનમાં પ્લેઓફમાં ચૂકી ગયેલી સ્મૃતિ મંધાનાની કપ્તાની હેઠળની બેંગ્લોરે આ સિઝનમાં વધુ સારું પ્રદર્શન કર્યું હતું અને ટોપ-3માં સ્થાન મેળવ્યું હતું અને ફાઈનલ માટે દાવો કર્યો હતો. એલિમિનેટર મેચ પહેલા તેમણે મુંબઈ ઈન્ડિયન્સને એકતરફી રીતે હરાવ્યું હતું. ટીમે ત્રણ દિવસ પહેલા આ જ મેદાન પર જીતેલા વિજયનું પુનરાવર્તન કરવાની આશા સાથે મેચમાં પ્રવેશ કર્યો હતો, પરંતુ આ વખતે બેટ્સમેનોએ નિરાશ કર્યા હતા. કેપ્ટન સ્મૃતિ મંધાના (10) એ મેચના પહેલા જ બોલ પર ચોગ્ગો ફટકારીને પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો અને બેંગ્લોરે માત્ર 2 ઓવરમાં 20 રન ઉમેર્યા, પરંતુ આ જ સમયે વિકેટ પડી અને પાવરપ્લેના અંત સુધીમાં ટીમનો સ્કોર 100 રન હતો અને સ્મૃતિ સહિત 3 વિકેટ પડી ગઈ હતી. ટીમની વિસ્ફોટક બેટ્સમેન રિચા ઘોષ લાંબા સમય સુધી ટકી પરંતુ તે સંઘર્ષ કરતી જોવા મળી હતી અને 10મી ઓવરમાં માત્ર 14 રન બનાવીને આઉટ થઈ ગઈ હતી. બેંગ્લોરે મુંબઈના બેટ્સમેનોને ઝડપી શરૂઆત કરવાની તક આપી ન હતી અને ચોથી ઓવરમાં જ યુવા સ્પિનર શ્રેયંકા પાટીલ (2/16)એ વિસ્ફોટક ઓપનર હેલી મેથ્યુસ (15)ની વિકેટ લીધી હતી. યસ્તિકા ભાટિયા (19) લાંબો સમય ટકી રહી હતી પરંતુ આઠમી ઓવરમાં એલિસ પેરીએ તેને આઉટ કરી હતી. બેટિંગમાં કમાલ કર્યા બાદ પેરીએ બોલિંગમાં પણ ટીમ માટે પોતાનું યોગદાન ચાલુ રાખ્યું અને વિકેટ લેવા ઉપરાંત તેણે રન આપવા પર નિયંત્રણ પણ રાખ્યું. ટૂંક સમયમાં લેગ સ્પિનર જ્યોર્જિયા વેરહેમે ખતરનાક બેટ્સમેન નેટ સિવર (23)ને આઉટ કરીને મોટી રાહત પૂરી પાડી હતી.

# IPL 2024માં તક ન મળવાના સવાલ પર આ ખેલાડીએ કંઈક એવું કહ્યું જેણે દિલ જીતી લીધું



નવી દિલ્હી તા 16

સરફરાઝ ખાનની જેમ તેના નાના ભાઈ મુશીર ખાને પણ પોતાની બેટિંગથી ધૂમ મચાવી છે. અન્ડર 19 વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કર્યા બાદ મુશીર ખાને રણજી ટ્રોફીમાં પણ પોતાની તાકાત બતાવી હતી. ફાઈનલમાં સદી ફટકારીને તેણે મુંબઈને 42મી વખત રણજી ચેમ્પિયન પણ બનાવ્યું હતું. જોકે, જ્યારે તેને IPL પર સવાલ પૂછવામાં આવ્યો ત્યારે તેણે કંઈક એવું કહ્યું જેણે દિલ જીતી લીધું. આજના યુગમાં દુનિયાનો દરેક ક્રિકેટર IPLમાં રમવા માંગે છે. IPLમાં પૈસા અને નામ બંને છે અને તેથી જ યુવા ક્રિકેટરો વિશ્વની સૌથી મોટી લીગમાં રમવા માટે બધું જ કરે છે. પરંતુ એક ખેલાડી એવો છે જે IPL 2024માં તક ન મળવાથી ઘણો ખુશ છે. અમે વાત કરી રહ્યા છીએ મુશીર ખાનની, જે IPLમાં નહીં રમે પરંતુ તે તેનાથી દુખી નથી. તે ખુશ છે અને તેના વિશે કંઈક આશ્ચર્યજનક પણ કહ્યું છે. મુશીરે કહ્યું કે તે હરાજીમાં ન વેચાવાથી ખુશ છે કારણ કે તેને આ ફોર્મેટ સમજવા માટે થોડો સમય મળશે.્યારે તે ટીમ ઈન્ડિયા માટે રમશે તો એક દિવસ તેને IPLમાં અવશ્ય તક મળશે.

# પાકિસ્તાન હવે કોને ફરિયાદ કરશે? ટીમ ઈન્ડિયાને રમવા બોલાવવાની આશા ઠગારી નીવડી રહી

પાકિસ્તાન તા 16

ગયા વર્ષે પાકિસ્તાનને એશિયા કપ અને બીજા વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની કરવાનું મળ્યું, પરંતુ બંને ટૂર્નામેન્ટ માટે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ટીમ ઈન્ડિયાને તેના દેશમાં આમંત્રિત કરવા માટે તમામ પ્રયાસ કર્યો. જ્યારે એશિયા કપમાં તેમના પ્રયાસો નિષ્ફળ ગયા હતા, ત્યારે ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ આવું થવાની કોઈ આશા નથી. પાકિસ્તાન હવે કોને ફરિયાદ કરશે? ટીમ ઈન્ડિયાને રમવા બોલાવવાની આશા ઠગારી નીવડી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે છેલ્લા અઢીથી ત્રણ વર્ષમાં 4 નવા પ્રમુખ જોયા છે અને તેમાંથી દરેકે ભારપૂર્વક દાવો કર્યો છે કે તેઓ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ સામે ઝૂકશે નહીં. પોતાના દેશમાં યોજાનારી મોટી ટૂર્નામેન્ટ રમવા આવવા માટે પાકિસ્તાને ટીમ ઈન્ડિયા પર દબાણ કરવાના દાવા કર્યા. તેની વાસ્તવિકતા એશિયા કપ 2023માં દેખાઈ હતી અને હવે આવતા વર્ષે યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ તેની તમામ યુક્તિઓ ઢીલી પડી રહી છે કારણ કે ખુદ ઈન્ટરનેશનલ બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટે આ મામલે હસ્તક્ષેપ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે.



## પાકિસ્તાનમાં ICC ચેમ્પિયન્સ ટ્રોફી

પાકિસ્તાન ફેબ્રુઆરી-માર્ચ 2025માં ICC ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની કરશે. માત્ર 8 ટીમો સાથે આ ટુર્નામેન્ટમાં પહોંચનારી મોટાભાગની ટીમોમાં કોઈ સમસ્યા હોય તેવું લાગતું નથી, પરંતુ બધાની નજર ભારતની ભાગીદારી પર છે. શું ટીમ ઈન્ડિયા આ ટૂર્નામેન્ટ માટે પાકિસ્તાન જશે, જ્યાં તે છેલ્લા 17 વર્ષથી આતંકવાદી ઘટનાઓ અને બંને દેશો વચ્ચેના સંબંધોને કારણે નથી ગઈ? ગયા વર્ષે એશિયા કપની યજમાનીનો અધિકાર પણ પાકિસ્તાન પાસે હતો અને ત્યારે પણ ટીમ ઈન્ડિયા પાકિસ્તાન ગઈ ન હતી.

## ICCએ પાકિસ્તાનને આંચકો આપ્યો

ICCના એક અધિકારીને કહ્યું કે આ મુદ્દે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી પરંતુ એ પણ સ્પષ્ટ કર્યું છે કે તેઓ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડને તેમની સરકારની નીતિઓ વિરુદ્ધ જવા માટે દબાણ કરી શકે નહીં. આ દિવસોમાં દુબઈમાં ICC એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠક યોજાઈ રહી છે.

## ICC પાકિસ્તાનમાં રમવા દબાણ કરી શકે નહીં

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ICC બોર્ડના આ સભ્યએ સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ સભ્ય દેશની સરકાર કોઈપણ જગ્યાએ રમવાનો ઈનકાર કરે છે તો ICCએ તેના માટે વિકલ્પ શોધવો પડશે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે ICC માને છે કે કોઈપણ સભ્ય બોર્ડ તેના દેશની સરકારના નિર્ણયની વિરુદ્ધ નહીં જાય. એટલે કે સ્પષ્ટ છે કે આવી સ્થિતિમાં ICC પણ ભારતીય બોર્ડને પાકિસ્તાન જઈને રમવા માટે દબાણ કરી શકે નહીં. આવી સ્થિતિમાં પાકિસ્તાન હવે કોને ફરિયાદ કરશે?

## શું ટુર્નામેન્ટ હાઈબ્રિડ મૉડલ પર યોજાશે?

જો આ વર્ષના અંત સુધીમાં પણ ભારત સરકારની નીતિમાં કોઈ ફેરફાર નહીં થાય તો ICCએ બીજો વિકલ્પ શોધવો પડશે, જે છે હાઈબ્રિડ મોડલ. આ અંતર્ગત ગયા વર્ષે એશિયા કપનું આયોજન કરવામાં આવ્યું હતું.

# IPL 2024 પહેલા પાકિસ્તાન ક્રિકેટની બની ગઈ મજાક




પાકિસ્તાન તા 16

પાકિસ્તાની ક્રિકેટ ચાહકો ઘણીવાર તેમના દેશની T20 ટુર્નામેન્ટ પાકિસ્તાન સુપર લીગની તુલના ભારતીય T20 લીગ, ઈન્ડિયન પ્રીમિયર લીગ સાથે કરે છે, જે વિશ્વની સૌથી મોટી અને પ્રખ્યાત T20 લીગ છે. પરંતુ જ્યારે સ્ટેડિયમમાં સમર્થનની વાત આવે છે, ત્યારે તે મોટી મેચોમાં પણ ગાયબ રહ્યો છે.ભારત સહિત વિશ્વભરના ક્રિકેટ ચાહકોમાં IPL 2024ને લઈને ઉત્સુકતા વધવા લાગી છે. વિશ્વની સૌથી મોટી અને પ્રખ્યાત T20 લીગની 17મી સિઝન 22 માર્ચથી શરૂ થવા જઈ રહી છે. પરંતુ ટૂર્નામેન્ટની શરૂઆત પહેલા ભારતના પાડોશી દેશ પાકિસ્તાન અને તેના ક્રિકેટની મજાક ઉડાવવામાં આવી રહી છે. તેનું કારણ છે પાકિસ્તાન સુપર લીગ, જેની વર્તમાન સિઝન ખતમ થવાના આરે છે અને પ્લેઓફ મેચો રમાઈ રહી છે, પરંતુ ચાહકો તેને જોવા નથી આવી રહ્યા અને તેના કારણે PSL સહિત પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની મજાક બની ગઈ છે. પાકિસ્તાન સુપર લીગમાં પ્રેક્ષકોની હાજરી બની મજાક પાકિસ્તાની ચાહકો ઘણીવાર PSL ને IPL સાથે સરખાવે છે અને તેને વધુ સારું કહે છે. છતાં, જ્યારે પણ સ્ટેડિયમમાં સમર્થનની વાત આવે છે, ત્યારે આ ચાહકો ગેરહાજર રહે છે. છેલ્લી 2-3 સિઝનમાં પાકિસ્તાની મીડિયામાં આ વિશે ઘણી ચર્ચા થઈ છે નથી. પ્લેઓફ સ્ટેજમાં પણ ચાહકો પહોંચી રહ્યા નથી. ટૂર્નામેન્ટની પ્રથમ પ્લેઓફ મેચ 14 માર્ચ, ગુરુવારે રમાઈ હતી.

# કેપ્ટન બદલાયો, બેસ્ટ બોલર અનફીટ...: IPL 2024માં કેમ અઘરી છે ગુજરાતની રાહ

નવી દિલ્હી, તા. 16 માર્ચ

આઈપીએલમાં બે જ એવી ટીમો છે. જેણે પોતાની પહેલી જ સીઝનમાં ખિતાબ જીત્યો. પહેલી રાજસ્થાન રોયલ્સ અને બીજી ગુજરાત ટાઈટન્સ. રાજસ્થાનની ટીમ 2008માં શેન વોર્નની કેપ્ટનશિપમાં પહેલી વખત ચેમ્પિયન બની હતી જ્યારે ગુજરાત ટાઈટન્સે 2002માં સુધી પહોંચાડી પરંતુ આઈપીએલ 2024 માં હાર્દિક પંડ્યા ગુજરાતની સાથે નથી. હવે તે મુંબઈ ઈન્ડિયન્સની પાસે પાછા ફરી ચૂક્યા છે માત્ર પંડ્યા જ એવા ક્રિકેટર નથી. જેમની ખોટ ગુજરાત ટાઈટન્સને વર્તાશે. આ લિસ્ટ લાંબી છે.



ગુજરાત ટાઈટન્સને આઈપીએલ 2024માં તે ઝડપી બોલરની ખોટ પણ વર્તાશે. જે ન માત્ર આ ટી20 લીગના ચેમ્પિયન બોલર છે પરંતુ જેણે વર્લ્ડ કપ 2023માં સૌથી વધુ વિકેટ ઝડપી હતી. તેમનું નામ મોહમ્મદ શમી છે. સ્વિંગ બોલિંગના ચેમ્પિયન મોહમ્મદ શમી ઈજાગ્રસ્ત છે. તેમણે થોડા દિવસ પહેલા જ સર્જરી કરાવી છે અને આ કારણે આગામી ત્રણ-ચાર મહિના રમી શકશે નહીં. આઈપીએલ 2023માં મોહમ્મદ શમીએ સૌથી વધુ 28 વિકેટ લઈને પર્પલ કેપ પર કબ્જો કર્યો હતો. ગુજરાત ટાઈટન્સની 2023 અને 2024ની ટીમમાં ઘણા પરિવર્તન છે. ગુજરાત ટાઈટન્સે 2023ની ટીમમાં સામેલ યશ દયાળ, કેએસ ભરત, શિવમ માવી, ઉર્વિલ પટેલ, પ્રદીપ સાંગવાન, ઓડિયન સ્મિથ, અલ્ઝારી જોસેફ અને દાસુન શનાકોને રિલીઝ કરી દીધા છે. હવે આ ખેલાડી આ ટીમની સાથે જોવા મળશે નહીં.

# શ્રીલંકાએ બાંગ્લાદેશને 3 વિકેટે હરાવ્યું, પથુમ નિસંકાની સદી



ચટગાવ | બાંગ્લાદેશ સામેની બીજી વન-ડેમાં શ્રીલંકાએ 3 વિકેટે જીત મેળવતા સીરિઝ 1-1ની બરાબરીએ પહોંચી. પ્રથમ બેટિંગ કરતા બાંગ્લાદેશની ટીમે 50 ઓવરમાં 7 વિકેટે 286 રન કર્યા હતા. ઓપનર સૌમ્ય સરકાર (68) અને તૌહિદ હ્રદૉય (96*)એ અડધી સદી ફટકારી હતી. હસરંગાએ 4 વિકેટ લીધી. રનચેઝ કરતા શ્રીલંકન ટીમે 47.1 ઓવરમાં 7 વિકેટનાં ભોગે 287 રન કરી જીત હાંસલ કરી હતી. ઓપનર પથુમ નિસંકાએ સદી ફટકારતા 114 રન કર્યા, જ્યારે ચરિથ અસલંકાએ 91 રનની ઈનિંગ્સ રમી હતી.

# હાર્દિક પંડ્યા ફરી થયો ઈજાગ્રસ્ત?

મુંબઈ તા 16

મુંબઈ ઈન્ડિયન્સે ઈન્ડિયન પ્રીમિયર લીગ 2024 માટે નવા કેપ્ટનની નિમણૂક કરી છે. રોહિત શર્માના સ્થાને હાર્દિક પંડ્યાને કેપ્ટનશિપ આપવામાં આવી છે. જો કે, 17મી સિઝનની શરૂઆત પહેલા એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં હાર્દિક ઘાયલ છે કે નહીં.

આઈપીએલ 2024ની શરૂઆત પહેલા એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે જે મુંબઈ ઈન્ડિયન્સના કપાળ પર ચિંતાની રેખાઓ ઉભી કરી શકે છે. એવા અહેવાલ છે કે હાર્દિક પંડ્યા ફરી ઈજાગ્રસ્ત થયો છે. મુંબઈ ઈન્ડિયન્સના ટ્રેનિંગ કેમ્પમાં હાર્દિક પંડ્યા સ્ટ્રેચર પર સૂતો હોય તેવી વીડિયો વાયરલ થતા મુંબઈ ઈન્ડિયન્સની ચિંતા વધી ગઈ છે.

હાર્દિક IPL 2024માં મુંબઈ ઈન્ડિયન્સની કરશે કપ્તાની IPL 2024 પહેલા મુંબઈ ઈન્ડિયન્સે એક મોટો નિર્ણય લીધો અને રોહિત શર્માને કેપ્ટનશિપ પરથી હટાવી દીધો. રોહિત શર્માની કપ્તાની હેઠળ મુંબઈ ઈન્ડિયન્સે પાંચ વખત IPL જીતી હતી અને 17મી સિઝન પહેલા તેને કેપ્ટનશીપમાંથી હટાવીને હાર્દિક પંડ્યાને કમાન સોંપવામાં આવી હતી. મુંબઈ ઈન્ડિયન્સ હવે રોહિતથી આગળ જોવાનું વિચારી રહી હતી અને તેથી જ તેણે હાર્દિકને કેપ્ટનશિપ સોંપી દીધી.



# સ્પેશિયલ ઓલમ્પિક્સ ગુજરાત બેડમિન્ટન ટીમનાં પ્રિ નેશનલ કેમ્પનું કપડવંજ ખાતે સમાપન

કપડવંજ | સ્પેશિયલ ઓલમ્પિક્સ ભારત દ્વારા SAI સાથે મળી મનો દિવ્યાંગ ખેલાડીઓ માટે નેશનલ ગેમ્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે.આ બેડમિન્ટનની સ્પર્ધા તા.૧૯ માર્ચથી ૨૩ માર્ચ દરમિયાન ગુહાટી, આસામ ખાતે આયોજિત થનાર છે,સદર સ્પર્ધામાં ભાગ લેવા માટે ગુજરાતની ટીમની પસંદગી ગત તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ આણંદ ખાતે યોજવામાં આવેલ સ્પેશિયલ ઓલમ્પિક્સ ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપ દરમિયાન કરવામાં આવી હતી.જેમાં સમગ્ર ગુજરાતના ૩૩ જીલ્લાના મનો દિવ્યાંગ ખેલાડી ભાઈઓએ ભાગ લીધો હતો. ગુજરાતની આ મનોદિવ્યાંગ ખેલાડીઓની ટીમ સ્પેશિયલ ઓલમ્પિકસ નેશનલ બેડમિન્ટન સ્પર્ધામાં ભાગ લે તે પહેલા કપડવંજ કેળવણી મંડળ દ્વારા સ્પેશિયલ ઓલમ્પિક્સ ભારત ગુજરાતનું ટીમનાં પ્રિ નેશનલ બેડમિન્ટન કેમ્પનું આયોજન દાણી ગ્રુપના સહયોગથી કોલેજ બેડમિન્ટન હોલ,કપડવંજ ખાતે કરવામાં આવ્યું હતું. સ્પેશિયલ ઓલમ્પિક ગુજરાતના ખેડા જીલ્લાના સ્પોર્ટ્સ ડાયરેક્ટર અને મુખ્ય બેડમિન્ટન કોચ ડૉ. જગજીતસિંહ ચૌહાણ (સ્પોર્ટસ ડાયરેકટર, પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજ, કપડવંજ) દ્વારા આ મનો દિવ્યાંગ ખેલાડીઓને આ આઠ દિવસીય કોચિંગ કેમ્પ દરમિયાન ફિટનેસ અને બેડમિન્ટન સિંગલ્સ અને ડબલ્સ ગેમ્સ ની વિવિધ સ્કીલ જેવી કે સર્વિસ,સ્મેશ, ડ્રોપ,રેલી,ક્રોસ કોર્ટ પ્લે વગેરેની સઘન તાલીમ આપી તૈયાર કરવામાં આવ્યા, આની સાથે સાથે આ મનો દિવ્યાંગ ખેલાડીઓની બેડમિન્ટનના નિયમો પ્રમાણે ડબલ્સની રમતનું વિશેષ પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. ટીમના કોચ ડૉ. જગજીતસિંહ એ જણાવ્યું હતું કે આ ખેલાડીઓને 'રોજ ત્રણ ત્રણ કલાકના બે સેશન પ્રેક્ટિસ કરાવવામાં આવતી હતી અને ધીરે ધીરે આ ખેલાડીઓ ની મેચ નોર્મલ ખેલાડીઓ સાથે પણ યોજવામાં આવતી હતી.



## જાણો, ઓસ્કારમાં ધૂમ મચાવનારી આ ફિલ્મ જાપાને કેમ રિલિઝ કરી ન હતી ?



ન્યૂયોર્ક| ૨૦૨૪માં ઓસ્કારમાં સમારોહમાં ઓપન હાઈમર ફિલ્મને સાત પુરસ્કાર મળ્યા હતા.ગત જુલાઈ ૨૦૨૩માં રિલિઝ થયેલી ફિલ્મે કુલ ૧.૪ અબજ ડોલરનો કારોબાર કર્યો છે. દુનિયાના અનેક દેશોમાં ઓપન હાઈમર રિલિઝ થઈ હતું પરંતુ જાપાન બાકાત રહયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર આ મહિનાના અંતમાં આ ફિલ્મ મહિનાઓ પછી રિલિઝ થઈ રહી છે. ઓપન હાઈમર ફિલ્મ એટમ બોંબ બનાવનાર અમેરિકાના વૈજ્ઞાનિક ગ્રુપના લિડરની કહાની છે. અમેરિકાએ ૧૯૪૫માં વિશ્વયુદ્ધ દરમિયાન જાપાનના હિરોશીમા અને નાગાસાકી ઉપર અમેરિકાએ અણુબોંબ ફેંકયા હતા. જેમાં ૨ લાખથી વધુ લોકોના મુત્યુ થયા હતા. આથી ઓપન હાઈમર જાપાન દેશવાસીઓ માટે અત્યંત કરુણ ઘટના છે. ઓપન હાઈમર આમ તો યુદ્ધ વિરોધી ફિલ્મ છે.અણુબોંબ ફેંકાવાની સાથે જ વિશ્વયુદ્ધનો અંત આવ્યો અને જાપાને શરણાગતિ સ્વીકારી હતી.

### ન્યૂઝ ટ્રેક

## ડેનમાર્ક હવે મહિલા સૈનિકોની પણ ભરતી કરશે

ડેનમાર્ક | યુરોપના દેશ ડેનમાર્કે વર્તમાન પરિસ્થિતિને જોતા 1990 બાદ પહેલી વખત પોતાની સેનાનુ વિસ્તરણ કરવાનુ નક્કી કર્યુ છે અને તેના માટે સેનામાં મહિલાઓની ભરતી કરવાની જાહેરાત કરી છે. સાથે સાથે અત્યારે કામચલાઉ રીતે જોડાતા સૈનિકો માટે સેનામાં ફરજ બજાવવાનો કાર્યકાળ પણ ચાર મહિનાથી વધારીને 11 મહિનાનો કરવાનુ એલાન કર્યુ છે. આ નિયમ મહિલા સૈનિકો માટે પણ લાગુ પડશે. ડેનમાર્કના પીએમ મેટ ફ્રેડરિકસને કહ્યુ હતુ કે, સેનામાં ભરતીને અમે વિસ્તૃત સ્વરુપ આપવા માંગીએ છે. નવી રણનીતિ પ્રમાણે યુવાઓનો રેશિયો વધારવામાં આવશે. વર્તમાન સમયમાં આંતરરાષ્ટ્રીય સ્તરે મોટા પડકારો સર્જાયા છે ત્યારે અમે યુધ્ધ ભડકાવવા માટે નહીં પણ યુધ્ધ ટાળવા માટે સંગઠિત થઈ રહ્યા છે. ઈન્ટરનેશનલ મીડિયા રિપોર્ટ સૈનિકો છે. જ્યારે 4700 જેટલા સૈનિકો શરૂઆતની ટ્રેનિંગ લઈ રહ્યા છે. ડેનમાર્કનો ઈરાદો આગામી પાંચ વર્ષમાં સૈન્ય ખર્ચ 5.9 અબજ ડોલર સુધી વધારવાનો છે.

## ચીને ભારત બોર્ડર નજીક યુધ્ધાભ્યાસ કર્યો

બેઈજિંગ | ભારતને જવાબ આપવાના નામે ચીને ભારતની બોર્ડર નજીક લાઈવ ફાયર એક્સરસાઈઝ કરી છે. ચીનના સરકારી મીડિયાએ પોતાના અહેવાલમાં કહ્યુ છે કે, આ કવાયતમાં ચીનની સેનાની મહિલાઓની ટુકડીએ ભાગ લીધો હતો. આ ટુકડી એન્ટી એરક્રાફ્ટ મિસાઈલ બેટરી ઓપરેટ કરે છે. તેમણે પહેલી વખત 4300 મીટરની ઉંચાઈ પર આવેલા કારાકોરમ વિસ્તારમાં સબસોનિક ટાર્ગેટ પર લાઈવ પ્રેક્ટિસ કરીને આ ટાર્ગેટને સફળતાપૂર્વક તોડી પાડ્યુ હતુ. ચીની મીડિયાના દાવા અનુસાર આર્મીના યુધ્ધાભ્યાસમાં જમીન પરથી હવામાં માર કરી શકતી અત્યાધુનિક મિસાઈલ ટેકનોલોજીને પ્રદર્શીત કરવામાં આવી હતી. ચીનના સીમા પર 10000 સૈનિકોની તૈનાતી કરી છે અને તેના પર ચીને પ્રત્યાઘાત આપતા કહ્યુ હતુ કે, અમને આશા છે કે ભારત અમારી સાથે એક સમાન દિશામાં કામ કરી રહ્યુ છે અને ચીન સાથેના સબંધોને લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી જુએ છે.

## નાસાએ ગુરુ ગ્રહની અદભૂત તસવીર શેર કરી

ન્યૂયોર્ક | અમેરિકાની સ્પેસ એજન્સી નાસાએ અંતરિક્ષ યાન જૂનો દ્વારા લેવાયેલી ગુરુ ગ્રહની તસ્વીર સોશિયલ મીડિયામાં શેર કરી છે. ગુરુ ગ્રહ પર ગ્રેટ રેડ સ્પોટ તરીકે ઓળખાતા આ સ્થળની તસ્વીર એક તોફાનની છે જે પૃથ્વી કરતા બમણા આકારનું છે નવાઈની વાત તો એ છે કે આ તોફાન આજકાલ કરતા ૩૫૦ વર્ષથી અસ્તિત્વ ધરાવે છે.નાસાના જણાવ્યા અનુસાર અંતરિક્ષયાન જૂનોએ લગભગ ૧૩૯૧૭ માઈલ દૂરથી ગુરુના ગ્રેટ રેડ સ્પોટના વાસ્તવિક રંગીન ચિત્રને કેદ કર્યુ છે. તોફાનનો આકાર ધીમે ધીમે ઘટી રહયો છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે સૌર મંડળનું સૌથી જાણીતું તોફાન દાયકાઓથી અવિરત ચાલતું રહયું છે. ૧૯૭૯માં વોયજર અંતરિક્ષ યાન દ્વારા તોફાનને માપવામાં આવ્યું હતું તેના કરતા ઓછું જણાય છે.

### યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્થુ મિલરે કહ્યું કે યુએસ સરકાર CAA બાબતે ચિંતિત છે

# ટ્રુડોએ કહ્યું- દરરોજ રાજીનામુ આપવાનો વિચાર આવે છે



### કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ તેમના કામકાજને ખુબ જ મુશ્કેલીભર્યું ગણાવ્યું છે

ટોરેન્ટો | તા.16

રેડિયો-કેનેડાને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રુડોએ કહ્યું- હું દરરોજ રાજકારણ છોડવાનું વિચારું છું. રાજીનામું આપવાનો વિચાર દરરોજ આવે છે. કામના ભારણને કારણે અંગત બલિદાન આપવું પડે છે. અલબત્ત, તે બધુ ખૂબ જ મુશ્કેલ છે, કેટલીકવાર આ બિલકુલ સારું નથી લાગતું. ટ્રુડો ઓગસ્ટ 2023માં તેમની પત્ની સોફીથી ડિવોર્સ લીધા હતા. લગ્નના 18 વર્ષ બાદ બંનેએ અલગ થવાનો નિર્ણય લીધો હતો. બંનેને 3 બાળકો છે. ટ્રુડોની લોકપ્રિયતા ઘટી જસ્ટિન પિયરે જેમ્સ ટ્રુડો નવેમ્બર 2015માં કેનેડાના 23મા વડાપ્રધાન બન્યા. તેઓ એપ્રિલ 2013થી લિબરલ પાર્ટીના નેતા છે. કેનેડામાં ઓક્ટોબર 2025માં સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. આ પહેલા ત્યાં વડાપ્રધાનના ચહેરાનો સર્વે કરવામાં આવી રહ્યો છે. ટ્રુડો આ સર્વેમાં ઘણા પાછળ જોવા મળે છે. તેમની લોકપ્રિયતામાં ઘટાડો થતો જોવા મળી રહ્યો છે. સર્વે અનુસાર તેમની લિબરલ પાર્ટી પણ કન્ઝર્વેટિવ પાર્ટીથી પાછળ રહી છે.2020માં તેમની લગ્નની વર્ષગાંઠ પર પીએમ ટ્રુડોએ કહ્યું હતું કે તેમની પત્ની તેમની સૌથી મોટી સપોર્ટ સિસ્ટમ, એક સારી મિત્ર અને સારી જીવનસાથી છે. બુધવારે છૂટાછેડાની જાહેરાત કરતા જસ્ટિને કહ્યું - અમે ખૂબ જ મુશ્કેલ અને મહત્વપૂર્ણ ચર્ચાઓ પછી આ નિર્ણય લીધો છે.

#### બંને પાસે બાળકોની જોઈન્ટ કસ્ટડી છે

છૂટાછેડા પછી, જસ્ટિન અને સોફી પાસે બાળકોની જોઈન્ટ કસ્ટડી છે. ટ્રુડોની ઓફિસે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે અલગ થયા બાદ હવે બંને બાળકોના ઉછેર પર ધ્યાન આપીશ. આ તસવીર 2018ની છે, જ્યારે ટ્રુડો પોતાના પરિવાર સાથે તાજમહેલ જોવા આવ્યા હતા. આ તસવીર 2018ની છે, જ્યારે ટ્રુડો પોતાના પરિવાર સાથે તાજમહેલ જોવા આવ્યા હતા.

#### જસ્ટિન - સોફીના લગ્ન મે 2005માં થયા


ટ્રુડો કેનેડામાં બીજા વડાપ્રધાન છે જેઓ પીએમ પદે રહેતા પોતાની પત્નીથી છૂટાછેડા લીધા છે. તેમના પહેલા તેમના પિતા અને ભૂતપૂર્વ PM પિયરે ટ્રુડો 1979માં તેમની પત્ની માર્ગારેટથી અલગ થઈ ગયા હતા અને 1984માં બંનેના છૂટાછેડા થઈ ગયા હતા. જસ્ટિન અને સોફીના લગ્ન મે 2005માં થયા હતા. જસ્ટિન ટ્રુડોએ પરિવારના મહત્વ વિશે ઘણી વખત જાહેરમાં વાત કરી છે. તેમની પત્ની તેમની સૌથી મોટી સપોર્ટ સિસ્ટમ, એક સારી મિત્ર અને સારી ીવનસાથી છે.

આ અંગે ચર્ચા કરતી વખતે તેમણે રાજકારણ છોડવાનો ઉલ્લેખ કર્યો હતો. જો કે, તેમણે કહ્યું કે તેઓ આગામી ચૂંટણી સુધી રાજીનામું નહીં આપે. તેણે કહ્યું- હું લોકપ્રિય થવા માટે રાજકારણમાં આવ્યો નહોતો અને મારી પાસે રાજકારણમાં આવવાનું કોઈ અંગત કારણ પણ નથી. હું માત્ર લોકોની સેવા કરવા માટે રાજકારણી બન્યો છું અને હું જાણું છું કે હું તે કરી રહ્યો છું.જસ્ટિન 1994માં મેકગિલ યુનિવર્સિટીમાંથી સાહિત્યમાં ગ્રેજ્યુએશન થયા. ત્યારબાદ 1998માં તેમણે યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયામાંથી સ્નાતકની ડિગ્રી મેળવી.

# નવાઝ શરીફની વિદાય હવે તો નક્કી

ઈસ્લામાબાદ | તા.16

પાકિસ્તાનના રાજકારણમાં લગભગ 45 વર્ષ સુધી સક્રિય રહેલા પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની રાજકીય યાત્રા હવે પૂર્ણ થવાના આરે છે. સેનાએ નવાઝ શરીફના રૂપમાં પાકિસ્તાનના રાજકારણમાં છેલ્લા મોટા નામને હાંસિયામાં ધકેલી દેવાની તૈયારી કરી લીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આર્મી ચીફ અસીમ મુનીરે નવાઝને જલ્દીથી લંડન પરત ફરવાનો આદેશ આપ્યો છે. નવાઝના નજીકના એક વિશ્વસનીય સુત્રનું કહેવું છે કે તે ખરાબ તબિયતને ટાંકીને લંડન પરત ફરવાનો પોતાનો પ્લાન જાહેર કરશે. જો કે આ નવાઝની રાજકીય વિદાય થવા જઈ રહી છે. નવાઝના લંડન પરત ફર્યા બાદ સેના દેશના મુખ્ય નેતાઓ પર પોતાની પકડ વધુ મજબૂત કરશે. નવાઝ મનશેરા



બેઠક પરથી હારી ગયા હતા, લાહોરથી 50 હજાર મતોથી પાછળ રહેલા નવાઝને બાદમાં 80 હજાર મતોથી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. મતલબ કે નવાઝ શરીફના સમર્થનનો આધાર ખૂબ જ સંકોચાઈ ગયો છે. તેઓને પણ આ વાત જાણવા મળી છે. લાહોર સીટ પર નવાઝની જીત સામે હાઈકોર્ટમાં રિકાઉન્ટિંગ માટે અરજી દાખલ કરવામાં આવી હતી. નવાઝ શરીફની પુત્રી મરિયમ શરીફને પંજાબ પ્રાંતની મુખ્યમંત્રી બનાવવામાં આવી છે. ભાઈ શાહબાઝ શરીફ હાલમાં પાકિસ્તાનના વડાપ્રધાન છે, તેથી સેનાએ નવાઝ શરીફને સ્પષ્ટપણે કહ્યું છે કે હવે તેમનો પરિવાર રાજકીય રીતે સેટ છે, તેમણે પાકિસ્તાન છોડી દેવું જોઈએ. નવાઝ 1990-1993 દરમિયાન પાકિસ્તાનના પ્રથમ વડાપ્રધાન હતા. બીજી વખત થોડા સમય પછી, સેના સાથે તેમનો સંઘર્ષ શરૂ થયો. બીજા જ વર્ષે પાકિસ્તાને પરમાણુ પરીક્ષણ કર્યું. 1999માં પરવેઝ મુશર્રફે રાષ્ટ્રપતિ બન્યા હતા.

## નેવીએ બાંગ્લાદેશી જહાજને સોમાલિયાના ચાંચિયાઓથી બચાવ્યું : 23 લોકો 2 દિવસ સુધી કેદમાં રહ્યા

ઢાકા | તા.16

ભારતીય નૌકાદળે હિંદ મહાસાગરમાં સોમાલિયન ચાંચિયાઓથી બાંગ્લાદેશી જહાજને બચાવી લીધું છે. 12 માર્ચે, મોઝામ્બિકથી સંયુક્ત આરબ અમીરાત (UAE) જઈ રહેલા બાંગ્લાદેશી વેપારી જહાજ અબુલ્લા પર 15-20 સશસ્ત્ર લૂંટારાઓએ હુમલો કર્યો હતો.

આ જહાજ સોમાલિયાની રાજધાની મોગાદિશુથી લગભગ 1100 કિમી દૂર હતું. બોર્ડમાં બાંગ્લાદેશના 23 ક્રૂ મેમ્બર હતા. હાઈજેકની માહિતી મળતા જ ભારતીય નૌકાદળે ક્રૂ મેમ્બરનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. આ પછી, જ્યારે કોઈ જવાબ ન મળ્યો, તો નૌકાદળે તેના પેટ્રોલિંગ એરક્રાફ્ટને જહાજ પર નજર રાખવા માટે મોકલ્યા. જહાજ પર 55 હજાર ટન કોલસો હાજર હતો 14 માર્ચની સવારે ભારતીય યુદ્ધ જહાજે એમવી અબ્દુલ્લાને બચાવ્યા હતા. ભારતીય નૌકાદળના જણાવ્યા અનુસાર જહાજમાં હાજર તમામ ક્રૂ મેમ્બર સુરક્ષિત છે. આ જહાજ બાંગ્લાદેશની કબીર સ્ટીલ રી-રોલિંગ મિલ્સ નામની કંપનીનું છે. તેના પર લગભગ 55 હજાર ટન કોલસો હાજર હતો. અપહરણ પછી, 13 માર્ચે, બાંગ્લાદેશી મીડિયા ઢાકા ટ્રિબ્યુને જહાજ પરના એક ક્રૂ મેમ્બરને ટાંકીને જણાવ્યું હતું કે લગભગ નવેમ્બરથી એડનની ખાડીમાં જહાજોને હાઈજેક કરવાના 20 પ્રયાસો થયા છે.

## બેન્જામીન નેતાન્યાહુએ ઈઝરાયેલને વૈશ્વિક અછૂતની સ્થિતિમાં મૂકી દીધું છે

વોશિંગ્ટન (ડીસી) | અમેરિકાની સેનેટમાં બહુમતિના નેતા યક શુમરે કહ્યું હતું કે ઈઝરાયલના વડાપ્રધાન માર્ગ જ ભૂલી ગયા છે. સાથે કહ્યું કે, ગાઝામાં હજ્જારો નાગરિકોના થયેલા મૃત્યુને લીધે ઈઝરાયલ તેના સાથી રાષ્ટ્રો ગુમાવી રહ્યું છે. આ સાથે તેઓએ ઈઝરાયલમાં ફરી ચૂંટણી યોજવા ઉપર પણ ભાર મુકયો હતો.

ઉલ્લેખનીય છે કે યક-શુમર એક યહૂદી છે અને અમેરિકાના ટોચના નેતાઓ પૈકીના એક છે.

તેઓ મૂળભૂત રીતે યહૂદી છે. એક સમયે તો તેઓ નેતાન્યૂહના ભારે મોટા સમર્થક પણ હતા. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી ગાઝા પટ્ટીમાં હમાસના થઈ રહેલા કત્લ-એ-આમથી તેઓ નેતાન્યાહુના વિરોધી બની ગયા છે. બુધવારે સેનેટમાં જ આપેલા વક્તવ્યમાં તેઓએ કહ્યું કે, ઈઝરાયલના વડાપ્રધાનની રાજકીય મહેચ્છાઓ જ ઈઝરાયલના શ્રેષ્ઠ હિતો માટે અવરોધરૂપ બની રહી છે. તેઓએ કહ્યું હતું કે, ગાઝા પટ્ટીમાં કત્લ-એ-આમ ચલાવી નેતાન્યૂહે ઈઝરાયલને વૈશ્વિક અછૂતની સ્થિતિમાં મુકી દીધું છે. શૂમરના આ વિધાનો આવ્યા કે તુર્ત જ વ્હાઈટ હાઉસે પોતાને તે વિધાનોથી દૂર કરી દીધું છે. વ્હાઈટ હાઉસના પ્રવકતા જ્હોન-ડીર્બીએ જણાવ્યું હતું કે સેનેટના પક્ષના નેતાને પોતાના મંતવ્યો રજૂ કરવાનો પૂરેપૂરો અધિકાર છે. ઈઝરાયલને ગાઝા પટ્ટી સ્થિત રફારમાં સેનાને આગળ નહીં ધપાવવા અનુરોધ કર્યો હતો.

## USએ કહ્યું- CAA કેવી રીતે લાગૂ થશે તેના પર નજર

વોશિંગ્ટન | તા.16

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્થુ મિલરે કહ્યું કે યુએસ સરકાર CAA બાબતે ચિંતિત છે. નાગરિકતા સંશોધન કાયદા (CAA) પર અમેરિકાના નિવેદન પર ભારતની પ્રતિક્રિયા સામે આવી છે. ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું- નાગરિકતા સંશોધન અધિનિયમ 2019એ ભારતનો આંતરિક મામલો છે અને આ અંગે અમેરિકાનું નિવેદન ખોટું છે. આ કાયદાને લઈને યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્થુ મિલરે કહ્યું- અમે 11 માર્ચે આવેલા CAA નોટિફિકેશનથી ચિંતિત છીએ. અમે આ કાયદાનો અમલ કેવી રીતે થશે તેની નજીકથી દેખરેખ રાખી રહ્યા છીએ. ધાર્મિક સ્વતંત્રતાનો આદર કરવો અને કાયદા હેઠળ તમામ સમુદાયો સાથે સમાન વ્યવહાર કરવો એ લોકશાહી સિદ્ધાંતો છે. બીજી તરફ પાકિસ્તાને CAA કાયદાને ભેદભાવપૂર્ણ ગણાવ્યો છે. પાકિસ્તાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા મુમતાઝ ઝહરા બલોચે કહ્યું- CAA કાયદાનો અમલ હિન્દુ ફાસીવાદી




દેશનું ભેદભાવપૂર્ણ પગલું છે. આ કાયદો લોકોમાં વિશ્વાસના આધારે ભેદભાવ ઉભો કરે છે. CAA એ ગેરસમજ પર આધારિત છે કે મુસ્લિમ દેશોમાં લઘુમતીઓ પર અત્યાચાર થાય છે અને ભારત લઘુમતીઓ માટે સુરક્ષિત દેશ છે. CAA શું છે, તેની 3 મોટી વાતો... કેન્દ્ર સરકારે 11 માર્ચે નાગરિકતા સંશોધન અધિનિયમ એટલે કે CAAનું નોટિફિકેશન બહાર પાડ્યું હતું. આ સાથે જ આ કાયદો દેશભરમાં લાગુ થઈ ગયો. CAAને હિન્દીમાં નાગરિકતા સંશોધન કાયદો કહેવામાં આવે છે. આનાથી પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના બિન-મુસ્લિમ શરણાર્થીઓને નાગરિકતા મેળવવાનો માર્ગ ખુલ્લો થઈ ગયો. 3. કેવી રીતે અરજી કરવી: અરજી ઓનલાઈન કરવાની રહેશે. અરજદારે જણાવવું પડશે કે તે ક્યારે ભારત આવ્યો હતો. જો તમારી પાસે પાસપોર્ટ અથવા અન્ય મુસાફરી દસ્તાવેજો ન હોય તો પણ તમે અરજી કરી શકશો. આ અંતર્ગત ભારતમાં રોકાણનો સમયગાળો 5 વર્ષથી વધુ રાખવામાં આવ્યો છે. બાકીના વિદેશીઓ (મુસ્લિમો) માટે આ સમયગાળો 11 વર્ષથી વધુ છે. ભારતીય નાગરિકો પર શું અસર થશે: CAA ને ભારતીય નાગરિકો સાથે કોઈ લેવાદેવા નથી. ભારતીયોને બંધારણ હેઠળ નાગરિકતાનો અધિકાર છે.

## કેનેડામાં ભારતીય પરિવાર ઊંઘમાં જ ભડથું: ઘરની રહસ્યમય આગ, પતિ-પત્ની અને પુત્રીના મૃતદેહ મળ્યા

ટોરેન્ટો | તા.16

કેનેડાના બ્રેમ્પ્ટન શહેરમાં રહેતા એક ભારતીય પરિવારના ઘરમાં લાગેલી આગનો આ વીડિયો સામે આવ્યો છે. સોશિયલ મીડિયા પર એવું કહેવામાં આવી રહ્યું છે કે પરિવાર કાશ્મીરી પંડિત હતો. કેનેડાના ઓન્ટારિયોમાં રહેતા એક ભારતીય પરિવારના ઘરમાં આગ લાગવાથી ત્રણ સભ્ય મૃત્યુ પામ્યા છે. આગ લાગવાનું કારણ હજુ સુધી સામે આવ્યું નથી. પોલીસને આશંકા છે કે ઘરમાં આગ લગાવવામાં આવી હતી. પોલીસનું કહેવું છે કે આ આગ આકસ્મિક રીતે લાગી હોય એવું લાગતું નથી. પોલીસે શનિવારે જણાવ્યું હતું કે 7 માર્ચે બ્રેમ્પ્ટન શહેરમાં એક મકાનમાં આગ લાગી હતી. આગ ઓલવાયા બાદ અહીં માનવ અવશેષો મળ્યા હતા. જોકે કેટલા લોકો આગમાં મોતને ભેટ્યા છે એ અંગે સ્પષ્ટ થયું નથી. 15 માર્ચે માનવ અવશેષોની ઓળખ ભારતીય પરિવારના ત્રણ સભ્ય તરીકે કરવામાં આવી



હતી. પોલીસ અધિકારી ટેરિન યંગે કહ્યું- રાજીવ વારિકુ, તેની પત્ની શિલ્પા કોઠા અને 16 વર્ષની પુત્રી મહેક વારિકુનું આગમાં ભડથું થઈ જવાને કારણે મોત થયું હતું. આગ લાગી એ પહેલાં ત્રણેય ઘરમાં હાજર હતાં. પોલીસ હત્યાના એંગલથી તપાસ કરી રહી છે પોલીસે કહ્યું- આગ ખૂબ જ ભયાનક હતી. ઘર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયું હતું. અમે તપાસ કરવા માટે હજી સુધી કંઈ કડી મળી નથી. અમને લાગે છે કે એ અકસ્માત નહોતો, પરંતુ આગ લગાવવામાં આવી હતી. હાલમાં અમને કોઈ પુરાવા મળ્યા નથી, પરંતુ અમે હત્યાના એંગલથી પણ તપાસ કરી રહ્યા છીએ. પરિવાર 15 વર્ષથી કેનેડામાં રહેતો હતો પરિવારના પાડોશી કેનેથ યુસુફે જણાવ્યું હતું કે વારિકુ પરિવાર આ મકાનમાં 15 વર્ષથી રહેતો હતો. પતિ-પત્ની વચ્ચે ક્યારેય ઝઘડો થયો નથી. તેઓ એક સુખી કુટુંબ જેવાં દેખાતાં હતાં. ગયા અઠવાડિયે આગ લાગતાં પહેલાં ઘરમાંથી તીવ્ર ધડાકો સંભળાયો હતો. ધડાકો સાંભળીને જ્યારે અમે બહાર આવ્યા તો ઘરમાં આગ લાગી હતી.

## કુદરતના પ્રકોપથી બચ્યાં 400 મુસાફરો, ઉડતા વિમાન પર વીજળી પડી

વાનકુવર (કેનેડા) | કુદરત સામે માનવીનું કશુ ચાલતું નથી. થોડા જ સમય પહેલાં પ્રકૃતિનું એક તાંડવ નૃત્ય જોવા મળ્યું. એર કેનેડાનું બોઈંગ - ૭૭૭ વિમાન, વાનકુવરથી લંડનના હીથ્રો એરપોર્ટ તરફ જઈ રહ્યું હતું. સામાન્ય રીતે વિમાનો કેટલાક કિ.મી. કાપ્યા પછી વાદળોની ઉપર ચાલ્યું જતું હોય છે. પરંતુ તે તબક્કે તે પહોંચે તે પહેલા જ અચાનક તેની ઉપર વીજળી ત્રાટકી હતી. વિમાનમાં આશરે ૪૦૦ લોકો સવાર હતા. પરંતુ પ્રભુ કૃપાથી તે સર્વે બચી ગયા. ખરી વાત તે છે કે, વીજળી પડવાની વિમાન ઉપર કોઈ અસર થતી જ નથી હોતી. વિમાન બનાવતી વખતે જ તેનાં બહારના લેયરને એવું બનાવેલું હોય છે કે જેથી વીજળીની કોઈ અસર ન થાય.

પ્લેનનું બોડી બનાવતી વખતે પહેલા તેમાં કાર્બન મિક્ષ કરવામાં આવે છે. તે પછી સમગ્ર પ્લેનની દરેક બાજુને ત્રાંબાની પાતળી પટીથી આવૃત્ત કરાય છે. જયારે વીજળી પડે ત્યારે તેમાં બેઠેલા યાત્રીઓને તેનો અવાજ જરૂર સંભળાય છે, પરંતુ ફલાઈટ ઉપર તેની અસર થતી નથી. ઉલ્લેખનીય તે છે કે તે સમયે તે વિમાનથી સલામત અંતરે ઉડી રહેલા અન્ય વિમાનમાંથી તેનો વિડીયો લઈ શકાયો છે અને તે વાયરલ પણ થઈ ચૂકયો છે.

જે આશરે ૧૦ લાખ લોકોએ નિહાળ્યો પણ છે.જો કે આવી ઘટના કૈં પહેલી વાર બની નથી. ઘણીવાર બની હોય છે. વિજ્ઞાનીઓ વિમાન પર વીજળી પડી હોવા છતાં યાત્રીઓ શા માટે બચી જાય છે.

તે અંગે તેવું પણ તારણ આપે છે કે વિમાનનું બોડી તો મેટાલિક મટિરિયલનું હોય. પરંતુ તેની નીચે બેડ-કન્ડકટર લેયર્સ હોય છે. નહીં તો બોડી ઠરે સાથે પ્રવાસીઓ ઠરી જાય. તે બેડ કન્ડકટર લેયર વીજળી સામે બચાવ કરે છે.

## અમેરિકાની ધરતીથી ભારતમાં આતંક ફેલાવવામાં આવી રહ્યો છે


કેલિફોર્નિયા | તા.16

અમેરિકામાં રહેતા ભારતીય મૂળના નાગરિકોએ FBI, જસ્ટિસ ડિપાર્ટમેન્ટ અને કેલિફોર્નિયાની સિલિકોન વેલીની સ્થાનિક પોલીસ સાથે બેઠક યોજી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે અમેરિકન જમીનનો ઉપયોગ ભારત વિરુદ્ધ આતંકવાદી હુમલા માટે કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન હિન્દુ અને જૈન મંદિરો વિરુદ્ધ હેટ ક્રાઈમના મુદ્દે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ બેઠકમાં લગભગ 25 ભારતીય-અમેરિકન નાગરિકો હાજર રહ્યા હતા. તેમણે કહ્યું- મંદિરો પર હુમલામાં અચાનક વધારો થયો છે, જેના કારણે અહીં રહેતા મુળ ભારતીયો ભયભીતમાં છે. ખાલિસ્તાની સમર્થકો સ્કૂલો અને દુકાનોની બહાર ટ્રક ઉભી રાખીને ભારતીયોને ડરાવવા-ધમકાવવાના પ્રયાસ કરે છે. આ દરમિયાન ખાલિસ્તાની સંગઠન શીખ ફોર જસ્ટિસ (SFJ)નો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો, જેની સ્થાપના ગુરપતવંત સિંહ પન્નુએ કરી હતી.

બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે પન્નુના સમર્થકો અમેરિકામાં સૌથી વધુ હિન્દુ અને ભારત વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ રહે છે. ભારતીય સમુદાયના લોકોએ પણ પન્નુ દ્વારા વારંવાર જાહેર કરવામાં આવતા ઉશ્કેરણીજનક અને ધમકીભર્યા ભાષણો સામે પગલાં લેવાની માંગ કરી હતી. બેઠક દરમિયાન ભારતીય-અમેરિકનોએ પણ નારાજગી વ્યક્ત કરી હતી કે એફબીઆઈ અને પોલીસ જેવી એજન્સીઓ આવા લોકો સામે કોઈ કાર્યવાહી કરી રહી નથી. તેમાં એવા લોકો પણ સામેલ છે જેમણે હાલમાં સાન ફ્રાન્સિસ્કોમાં ભારતીય દૂતાવાસને સળગાવવાનો પ્રયાસ કર્યો હતો અને ડિપ્લોમેટ્સને ખુલ્લેઆમ ધમકી આપી હતી. ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ અનેકવાર વીડિયો જારી કરીને ભારત પર હુમલાની ધમકી આપી છે.

### 140 કરોડ ભારતીયોનો વિશ્વાસ અને સમર્થન મને પ્રેરણા આપે છે. લોકોના જીવનમાં જે પરિવર્તન આવ્યું છે

# 'આપણા સંબંધોને દાયકો પૂરો..' લોકસભા ચૂંટણીની જાહેરાત પહેલા વડાપ્રધાનનો દેશના નામે પત્ર



નવી દિલ્હી : ચૂંટણીની તારીખો આજે જાહેર થશે. ચૂંટણી પંચ બપોરે 3 વાગ્યે પ્રેસ કોન્ફરન્સ કરીને લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરશે. આ ઉપરાંત ઓડિશા, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ અને આંધ્ર પ્રદેશમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીની તારીખો પણ જાહેર કરવામાં આવશે. લોકસભાની ચૂંટણી એપ્રિલના મધ્યથી શરૂ થઈ શકે છે અને મેના અંત સુધી અનેક તબક્કામાં ચૂંટણી યોજાઈ શકે છે.ચૂંટણીની તારીખોની જાહેરાતના એક દિવસ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક પત્ર દ્વારા દેશને સંદેશ આપ્યો હતો. જેમાં વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને સંબોધતા કહ્યું કે, "આપણા સંબંધોને એક દાયકા પૂર્ણ થયો. મને વિશ્વાસ છે કે અમને તમારું સમર્થન મળતું રહેશે. અમે રાષ્ટ્ર નિર્માણ માટે સખત મહેનત કરતા રહીશું, આ મોદીની ગેરંટી છે." પત્રની શરૂઆત કરતા પીએમ મોદીએ કહ્યું, "મારા પ્રિય પરિવારના સભ્યો, તમે અને હું સાથે મળીને એક દાયકા પૂર્ણ કરવાની અણીએ છીએ. 140 કરોડ ભારતીયોનો વિશ્વાસ અને સમર્થન મને પ્રેરણા આપે છે. લોકોના જીવનમાં જે પરિવર્તન આવ્યું છે, તે છેલ્લા 10 વર્ષમાં અમારી સરકારની સૌથી મોટી સિદ્ધિ છે. આ પરિવર્તનકારી પરિણામો ગરીબો, ખેડૂતો, યુવાનો અને મહિલાઓના જીવનની ગુણવત્તામાં સુધારો કરવા માટે પ્રતિબદ્ધ સરકાર દ્વારા કરવામાં આવેલા નિષ્ઠાવાન પ્રયાસોનું પરિણામ છે."તેમણે આગળ લખ્યું, "પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા પાકાં ઘરો, બધા માટે વીજળી, પાણી અને એલપીજીની સુલભતા, આયુષ્માન ભારત દ્વારા મફત તબીબી સારવાર, ખેડૂતોને આર્થિક સહાય, માતૃ વંદના યોજના દ્વારા મહિલાઓને સહાય અને બીજા ઘણા બધા કાર્યો. આ જ અમારી સફળતા છે અને આ બધું તમે મારામાં મૂકેલા વિશ્વાસને કારણે જ શક્ય થયું છે."

## પુત્રને ટિકિટ ન મળતા ભાજપના દિગ્ગજ નેતાનો વિદ્રોહ, કહ્યું- મારી છાતી ચીરીને જોશો તો PM મોદી મળશે

નવી દિલ્હી : ભાજપના વરિષ્ઠ નેતા કે એસ ઈશ્વરપ્પાએ શુક્રવારે 15 માર્ચે આગામી લોકસભા ચૂંટણીમાં શિમોગા બેઠકથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. તેમણે આ નિર્ણય પોતાના પુત્ર કાંતેશને હાવેરી મતવિસ્તારથી ટિકિટ ન આપવાના કારણે લીધો છે. ભાજપે પૂર્વ મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈને હાવેરી બેઠકથી મેદાનમાં ઉતાર્યા છે. ઈશ્વરપ્પાએ કાંતેશને ટિકિટ ન મળવા બદલ પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાને દોષી ઠેરવ્યા. ભાજપે યેદિયુરપ્પાના પુત્ર બી વાઈ રાઘવેન્દ્રને શિમોગાથી ઉમેદવાર બનાવ્યા છે. આ બેઠકથી કોંગ્રેસે પૂર્વ મુખ્યમંત્રી એસ બંગારપ્પાની પુત્રી ગીતા શિવરાજકુમારને મેદાનમાં ઉતાર્યા છે. ગીતા કન્નડ ફિલ્મ સ્ટાર શિવરાજ કુમારના પત્ની છે. ઈશ્વરપ્પા અપક્ષ ચૂંટણી લડશે.ઈશ્વરપ્પાએ પોતાના સમર્થકો તરફથી બોલાવાયેલી બેઠકમાં ભાજપ સામે વિદ્રોહનું એલાન કરતા કહ્યુ, હું શિમોગા લોકસભા વિસ્તારથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડીશ. હુ નરેન્દ્ર મોદી વિરુદ્ધ જઈશ નહીં. જો મારી છાતી ચીરીને જોશો તો એક તરફ ભગવાન રામ હશે અને બીજી તરફ મોદી હશે.

## ન્યૂઝ કોર્નર

### અદાણી એનર્જી સોલ્યુશન્સે CIIનો પ્રતિષ્ઠિતક્લાઈમેટ એક્શન CAP 2.0 એવોર્ડ 2023 હાંસલ કર્યો

અમદાવાદ : ભારતની સૌથી મોટી ખાનગી ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન કંપની અને વૈશ્વિક સ્તરે વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોના એક અંગ અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.(AESL) ને 2023 માટે ભારતીય ઉદ્યોગ સંસ્થા CII ના પ્રતિષ્ઠિત ક્લાઈમેટ એક્શન પ્રોગ્રામની રેઝિલિયન્ટ કેટેગરીમાં CAP 2.0 એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ પડકારોનો સામનો કરવા તરફ સતત સુધારણા અને સ્થિતિસ્થાપકતા માટે અદાણી એનર્જી સોલ્યુશન્સની સંકલ્પબધ્ધતાનું પ્રમાણપત્ર છે. કંપનીના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી અનિલ સરદાનાએ કહ્યું હતું કે CII તરફથી અમારા પ્રયાસોને મળેલી આ માન્યતાની અમોને ખૂબ ખુશી છે. ભવિષ્યની ટકાઉ પ્રથાઓ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અને આબોહવાના પડકારોનો સામનો કરવા માટેના અમારા સમર્પણનો આ સન્માનજનક પુરસ્કાર પુરાવો છે.

### પુણેમાં કેવી સારવાર કરાવવી છે, આસારામ પાસે રાજસ્થાન હાઇકોર્ટે માંગ્યો જવાબ

નવી દિલ્હી : રાજસ્થાનના જોધપુરની જેલમાં બંધ આસારામે કોર્ટ પાસે આયુર્વેદ સારવારની માંગણી કરી હતી. રાજસ્થાન હાઈકોર્ટે આ અંગે હોસ્પિટલનો રિપોર્ટ માંગ્યો છે. વાસ્તવમાં આસારામે મહારાષ્ટ્રના પુણેની માધવબાગ હોસ્પિટલમાં આયુર્વેદ સારવારની પરવાનગી માટે અરજી કરી હતી. એજન્સી અનુસાર, આસારામની અરજી પર સુનાવણી કરતી વખતે જસ્ટિસ વિનીત માથુર અને દિનેશ મહેતાની ડિવિઝન બેંચે હોસ્પિટલની વિગતો માંગી છે, તેમણે પૂછ્યું છે કે હોસ્પિટલમાં શું સારવાર થશે અને કેટલા દિવસ લાગશે. આ મામલામાં આગામી સુનાવણી 20 માર્ચે થશે. આ પહેલા આસારામના વકીલને કોર્ટમાં હોસ્પિટલની વિગતો આપવા માટે કહેવામાં આવ્યું છે. હાઈકોર્ટે સરકારી વકીલને જોધપુર અને મુંબઈના પોલીસ કમિશનર પાસેથી આસારામની પુણેની મુલાકાત અને ત્યાં પોલીસ જવાનોની તૈનાતી વિશે પૂછપરછ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સમગ્ર કેસની વિગતો કોર્ટને આપો. જોધપુર કોર્ટે આસારામને દુષ્કર્મના કેસમાં દોષિત જાહેર કર્યા હતા. વર્ષ 2018માં આસારામને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

### પ્રિયંકા ગાંધી તો લોકસભા ચૂંટણી લડવા જ તૈયાર નહીં હોવાની ચર્ચા

# અમેઠી-રાયબરેલીથી રાહુલ અને પ્રિયંકા ચૂંટણી લડવા કેમ નથી તૈયાર? કોંગ્રેસ સામે મોટી દુવિધા



નવી દિલ્હી : આગામી લોકસભાની ચૂંટણીને લઈને તમામ પક્ષો તૈયારીમાં વ્યસ્ત છે. એક પછી એક બેઠકોની જાહેરાત થઈ રહી છે. આજે એટલે કે શનિવારે ચૂંટણી પંચ તારીખોની પણ જાહેરાત કરવા જઈ રહ્યું છે, ત્યારબાદ ચૂંટણીને લઈને ચિત્ર સ્પષ્ટ થશે. પરંતુ તે પહેલા ગાંધી પરિવાર વિશે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગાંધી પરિવારે અમેઠી અને રાયબરેલીથી પોતાને દૂર કરી લીધા છે અને પરિવારનો કોઈ સભ્ય આ પરંપરાગત બેઠકો પરથી આગામી ચૂંટણી લડશે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસના બંને નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ અમેઠી અને રાયબરેલીથી ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો છે.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું માનવું છે કે જો તેઓ અમેઠી અને વાયનાડ એમ બે જગ્યાએથી ચૂંટણી લડ્યા અને બંને જગ્યાએથી જીત્યા તો પછી તેમણે એક સીટ છોડવી પડશે, જે ખોટું હશે અને લોકોમાં ખોટો સંદેશ જશે. રાહુલનું માનવું છે કે જો તે જીતીને અમેઠી છોડી દેશે તો અમેઠીના લોકો કહેશે કે છેલ્લી વખત હાર્યા બાદ આ વખતે અમે જીતાડ્યાં તો પણ અમને છોડી ગયા. જ્યારે વાયનાડ છોડતી વખતે, ત્યાંના લોકો કહેશે કે જ્યારે તેઓ પરંપરાગત સીટ અમેઠીથી હારી ગયા હતા, ત્યારે તેઓએ મને સંસદમાં મોકલ્યા હતા અને હવે અમેઠી જીત્યાં તો એમના માટે હું તેમને છોડી ગયો. બીજી તરફ પ્રિયંકા ગાંધીએ લોકસભાની ચૂંટણી લડવાનો જ ઈનકાર કરી દીધો છે. ન તો રાયબરેલીથી કે ન તો અન્ય કોઈ જગ્યાએથી. પ્રિયંકાનું માનવું છે કે જો તેમના પરિવારના ત્રણ સભ્યો સંસદમાં જશે તો તેનાથી જનતામાં ખોટો સંદેશ જશે. તેમજ ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ ભત્રીજાવાદના આરોપને મજબૂત મોહર લાગી જશે. તેમના આક્ષેપો સાચા સાબિત થશે.

અહીં રાહુલ પણ તેમની બહેન પ્રિયંકા સાથે સંપૂર્ણ રીતે સંમત છે અને બંનેએ અમેઠી અને રાયબરેલીથી પોતાને દૂર કરી લીધા છે અને ચૂંટણી ન લડવાનો નિર્ણય લીધો છે. રાહુલ ફરી એકવાર કેરળના વાયનાડથી લોકસભા ચૂંટણી લડવાના છે. આવી સ્થિતિમાં હવે કોંગ્રેસ સમક્ષ આ બે પરંપરાગત બેઠકો પર પાર્ટીએ કોને ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતારવું તે એક મોટી સમસ્યા ઊભી થઈ છે. જે અહીં વિજયી બની શકે. ઉલ્લેખનીય છે કે 2019ની લોકસભા ચૂંટણીમાં સોનિયા ગાંધીએ રાયબરેલીથી જીત મેળવી હતી અને પાર્ટીની પરંપરાગત બેઠક બચાવી હતી. પરંતુ અમેઠીમાં કોંગ્રેસનો કિલ્લો ધ્વસ્ત થઈ ગયો. ભાજપની સ્મૃતિ ઈરાનીએ રાહુલ ગાંધીને હરાવ્યા હતા.

# SEEPZમાં જેમ્સ એન્ડ જ્વેલરી ઈન્ડસ્ટ્રી માટેના ભારતના પ્રથમ મેગા સીએફસીને દેશને સમર્પિત કરાયું

### પિયુષ ગોયલ જેમ્સ અને જ્વેલરી ઈન્ડસ્ટ્રી માટે SEEPZ મુંબઈમાં મેગા કોમન ફેસિલિટી સેન્ટર- ભારત રત્નમના આરંભ સમારોહમાં ઉપસ્થિત રહ્યા




નવી દિલ્હી : જેમ એન્ડ જ્વેલરી ઈન્ડસ્ટ્રી માટે દેશના પહેલા મેગા કોમન ફેસિલિટી સેન્ટરને મુંબઈના SEEPZ SEZમાં ખુલ્લો મૂકાયો છે. ભારત સરકારમાં વાણિજ્ય અને ઉદ્યોગ, ઉપભોક્તા બાબતો, ખાદ્યાન્ન તેમજ જાહેર વિતરણ તેમજ ટેક્સટાઈલ મંત્રી શ્રી પિયુષ ગોયલે મુંબઈના SEEPZ SEZમાં આવેલા ભારતના અગ્રણી મેગા કોમન ફેસિલીટી સેન્ટરના લોકાર્પણ સમારોહમાં હાજરી આપીને પ્રસંગને શોભાવ્યો હતો. ભારત રત્નમ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા પ્રમોટ કરવામાં આવેલું મેગા સીએફસી છે. GJEPC, SEEPZ SEZના સક્રિય સમર્થન સાથે આ પ્રોજેક્ટનું સંચાલન કરે છે. આ મહત્વપૂર્ણ સમારોહમાં GJEPCના વાઈસ ચેરમેન શ્રી કિરીટ ભણસાલી, SEEPZ-SEZના ઝોનલ ડેવલપમેન્ટ કમિશનર, IRS શ્રી રાજેશ કુમાર મિશ્રા, ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના સંયુક્ત સચિવ IAS શ્રી વિપુલ બંસલ, ભારત રત્નમ મેગા CFCના વર્કિંગ ગ્રુપના હેડ શ્રી કોલિન શાહ અને SEEPZના સંયુક્ત ડેવલપમેન્ટ કમિશનર શ્રી સી.પી.એસ ચૌહાણે હાજરી આપી હતી. અગાઉ 12 જાન્યુઆરી 2024ના રોજ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પોતાના મુંબઈ પ્રવાસ દરમિયાન મેગા સીએફસીનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું.

### જમ્મુ-કાશમીરમાં ચૂંટણીના ભણકારા! યાસીન મલિક સહિત ઘણાં આતંકી સંગઠનો પર મૂકાયો પ્રતિબંધ


શ્રીનગર: કેન્દ્ર સરકારે આજે યાસીન મલિકના આતંકવાદી સંગઠન જેકેએલએફ પર લગાવવામાં આવેલા પ્રતિબંધને આગામી પાંચ વર્ષ સુધી વધારી દીધો છે. સરકારે તેને ગેરકાયદેસર એસોસિએશન જાહેર કર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, જેકેએલએફ જમ્મુ કાશ્મીરમાં આતંકવાદ અને અલગાવવાદને પ્રોત્સાહન આપતી ગતિવિધિઓમાં સામેલ છે. યાસીન મલિક સહિત ગૃહ મંત્રાલયે જેકેપીએલ (મુખ્તાર અહેમદ વાઝા), જેકેપીએલ (બશીર અહેમદ તોતા), જેકેપીએલ (ગુલામ મોહમ્મદ ખાન) અને જેકેપીએલ (અઝીઝ શેખ) સંગઠનો પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે. અમિત શાહે કહ્યું કે, જો કોઇ દેશની સુરક્ષા, સાર્વભૌમત્વ અને અખંડિતતાને પડકાર ફેંકતા જણાશે તો તેમણે કઠોર કાયદાકીય પરિણામ ભોગવવા પડશે.

## મસ્જિદોનો ઉપયોગ વિરોધ પ્રદર્શનો માટે ન કરો CAA થી ગભરાવાની જરૂર નથી : મૌલાના રશીદ

લખનૌ : 'ઓલ ઈંડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડ' (એઆઈએમપીએલબી)ના સભ્ય મૌલાના ખાલીદ રશીદ ફરંગી મહલીએ 'નાગરિકતા સંશોધન અધિનિયમ' (૨૦૧૯) સીએએ અંગે મુસ્લીમ સમાજને અપીલ કરી છે કે સીએએથી ગભરાવાની કોઈ જરૂર નથી. હું સૌ કોઈને શાંતિ રાખવા વિનંતિ કરૂં છું. મસ્જિદોનો ઉપયોગ નમાઝ અદા કરવા માટે જ કરવાનો હોય છે. કોઈ પ્રકારનાં વિરોધ પ્રદર્શનો માટે નહીં. તેઓએ કહ્યું કે અમારી કાનૂની ટીમ તે અધિસૂચનનો અભ્યાસ કરી રહી છે, તેમાં જે કંઈ તારણ મળશે, તે લોકોની સમક્ષ રજૂ કરીશું જ. તેઓએ કહ્યું કે સરકાર સતત કહી રહી છે કે આ કાનૂન કોઈની નાગરિકતા નહીં આંચકી લે માટે સૌ કોઈએ શાંતિ રાખવી જોઈએ. કોઈએ ભયભીત થવાની જરૂર જ નથી. અફવાઓ ઉપર ધ્યાન ન આપો તેમજ સોશ્યલ મીડીયાના ભ્રામક સંદેશાઓથી દૂર રહો. બીજી તરફ સી.એ.એ. તથા રમજાન મહીનાને દ્રષ્ટિમાં રાખી પ્રશાસન અને પોલીસ હાઈ એલર્ટ પર છે.

### સ્વૈચ્છિક નિવૃત્તિનો 2,500થી વધુ કર્મચારીઓએ લાભ ઉઠાવ્યો હતો

# એર ઈન્ડિયાએ 180થી વધુ કર્મચારીઓની કરી છટણી, નોન ફ્લાઈંગ સ્ટાફ પર ચલાવી કાતર




નવી દિલ્હી : ટાટા ગ્રૂપની એરલાઈન કંપની એર ઈન્ડિયામાં પણ કર્મચારીઓની છટણી કરવામાં આવી છે. કંપનીએ તાજેતરમાં જ 180થી વધુ નોન-ફ્લાઈંગ સ્ટાફની છટણી કરી દીધી છે.

આ છટણીને લઈને કંપનીએ જણાવ્યુ કે જે લોકોની નોકરી ગઈ છે તેઓ સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના (VRS) અને રિસ્કિલિંગ એટલે કે નવુ કૌશલ્ય શીખવાની તકોનો ઉપયોગ કરી શક્યા નહોતા.એર ઈન્ડિયામાં 18,500થી વધુ કર્મચારી છે જ્યારે ગ્રૂપ એરલાઈન, એર ઈન્ડિયા એક્સપ્રેસમાં લગભગ 6,200 કર્મચારી છે. જ્યારે ટાટા ગ્રૂપે એરલાઈનનું ટેકઓવર કર્યુ હતુ, ત્યારે બંને એરલાઈનમાં કોન્ટ્રાક્ટ કામદારો સહિત કુલ 12,085 કર્મચારીઓ હતા.

આ મામલે એર ઈન્ડિયાના એક પ્રવક્તાએ કહ્યુ, અમે આ પ્રક્રિયા દરમિયાન તમામ કરારની જવાબદારીઓનું સન્માન કરી રહ્યા છીએ. કર્મચારીઓને મોકલેલા એક લેટર અનુસાર છટણી કરવામાં આવેલા કર્મચારીઓને એરલાઈનની સાથે સેવાના દરેક વર્ષ માટે 15 દિવસના વેતનના બરાબર વળતર પેકેજ મળશે.એરલાઈને પહેલા બે વખત સ્વૈચ્છિક નિવૃત્તિ યોજનાઓની રજૂઆત કરી હતી જેનો 2,500થી વધુ કર્મચારીઓએ લાભ ઉઠાવ્યો હતો. કંપનીના પ્રવક્તાએ કહ્યુ કે ફિટમેન્ટ પ્રક્રિયાના ભાગ તરીકે નોન-ફ્લાઈંગ કાર્યોમાં કર્મચારીઓને સંસ્થાકીય જરૂરિયાતો અને વ્યક્તિગત યોગ્યતાના આધારે ભૂમિકાઓ સોંપવામાં આવી છે. પ્રવક્તાએ કહ્યુ કે છેલ્લા 18 મહિનામાં તમામ કર્મચારીઓની અનુકૂળતાનું આકલન કરવા માટે એક વ્યાપક પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યુ છે.

# ભારતમાં ઘણો જૂનો છે વન નેશન વન ઇલેક્શનનો ઈતિહાસ,ક્યારે બંધ થઈ આ પ્રથા

નવી દિલ્હી : લોકસભા ચૂંટણી અગાઉ ભારતમાં એક દેશ એક ચૂંટણી લાગુ થઈ શકે છે. હવે 2029 લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એકસાથે યોજાઈ શકે છે. પરંતુ તમે જાણતા નહીં હોવ કે દેશમાં અગાઉ પણ આ વ્યવસ્થા અસ્તિત્વમાં હતી. ભારતમાં વન નેશન,વન ઈલેક્શન હેઠળ ચૂંટણી થઈ ચુકી છે. વડાપ્રધાન,રાષ્ટ્રપતિ, ઉપ-રાષ્ટ્રપતિ, રાજ્યપાલ, સાંસદ અને ધારાસભ્યો એક સાથે ચૂંટાઈ શક્યા છે. વન નેશન,વન ઈલેક્શનની સ્થિતિ એક વખત નહીં પરંતુ ચાર વખત સર્જાઈ છે. વર્ષ 1952, 1957, 1962 અને 1967 દરમિયાન દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજાઈ હતી. પરંતુ વિધાનસભાઓમાં રાજકીય અસ્થિરતાના કારણે એક સાથે ચૂંટણી થવાનું શક્ય નહોતું બનતુ જેથી દેશમાં અલગ અલગ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી થવા લાગી હતી. ઈતિહાસમાં નોંધાયેલ રેકોર્ડ અનુસાર વર્ષ 1971માં પ્રથમ વખત લોકસભા ચૂંટણી નિર્ધારિત સમય કરતા વહેલા કરવાની જરૂર ઉભી થઈ હતી. જોકે ચૂંટણીના નિયમ અનુસાર પાંચ વર્ષ પછી 1972માં થનાર હતી પરંતુ તત્કાલીન પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીએ બેંકોને રાષ્ટ્રીયકૃત કરી દીધી હતી. તેમણે પાકિસ્તાનના ભાગલા કરીને બાંગ્લાદેશ બનાવ્યું હતું. કોંગ્રેસના પણ બે ભાગ થઈ ગયા હતા. તે સમયે ઈન્દિરા ગાંધીની લોકપ્રિયતા વધી રહી હતી. તેથી તેમણે મોકાનો ફાયદો ઉઠાવી મધ્યસત્ર ચૂંટણી યોજી દીધી હતી. ગરીબી હટાવોનો નારો આપીને ચૂંટણીમાં તેઓ ઉતર્યા હતા. વિરોધીઓએ ઈન્દિરા હટાવોનો નારો આપ્યો હતો પણ ગરીબી હટાવોનો નારો મજબુત સાબિત થયો હતો અને 18 માર્ચ 1971ના રોજ ઈન્દિરા ગાંધીએ વડાપ્રધાન તરીકે ફરી શપથ લીધા હતા. 1967માં ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને 423 બેઠકોમાંથી ફક્ત 198 બેઠક મળી હતી જ્યારે સરકાર બનાવવા માટે 212 બેઠકની જરૂર હતી. કોંગ્રેસે 37 અપક્ષ ધારાસભ્યની મદદથી સરકાર બનાવી હતી અને સીપી ગુપ્તા મુખ્યમંત્રી બન્યા હતા પરંતુ ચૌધરી ચરણસિંહે બળવો કરતા ગુપ્તા સરકાર પડી ગઈ હતી. ચરણસિંહે ભારતીય જનસંઘ અને સંયુક્ત સમાજવાદી પાર્ટીનો સહયોગ લઈને સરકાર બનાવી હતી પરંતુ ગઠબંધનમાં હોદ્દાને લઈને થયેલા અણબનાવને પગલે આ સરકાર પણ લાંબા સમય સુધી ચાલી શકી નહોતી. વિધાનસભા ભંગ કરી દેવાઈ હતી

**ઉત્તર મધ્ય રેલવે**

**ઈ-ટેન્ડરિંગ નિવિદા સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના તરફથી ડિવિઝનલ રેલ્વે મેનેજર/કાર્ય/ ઝાંસી નીચે મુજબના કાર્ય માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ)ના માધ્યમથી ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

**કાર્યનું નામ :** વીજીએલબી - ઈમ્પ્રૂવમેન્ટ ઓફ વેરિયસ સ્ટાફ અમેનીટિઝ લાઈક વાટર સપ્લાઈ ઈન સ્ટાફ ક્વાર્ટર, એન્ડ ઈમ્પ્રૂવમેન્ટ ટૂ ડ્રેનેજ ઈન ઈસ્ટ કોલોની.

**ઈ-ટેન્ડર સૂચના સંખ્યા** : ઝાંસી-એન્જી-મુખ્યાલય-2024-40, **અંદાજીત રકમ** : રૂા. 21194708.23, **અનામત કિંમત** : રૂા. 256000.00, **ટેન્ડર બંધ થવાની તારીખ** : 05.04.2024ના 15.00 કલાકે. **સ્વીકૃત પત્ર જારી થવાના સમયથી કાર્ય સમાપ્ત/સમયગાળાની તારીખ** : 12 મહિના. ટેન્ડર તારીખ 05.04.2024ના 15.00 કલાક સુધી ઓનલાઈન જમા કરાવી શકે છે. વધુ માહિતી તથા ટેન્ડરના રજૂ કરવા માટે ભારતીય રેલની વેબસાઈટ www.ireps.gov.in પર જુઓ. 460/24(DG)

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in

**ઉત્તર મધ્ય રેલવે**

**ઈ-ટેન્ડરીંગ ટેન્ડર સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે મંડળ રેલ પ્રબંધક/કાર્ય/ઝાંસી નીચેમુજબ કાર્ય માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરીંગ)ના માધ્યમથી ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

| | |
|---|---|
| **ઈ-ટેન્ડર સૂચના સંખ્યા :** ઝાંસી-એન્જિ.-ઈ-2024-39 | **અંદાજિત કિંમત (રૂ,) :** રૂ. 26828480.00 |

**કાર્યનું નામ:** સપ્લાઈંગ, ઈન્સ્ટોલેશન એન્ડ કમિશનીંગ ઓફ વેરી હાઈ ફ્રીકવન્સી (વીએચએફ) બેસ્ટ અપ્રોચિંગ ટ્રેન વોર્નિંગ સિસ્ટમ (રક્ષક) ફોર ટ્રેક મેઈનટેનન્સ અંડર જ્યુરિડિકશન ઓફ સિનિયર ડીઈએન/ઈસ્ટ/ઝાંસી.

**અનામત કિંમત :** રૂ. 284200.00, **ટેન્ડર બંધ થવાની તારીખ :** 08.04.2024ના 15.00 કલાકે., **સ્વીકૃત ફોર્મ રજૂ થવાના સમયથી કાર્ય પૂર્ણ/કરવાની તારીખ:** 15 મહિના

**નોંધ:- (1) ટેન્ડર તારીખ 08.04.2024ના 15.00 કલાક સુધી ઓનલાઈન જમા કરાવી શકાશે. (2) સંપૂર્ણ વિવરણ અને ટેન્ડર પ્રસ્તુતિ કરવા માટે ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in જુઓ.** 437/24 (A)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @CPRONCR

**ઉત્તર મધ્ય રેલવે**

નં. 38-Optg./S/Tender Notice-012024 તારીખ : 11.03.2024

**ઈ-ટેન્ડર સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ વતિ વરિષ્ઠ મંડળ ઓપરેટિંગ મેનેજર, ઉત્તર મધ્ય રેલવે, પ્રયાગરાજ દ્વારા ઈ-ટેન્ડર નિયત ફોર્મેટમાં નીચેની વિગતો મુજબ આમંત્રિત કરવામાં આવે છે.

| | |
|---|---|
| **ટેન્ડર સંખ્યા** 012024 | **કાર્યનું નામ:** પ્રયાગરાજ મંડળના 38 સ્ટેશનોમાં LCP/સ્ટેશન માસ્ટકના કાર્ય હેતુ મેજનું ઈન્સ્ટોલેશનનું કાર્ય. |
| **અંદાજિત ખર્ચ (રુ.માં):** 14402000.00 | **અનામત કિંમત (અર્નેસ્ટ મની) (રુ.માં):** 222000.00 |

**કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો (મહિનામાં) :** 06, **ટેન્ડર ખુલવાની તારીખ :** 12.04.2024, **નોંધ:** 1.ઉપરોક્ત ઈ ટેન્ડરની સંપૂર્ણ માહિતી : ટેન્ડર ફોર્મ સહિત વેબસાઈટ www.ireps.gov.in પર 14.30 કલાકે ટેન્ડર ખુલવાની તારીખ 12.04.2024 સુધી ઉપલબ્ધ છે. 2. ટેન્ડર સૂચનાને ઉત્તર મધ્ય રેલવેની વેબસાઈટ www.ncr.indianrailways.gov.in પર અપલોડ કરવામાં આવી છે. 3. કોઈ પણ પ્રકારની ટેકનીકલ સમસ્યાના સમાધાન માટે IREPSની વેબસાઈટની હેલ્પલાઈન પર સંપર્ક કરવામાં આવી શકે છે. 458/24 (ADM)

@CPRONCR North central railways @ cproncrly @northcentralrailway www.ncr.indianrailways.gov.in

**ઉત્તર મધ્ય રેલવે**

**ઈ-ટેન્ડર સૂચના સં. 2024-માર્ચ-02 તારીખ 13.03.2024**

મંડળ રેલ પ્રબંધક/એન્જિનિયરીંગ/ઉત્તર મધ્ય રેલવે આગરા દ્વારા ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના તરફથી નીચેમુજબ કાર્ય માટે "**ઓપન ટેન્ડર**" ઈ- ટેન્ડરીંગ માત્ર ઓનલાઈનના માધ્યમથી આમંત્રિત કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| **ક્ર.સં. :** 1 | **ટેન્ડર સં. :** 2024-માર્ચ-02-01 | **અંદાજિત કિંમત રૂ.:** 23386546.65 |
| **કાર્યનું વિવરણ :** આગરા મંડળ-સહાયક મંડળ એન્જિ. (મુખ્ય)/આગરા કેંટના અધીન ટીઓઈ સુરક્ષા દિવાલ, ટો સુરક્ષા દિવાલ અને મુખ્ય બ્રિજોના રસ્તાઓ પર પુનર્વાસનું પ્રાવધાન. | | |
| **ક્ર.સં. :** 2 | **ટેન્ડર સં. :** 2024-માર્ચ-02-02 | **અંદાજિત કિંમત રૂ.:** 28795784.62 |
| **કાર્યનું વિવરણ :** આગરા કેંટ- આગરા કેંટ સ્ટેશન પર આર.સી.સી. ઓવરહેડ ટેંક સંખ્યા 1 (180 કિ.લી.), સંખ્યા 2 (275 કિ.લી.), સંખ્યા 3 (90 કિ.લી.), સંખ્યા 5 (180 કિ.લી.)ને પાઈપલાઈનની વ્યવસ્થાની સાથે 225 કિ.લી. ઓવરહેડ ટાંકીથી બદલવાનું કાર્ય. | | |

• ટેન્ડરને પ્રસ્તુત કરવાની તારીખ અને ટેન્ડરની સંપૂર્ણ માહિતી માટે ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in જુઓ. • ટેન્ડરો માત્ર વેબપોર્ટલ www.ireps.gov.in ના માધ્યમથી તારીખ 05.04.24ના 15:00 કલાક સુધી પ્રસ્તુત કરી શકાય છે. 483/24(AN)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR

**ઉત્તર મધ્ય રેલવે**

**ઈ-ટેન્ડર સૂચના**

**ઈ-ટેન્ડરીંગ ટેન્ડર સૂચના સંખ્યા CEN00AGC0424**

**ઉપ મુખ્ય એન્જિનિયર (બાંધકામ) આગરા,** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના તરફથી નીચેમુજબ કાર્ય હેતુ **બે પેકેટ સિસ્ટમ (E-RA)** પર ઓનલાઈન **(E-Tendering)** ના માધ્યમથી ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડરો તારીખ **10.04.2024**ના **15.00** કલાક સુધી **વેબસાઈટ http://www.ireps.gov.in** પર ઓનલાઈન જમા કરાવી શકાશે. ટેન્ડરનું વિવરણ નીચેમુજબ છે -

**કાર્યનું નામ :** ધૌલપુર સિરમથુરાની વચ્ચેમાં LC No. 6, 27 અને પ્રસ્તાવિત બ્રિજ નં. 66 (In Detlour) પર બે લેન ROB 1 x 24 મીટર સ્ટીલ ગર્ડર અને પીએસસી ગર્ડરની સાથેનું બાંધકામ ગેજ પરિવર્તન કાર્યની સાથે.

**અંદાજિત કિંમત:** રુ. 96.60 કરોડ (લગભગ), **બાનાની રકમ:** રુ. 49,80,200/-. **કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો:** 10 મહિના હાર્વેસ્ટ અને ચોમાસાના સમયગાળા સહિત। **ટેન્ડર ખુલવાની તારીખ :** 10.04.2024, **માન્યતા મુદત :** 90 દિવસ.
સંપૂર્ણ વિવરણ અને ટેન્ડર પ્રસ્તુતિ કરવા માટે ભારતીય રેલવેની વેબસાઈટ http://www.ireps.gov.in જુઓ. 441/24 FA

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in

**ઉત્તર મધ્ય રેલવે**

ટેન્ડર સૂચના સંખ્યા : EL-C-PRYJ-209-23-24 તારીખ - 07.03.2024

**ઈ-ટેન્ડર સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ વતી ડે, મુખ્ય વિદ્યુત ઈજનેર / નિર્માણ / ઉત્તર મધ્ય રેલવે / પ્રયાગરાજ, નીચે મુજબના કાર્યો માટે ઈ-ટેન્ડર તારીખ 05.04.2024 સમય 15:30 કલાક સુધી આમંત્રિત કરે છે. ટેન્ડર સંબંધી વિસ્તૃત માહિતી નીચે મુજબ છે :- **ટેન્ડર ખોલવાની તારીખ: 05/04/2024**

**કાર્યનું નામ :** 2X25 કે.વી. એ.સી. ઈલેક્ટ્રીફિકેશન વર્ક ફોર થર્ડ લાઇન ફેજ- IV, 05, બ્લોક સેક્શમ મિર્ઝાપુર - ઝિંગુરા - પહાડા - ડગમગપુર - ચુનાર - કૈલહટ (41 કિ.મી.) ઈન કનેક્શન વિથ 3rd લાઈન બિટવીન પ્રયાગરાજ એન્ડ પં. દીન દયાલ ઉપાધ્યાય ઓફ પ્રયાગરાજ ડિવીઝન ઓફ એન.સી.આર.

| | |
|---|---|
| **પ્રકાશિત કાર્યની લાગત (રૂા.માં)** રૂ. 31,06,68,644.64 | **બીડ સુરક્ષા (રૂા.માં)** રૂ. 17,03,400 |

**કામનો સમયગાળો :** 24 મહિના, **નોંધ :-** 1. ઉપરોક્ત બધા ઈ-ટેન્ડરના પૂર્ણ માહિતી (ટેન્ડર પ્રપત્ર સાથે) વેબસાઈટ **www.ireps.gov.in** પર સમય 15:30 કલાકે ટેન્ડર ખુલવાની તારીખ સુધી ઉપલબ્ધ છે. 2. ઉપરોક્ત બધા ટેન્ડરોમા ઈ-બીડ સિવાય કોઈપણ બીજી રીતે બીડ સ્વીકાર નહીં થાય. આ પ્રાયોજન હેતુ વેન્ડરોએ પોતાને **Digital** સહી પ્રમાણ પત્ર સાથે **IREPS**ની વેબસાઈટ પર રજીસ્ટર કરાવવું. 3. કોઈપણ પ્રકારની ટેકનીકલ સમસ્યા હલ કરવા માટે **IREPS**ની વેબસાઈટની હેલ્પલાઈનથી સંપર્ક કરી શકાય છે. 428/24(DG)

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in

**ઉત્તર મધ્ય રેલવે**

**ઈ-ટેન્ડર સૂચના** તારીખ - 12.03.2024

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના તરફથી ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન અભિ/સીટીસી ટૂંડલા, નીચે મુજબના કાર્ય માટે ઓનલાઈન ઈ-ટેન્ડરના માધ્યમથી ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

**ઈ-ટેન્ડર નોટિસ નંબર : પીયુ-ટી.ડી.એલ-ડબ્લ્યુ-01-2024**

**કામનું નામ :** સ્વચાલિત સિગ્નલિંગ કાર્યના સંબંધમાં પ્રયાગરાજ ડિવીજનના સરાય ભોપાલ-ટૂંડલા વિભાગમાં નવા એસ એન્ડ ટી એલએસસી ભવનનું નિર્માણ અને હાલની બિલ્ડીંગની વિસ્તૃત સિગ્નલિંગની જોગવાઈ

**અંદાજીત રકમ :** રૂ. 25530642.74 રૂપિયા બે કરોડ પંચાવન લાખ તીસ હજાર છ સૌ બેતાલીસ અને ચુમોત્તેર પૈસા માત્ર. **બાનાની રકમ : રૂ. 277700/- રૂપિયા** ( બે લાખ સિતયોત્તેર હજાર સાતસૌ માત્ર) **ટેન્ડર ફોર્મનું મૂલ્ય :** 0.00, **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :** તારીખ 03.04.2024ના 15:00 કલાક સુધી. **સ્વીકૃત પત્ર ઈસ્યુ થવાના સમયથી કાર્ય પૂર્ણ થવાનો સમયગાળાની તારીખ :** (09) નવ મહિના. **વેલીડીટી પીરિયડ :** 90 દિવસ. **નોંધ : 1.** ટેન્ડર ડોક્યુમેન્ટની સાથે સંપૂર્ણ જાણકારી વેબસાઇટ **www.ireps.gov.in** પર ટેન્ડર ખુલવાના દિવસે 15:00 કલાક સુધી ઉપલબ્ધ રહેશે. **2.** ઈ-બિડ્સ સિવાય કોઈપણ પ્રકારની બિડ્સ સ્વીકારવામાં નહીં આવે. આ કાર્યની માટે વેન્ડર્સ પોતાને ક્લાસ-III ડિજીટલ સિગ્નેચર સર્ટિફિકેટ (CCA આઈટી એક્ટ 2000 દ્વારા ઈશ્યુ કરેલ)ની સાથે IREPSની વેબસાઈટમાં રજીસ્ટર્ડ હોવા જોઈએ. **3.** દર જે ફાઈનાન્સિયલ રેટ પેજમાં જે દર આપવામાં આવ્યા છે અને ડિજીટલ સિગ્નેચર કરેલ છે તેજ માન્ય ગણવામાં આવશે. દર અને કોઈપણ ફાઈનાન્સિયલ સ્થિતિ કોઈપણ રૂપમાં અથવા લેટરહેડ અટેચ કર્યો હોય, તેને રદબાતલ તેમજ તેના પર વિચાર નહીં કરાશે. **4.** જે પણ ડોક્યુમેન્ટ અટેચ કર્યા હોય તે વેન્ડર્સ દ્વારા ડિજીટલ સિગ્નેચર કરેલ હોય. **5.** સંપૂર્ણ જાણકારીની માટે અથવા બિડ જમા કરવા માટે ભારતીય રેલની **www.ireps.gov.in** વેબસાઈટ પર જાઓ. 472/24 (D)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR

## રીક્ષામાં વિધાર્થીની તબિયત લથડતાં હોસ્પિટલ ખસેડાયો

ગાંધીનગર | ધોરણ 10 અને 12ની પરીક્ષા હાલ શહેરના વિવિધ સેન્ટર ખાતે ચાલી રહી છે. ત્યારે વિદ્યાર્થીઓ દ્વારા રાત્રી દરમિયાન કરવામાં આવતાં વાંચનથી થતી અપૂરતી ઉંઘની સમસ્યા તેમજ સતત તૈયારી કરવાથી થતી માનસિક તાણ ઉપરાંત છેલ્લા કેટલાંક દિવસોમાં ગરમીનો પારો પણ વધ્યો હોવાથી વિદ્યાર્થીઓને ચાલુ પરીક્ષામાં સ્વાસ્થ સંબધીત પ્રશ્નો ઉદભવતાં જોવાં મળ્યાં છે. શુક્રવારના રોજ બપોરના સમયે ધોરણ 12 સાયન્સના બાયોલાજીના પેપર દરમિયાન સેક્ટર 23 ખાતે આવેલી સ્વામિનારાયણ સ્કૂલના સેન્ટર ખાતે એક વિદ્યાર્થીને ચાલુ પેપર દરમિયાન ભારે તાવ હોવાના કારણોસર હોસ્પિટલ ખસેડવાની જરૂરીયાત ઉપસ્થિત થઈ હતી.

સિટી એક્સપ્રેસ
SUNDAY 17 MARCH-2024
AHMEDABAD

## ભાટની મધર ડેરીમાં ટ્રક રિવર્સ લેતા કંડક્ટરનું મોત

ગાંધીનગર | ભાટમાં આવેલી મધર ડેરીમાં દૂધ ભરવા આવેલા વાહનના ચાલકે ટ્રક રીવર્સમાં લેવા કંડક્ટરનુ મોત થયુ હતુ. મામાની ટ્રકમાં ભાણિયો કંડક્ટર તરીકે નોકરી કરતો હતો. આ બનાવ બાદ યુવકને તાત્કાલિક સારવાર અર્થે નજીકમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેનુ મોત થયુ હતુ. આ બનાવને લઈ અડાલજ પોલીસ મથકમાં ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ મોહમદ જુબેર રફીક શેખ (રહે, શાહઆલમ, અમદાવાદ) છુટક મજુરી કરી પરિવારનુ ગુજરાન ચલાવી રહ્યો છે.



# ગુજરાતની એક બેઠક પર પેટાચૂંટણી જાહેર ન થતાં પાટીલે આપી પ્રતિક્રિયા

અમદાવાદ | તા.16

લોકસભા ચૂંટણી સાથે જ ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણી અંગે જાહેરાત કરવામાં આવી છે. જેમાં નોંધનીય છેકે, હાલમાં ગુજરાતમાં વિધાનસભાની 6 બેઠકો ખાલી છે. જેમાં વિજાપુર,ખંભાત,વાઘોડિયા,માણાવદર, પોરબંદર અને વિસાવદર બેઠકનો સમાવેશ થયા છે. જોકે, આજે ગુજરાત વિધાનસભાની માત્ર 5 બેઠકોની પેટાચૂંટણીની ચૂંટણી પંચે તારીખો જાહેરાત કરી છે પરંતુ વિસાવદર બેઠકની ચૂંટણી જાહેર થઈ નથી.

આજે વિસાવદર બેઠકનો પેટા ચૂંટણીમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જો કે, આ બેઠક પર શા માટે ચૂંટણીની તારીખ જાહેર નથી કરવામાં આવી તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. કોઈ શરત ચૂક થઈ છે કે કોઈ અન્ય કારણ છે તે જાણી શકાયું નથી. આ અંગે ચૂંટણીપંચનું નિવેદન સામે આવશે. આ સાથે જ નોંધનીય છે કે, ગુજરાતમાં સૌથી પહેલા વિસાવદર બેઠક જ ખાલી પડી હતી. જોકે આખરે ચૂંટણી પંચ દ્વારા જણાવવામાં આવ્યું કે, કોર્ટ મેટર ચાલતી હોવાના કારણે વિસાવદર બેઠક પર પેટાચૂંટણી જાહેર નથી કરાઈ. જેના પર પાછળ ચૂંટણી જાહેર થશે. આ બેઠક પર વર્ષ 2022ની ચૂંટણીમાં આપના ભૂપત ભાયાણી જીત્યા હતા.

### સી આર પાટીલે આપી પ્રતિક્રિયા

વિસાવદરની પેટાચૂંટણી જાહેર ન થતાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ પાટીલે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે, વિસાવદરની બેઠક માટે રજૂઆત કરીશું. અન્ય બેઠક સાથે વિસાવદરની પેટાચૂંટણી થવી જોઈએ. વિસાવદરની ચૂંટણી શરત ચૂકથી રહી ગઈ હશે. જેના માટે યોગ્ય રજુઆત કરવામાં આવશે.

નોંધનીય છેકે, વિસાવદર બેઠક ભુપત ભાયાણીએ રાજીનામું આપતા ખાલી પડી હતી. વિજાપુર બેઠક સીજે ચાવડાએ રાજીનામું આપતા ખાલી પડી હતી. ખંભાત બેઠક ચિરાગ કુમાર પટેલે રાજીનામું આપતા ખાલી પડી હતી. વાઘોડિયા બેઠક ઘર્મેન્દ્ર વાઘેલાએ રાજીનામું આપતા ખાલી



પડી હતી. માણાવદર બેઠક અરવિંદભાઈ લાડાણીએ રાજીનામું આપતા ખાલી પડી હતી. પોરબંદર બેઠક અર્જૂનભાઈ મોઢવાડિયાએ રાજીનામું આપતા ખાલી પડી હતી.

**વિસાવદર બેઠક પર કેમ જાહેર ન થઈ ? :** લોકસભા ચૂંટણીનો શંખનાદ થઈ ચૂક્યો છે. આગામી 19 એપ્રિલથી પહેલા તબક્કાનું મતદાન શરૂ થશે, કુલ સાત તબક્કામાં મતદાન થવાનું છે જેનો અંતિમ તબક્કો 1 જૂનના દિવસે યોજાશે. ચૂંટણીના પરિણામની વાત કરવામાં આવે તો 4 જૂનના રોજ મતગણના થવાની છે. એવામાં લોકસભાની સાથે ગુજરાતની ખાલી પડેલી છે બેઠકોમાંઠી પાંચ બેઠકોના મતદાનની તારીખ પણ જાહેર કરવામાં આવી છે. ગુજરાતમાં 7 મેના રોજ લોકસભાની સાથે ગુજરાતમાં પેટા ચૂંટણીનું મતદાન થશે. વિજાપુર, ખંભાત, વાઘોડિયા, માણાવદર અને પોરબંદર બેઠકની મતદાન તારીખ જાહેર થઈ ગઈ છે પંરતુ હજુ એક વિસાવદર પણ ખાલી બેઠક છે ત્યાં મતદાનની કોઈ જાહેરાત કરવામાં આવી નથી. કોઈ શરત ચૂક થઈ છે કે કોઈ અન્ય કારણ છે તે જાણી શકાયું નથી.

અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી સ્થળાંતરિત થઇ

# અમદાવાદમાં નિવાસ કરતા 18 લોકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત

ગાંધીનગર સંવાદદાત | વિજયવીર યાદવ

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અમદાવાદ જિલ્લા કલેકટર ઓફિસ ખાતે આયોજિત ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કેમ્પમાં પાકિસ્તાનથી સ્થળાંતરિત થઇ અમદાવાદમાં નિવાસ કરતા ૧૮ વ્યક્તિઓને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં હતા.

આ અવસરે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ 'કેમ છો બધા? કહીને સૌને સહર્ષ આવકાર્યા અને કહ્યું કે, 'મુસ્કારિયે કયું કી અબ આપ સબ ભારત કે નાગરિક હૈ.' આ અવસરે ભારતનું નાગરિકત્વ મેળવનારા સૌને અભિનંદન પાઠવતાં મંત્રીએ કહ્યું કે, તમે સૌ આજથી ભારતના નાગરિક બની ગયા છો, નવા ભારતનના સ્વપ્નને સાકાર કરવા માટે સાથે મળીને આપણે કામ કરવાનું છે. આ સંદર્ભમાં મંત્રીએ વધુમાં કહ્યું કે, આજે અમદાવાદ ખાતે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર મેળવનારા ૧૮ પરિવારોના ઘરોમાં દિવાળી જેવો માહોલ છે કેમ કે આજે તેઓ ભારતના નાગરિક બન્યા છે. ગૃહ રાજયમંત્રીએ વધુમાં કહ્યું કે, ભારત સરકાર અને ગુજરાત સરકાર ભારતીય નાગરિકતા મેળવેલા નાગરિકોને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા માટે હરહંમેશ પ્રતિબદ્ધ છે. તેમજ લોકોના રોજિંદા જીવનમાં આવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે સરકાર નક્કર પ્રયાસો કરે જ છે, જેના ભાગરૂપે આજે ૧૮ નાગરિકોને નાગરિકતાપત્ર અપાઇ રહ્યા છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, દેશના વિઝનરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી અમિત શાહએ અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશના અનેક પીડાઓ વેઠતા લઘુમતીઓને, હિંદુ નિર્વાસિતોને ભારતની નાગરિકતા આસાનીથી અને ઝડપથી મળે એ માટે ખાસ પ્રયાસો કર્યા છે.

### ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાયા



### 18 પરિવારનાં ઘરોમાં દિવાળી જેવો માહોલ

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કેમ છો બધા? કહીને સૌને સહર્ષ આવકાર્યા અને કહ્યું હતું કે 'મુસ્કુરાઈયે, ક્યોંકિ અબ આપ સબ ભારત કે નાગરિક હૈ, તમે સૌ આજથી ભારતના નાગરિક બની ગયા છો. નવા ભારતનના સ્વપ્નને સાકાર કરવા માટે સાથે મળીને આપણે કામ કરવાનું છે. દેશની વિકાસયાત્રામાં સહભાગી બનવા માટે આપસૌ પણ સંકલ્પબદ્ધ બનશો એવી અપેક્ષા છે. આજે અમદાવાદ ખાતે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર મેળવનારા 18 પરિવારનાં ઘરોમાં દિવાળી જેવો માહોલ છે, કેમ કે આજે તેઓ ભારતના નાગરિક બન્યા છે.

### PMના પ્રયાસોથી નિર્વાસિતોને નાગરિકતા મળી

ભારત સરકાર અને ગુજરાત સરકાર ભારતીય નાગરિકતા મેળવેલા નાગરિકોને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા માટે હરહંમેશ પ્રતિબદ્ધ છે તેમજ લોકોના રોજિંદા જીવનમાં આવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે સરકાર નક્કર પ્રયાસો કરે જ છે, જેના ભાગરૂપે આજે 18 નાગરિકને નાગરિકતાપત્ર અપાયાં હતાં. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશના અનેક પીડાઓ વેઠતા લઘુમતીઓને, હિંદુ નિર્વાસિતોને ભારતની નાગરિકતા આસાનીથી અને ઝડપથી મળે એ માટે ખાસ પ્રયાસો કર્યા છે. એને પરિણામે જ આજે તમે ભારતની નાગરિકતા પ્રાપ્ત કરી શક્યા છો. આ સાથે વડાપ્રધાનના પ્રયાસોથી નિર્વાસિતોને ઝડપથી નાગરિકતા મળે એ શક્ય બન્યું છે.

### અહીં મહિલાઓનું ભવિષ્ય ઊજળું છે: વિશાખા મહેશ્વરી

પાકિસ્તાનથી ભારતમાં રહેવા આવેલી વિશાખા મહેશ્વરી નામની યુવતીએ જણાવ્યું હતું કે મને આજે નાગરિકતા મળી એની ખુશી છે. આટલાં વર્ષો બાદ નાગરિકતા મળી છે. પાકિસ્તાન હું વધારે સમય રહી નથી, પરંતુ ત્યાં સ્થિતિ ખરાબ છે. અત્યારે પણ ત્યાં મહિલાઓને બહાર નથી નીકળવા દેતા. અહીં મહિલાઓનું ભવિષ્ય ઊજળું છે. હું અહીં મારા ભવિષ્યમાં કંઈક કરીને બતાવીશ.

### બાપુનગરમાં અદાવતમાં પિતા-પુત્ર સહિત ત્રણનો યુવક પર પાઇપથી હુમલો

અમદાવાદ | બાપુનગરમા પિતા અને બે પુત્રોએ ભેગા મળીને યુવકને લોખંડની પાઈપ ફટકાર્યો હતો. જેમાં અગાઉના ઝઘડાની અદાવત રાખીને યુવક ઘર પાસે બેઠો હતો ત્યારે ત્રણેયે આવીને ઝઘડો કર્યો હતો. આ અંગે યુવકે પિતા, પુત્ર સહિત ત્રણ સામે બાપુનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે. બાપુનગરમાં રહેતો ૨૫ વર્ષીય વિજય રાજપૂત છૂટક મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. જેમાં ગત ગુરુવારે રાત્રે કામ પરથી આવી તેના ઘરની સામેના રોડ પર ઉભો હતો ત્યારે રામકિશોર તથા તેમનો દીકરો મોન્ટુ સીકરવાર અને લવ સીકરવાર આવ્યા હતા.

લોકસભા ચૂંટણીમાં પહેલો કિસ્સો

# ટિકિટ મળ્યા બાદ દાદરાનગર હવેલીના ઉમેદવાર કલાબેન ડેલકર ભાજપમાં જોડાયા

અમદાવાદ | તા.16

દાદરા નગર હવેલીમાં મોટી ઘટના જોવા મળી છે. એક તરફ હાલમાં સંઘપ્રદેશ દાદરા અને નગર-હવેલી બેઠક પર શિવસેનાના સિટિંગ સાંસદ કલાબેન ડેલકરની ભાજપમાંથી ટિકિટ મળ્યા બાદ પક્ષમાં પ્રવેશ મેળવ્યો છે. આજે મોહન ડેલકેરના પત્ની કલાબેન ડેલકરે પોતાના સમર્થકો સાથે ભાજપમાં જોડાયા હતા. અગાઉ પતિ મોહન ડેલકરના અવસાન બાદ દાદરા અને નગર હવેલી લોકસભા બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં કલાબેન ડેલકર શિવસેના તરફથી ચૂંટણી લડ્યા હતા અને જીત્યા હતા. જો કે, હવે આ બેઠક પર ભાજપે કલાબેને ડેલકરને ઉમેદવાર બનાવતા આજે કલાબેન તેમના પુત્ર અને સમર્થકો સાથે ભાજપમાં જોડાયા હતા. દાદરા નગર હવેલી પ્રભારી પુણેશ મોદીના હસ્તે કલાબેન દેલકર એ વિધિવત રીતે કેસરિયો ધારણ કરી ભાજપ માં પ્રવેશ કર્યો છે. આ દરમિયાન એક હજાર થી વધુ કાર્યકર્તા ઓ સાથે કલાબેન દેલકરે ભાજપમાં પ્રવેશ કર્યો હતો.

**પુત્ર અભિનવ ડેલકર સાથે કલાબેનને કેસરિયો ધારણ કર્યો**



### ગોવા, નાંદેડ માટે 31 માર્ચથી બે નવી ડાયરેક્ટ ફ્લાઇટ શરૂ થશે

અમદાવાદ | 31 માર્ચથી અમદાવાદથી વિસ્તારાની ગોવા માટેની અને સ્ટાર એરની નાંદેડની ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ થશે. વેકેશનમાં ગોવા ફરવા જતા ટૂરિસ્ટની સંખ્યા વધુ હોવાથી વિસ્તારાએ ગોવાની ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદથી હવે ગોવા જવા 6 ફ્લાઈટ મળશે. ઉપરોક્ત બંને રૂટ પરની ફ્લાઈટ 26 ઓક્ટોબર સુધી ચાલુ રહેશે. ઉનાળું સમયપત્રકમાં અમદાવાદથી ડોમેસ્ટિક સેક્ટરની 10 નવી ફ્લાઈટ શરૂ થવાની છે. અમદાવાદથી નાંદેડ રૂટ પર પ્રથમ વખત ફ્લાઈટ ઓપરેટ થશે. આ રૂટ પર એરલાઈન 76 સીટરનું જેટ એરક્રાફ્ટ ઓપરેટ કરશે.

### મેઘાણીનગરમાં પ્રેમિકાના માનસિક ત્રાસથી વકીલે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી

અમદાવાદ | તા.16

મેઘાણીનગરમાં રહેતા એક વકીલે તેની પ્રેમિકાના માનસિક ત્રાસથી કંટાળીને ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે મૃતકની પત્નીએ મેઘાણીનગર પોલીસમાં પતિની પ્રેમિકા વિરુદ્ધ દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે. મુળ રાજસ્થાનના અને મેઘાણીનગરમાં રવિ રો હાઉસમાં રહેતા મનોરમાબેન અમિતસિંહ પરમારએ નોંધાવેલી ફરિયાદ અનુસાર તેમના પતિ અમિતસિંહ (ઉ.42) છેલ્લા 15 વર્ષથી ઘીકાંટા કોર્ટમાં એડવોકેટ તરીકે પ્રેક્ટીસ કરતા હતા. પરિવારમાં તેમને એક દિકરો છે. પાંચ વર્ષ પહેલા તેમને તેમના સમાજના લોકો દ્વારા જાણવા મળ્યુ હતુ કે તેમના પતિને સાત વર્ષ અગાઉ તેમના મકાનના નીચેના માળે રહેતા મીનુકુમારી મરાઠી ( હાલ રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ, રામેશ્વર ચોકી પાછળ મેઘાણીનગર) ની સાથે પ્રેમસબંધ હતો, અને તેઓ અવારનવાર એકબીજા સાથે વાતચીત કરતા હતા. આ બાબતે મનોરબાબેને મીનુકુમારી સાથે વાત કરતા તેણે કહ્યુ હતુ કે, અમિતસિંહ મારો છે અને હું તેને છોડીશ નહીં. વધુમાં મીનુકુમારીએ ધમકી આપી હતી કે જો અમિતસિંહ મને છોડશે તો હું તેને તથા તારા પરિવારના સભ્યોને ખોટા કેસમાં ફસાવી દઈશ. દરમિયાન ગુરવારે રાતના નવ વાગે અમિતસિંહ તેમના રૂમમાં જતા રહ્યા હતા, જેથી તેમની પત્નીને ચિંતા થતા દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો.

# પેટ્રોલ-ડીઝલની ચોરી જૂની થઈ..... ભેજાબાજોએ પાઈપલાઈનમાં કાણું પાડીને ક્રુડ ઓઈલની કરી ચોરી

સુરત | તા.16

ટેન્કરમાંથી પેટ્રોલ, ડીઝલ અને ઓઈલની ચોરીના કિસ્સા તો સાંભળ્યા હતા પરંતુ સુરત પોલીસે એક એવા કૌભાંડના પર્દાફાશ કર્યો છે, જે સાંભળી તમે ચોંકી જશો. ભેજાબાજ ચોર ઈસમોએ સીધે સીધી ઈન્ડિયન ઓઈલ કંપનીની(IOC) પાઈપ લાઈનમાં જ પંચર પાડી ક્રુડ ઓઈલ ચોરી લીધું હતું. IOCની ક્રુડઓઈલની પાઇપલાઇનમા પંચર કરી કરોડોની કીમતના ક્રુડ ઓઇલની ચોરી કરતી આંતરાજ્ય ગેંગના બે કુખ્યાત આરોપીઓને સુરત ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડયા છે. ગુજરાત રાજ્યના અલગ-અલગ 15 થી વધુ જગ્યાઓએ. IOCની ઓઈલની લાઈનમાં પંચર કરી કરોડોની ઓઈલ ચોરીના ગુનાઓમા પકડાયેલ પ્રશાંત ઉર્ફ પંકજ અમૃતભાઇ વાઘેલાની બાતમી આધારે સુરત ક્રાઈમ બ્રાંચ દ્વારા ધરપકડ કરી છે. આરોપી અગાઉ ગુજરાત રાજસ્થાનમા સુરેન્દ્રનગર- લખતર, પાટણ-સિધપુર-બાલીસણા, મહેસાણા-કડી. અમદાવાદ, દાહોદ બ્યાવર વિગેરે જગ્યાએ અંદાજીત 20 કરોડનું ઓઈલ ચોરી કર્યું છે.

### ગુજરાત, રાજસ્થાનમાં ક્રુડ ઓઈલ ચોરીનું નેટવર્ક ફેલાવ્યું હતું



આરોપી પ્રશાંત ઉર્ફ પંકજ અમૃતભાઇ વાઘેલા પોતાના સાગરીતો સમીરખાન અલાદખાન ખોખર તથા અન્ય ઈસમો સાથે IOC ની ક્રુડ ઓઈલની ચાલુ પાઈપ લાઈનમાં પંચર કરી ઓઈલ ચોરી કરવાના ગુનાઓમાં માહેર છે. પુછપરછમા આરોપીએ કહ્યું કે, તે મહેસાણા જિલ્લાના રાંતેજ ગામના રોડના કીનારે આવેલ ખેતરમાંથી પસાર થતી IOC ની ક્રુડ ઓઇલના ચાલુ પાઈપ લાઈનમાં ભંગાણ પાડતો હતો. ત્યાર બાદ પોતાના સાગરીતો સાથે ઓઈલ ચોરતો હતો.તે રાત્રીના સમયે ક્રુડ ઓઇલ ચોરી કરી ટેન્કરોમાં ભરી પોતાના સાગરીતો સાથે સગેવગે કરતો હતો.આગાઉ પણ પોતાની ગેંગના સાગરીતો સાથે રાજસ્થાનના બ્યાવર જીલ્લામા સામા સેંદડા પાસે રામગઢ સેદાટન ખાતે પણ આજ રીતે ખેતરમાંથી પસાર થતી IOC ની ક્રુડઓઈલના ચાલુ પાઈપ લાઈનમાં ભંગાન પાડી ક્રુડ ઓઈલ ચોરી કર્યાની કબૂલાત આરોપીઓએ કરી છે.

# ગુજરાતમાં ચૂંટણી તંત્ર સંપૂર્ણ સુસજ્જ: મુખ્ય નિર્વાચન અધિકારી પી.ભારતી

ગાંધીનગર સંવાદદાત | વિજયવીર યાદવ

ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ આજે ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આદર્શ આચારસંહિતાના ચુસ્ત પાલન માટે સમગ્ર રાજ્યમાં ચૂંટણી તંત્ર સજાગ છે. રાજ્યનો કોઈપણ નાગરીક કોઈપણ સ્થળેથી આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ઓનલાઈન ફરીયાદ કરી શકે તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા સી-વીજીલ(c-VIGIL) મોબાઈલ એપ તૈયાર કરવામાં આવી છે. આ પત્રકાર પરિષદમાં અધિક મુખ્ય નિર્વાચન અધિકારી કુલદીપ આર્ય, અધિક સચિવ પ્રકાશ પટણી, સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી એ.બી. પટેલ અને સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી પી.ડી. પલસાણા ઉપસ્થિત રહ્યાં હતાં. મતદાર યાદીઃ મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે, તા. 05/01/2024



ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી આખરી મતદાર યાદી મુજબ રાજ્યમાં કુલ 4,94,49,469 મતદારો નોંધાયા છે. જે પૈકી 2,39,78,243 મહિલા મતદારો અને, 2,54,69,723 પુરૂષ મતદારો છે. ગુજરાતમાં 1,503 જેટલા થર્ડ જેન્ડર મતદારો નોંધાયા છે. 85 વર્ષથી વધુ વયના 4,24,162 મતદારો ગુજરાતની મતદાર યાદીમાં નોંધાયા છે. ગુજરાતમાં 10,322 મતદારો શતાયુ એટલે કે 100 વર્ષ કે તેથી વધુ વયના છે. કુલ મતદારો પૈકી 18થી 19 વર્ષની વય ધરાવતા 11,32,880 યુવા મતદારો આ લોકસભા ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરી શકશે. આજના દિવસ બાદ નામ કમી/સુધારાની જે અરજીઓ મળશે તેનો નિર્ણય લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ પૂર્ણ થયા બાદ કરવામાં આવશે. મતદાર ફોટો ઓળખકાર્ડ: સપ્ટેમ્બર-2023 ના ત્રીજા અઠવાડિયાથી ડિસેમ્બર-2023ના બીજા અઠવાડિયા સુધીમાં જે મતદારોએ મતદારયાદી સંબંધે અરજી કરેલ તેવા 13 લાખથી વધુ મતદારો માટે EPIC વિતરણની કામગીરી ડિપાર્ટમેન્ટ ઑફ દ્વારા હાલ ચાલુ છે, જે માર્ચ-2024ના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે. ડિસેમ્બર-2023ના ત્રીજા અઠવાડિયાથી ફેબ્રુઆરી-2024ના પહેલા અઠવાડિયા સુધીમાં જે મતદારોએ મતદારયાદી સંદર્ભે અરજી કરેલ તેવા 3.5 લાખથી વધુ મતદારો માટે EPIC કાર્ડ મતદાનના દિવસ પૂર્વે તમામને મળી જાય તે સુનિશ્ચિત કરવામાં આવશે.

**50,677**
**મતદાન મથકો**

**મતદાન મથકો અને વિશિષ્ટ મતદાન મથકો**

પી.ભારતીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કુલ 50,677 મતદાન મથકો પૈકી ગ્રામ્ય વિસ્તારમાં 33,475 મતદાન મથકો છે. જ્યારે શહેરી વિસ્તારોમાં 17,202 મતદાર મથકો આવેલા છે. રાજ્યના કુલ 29,568 મતદાન મથક સ્થળો પૈકી 23,252 મતદાન મથક સ્થળો ગ્રામ્ય વિસ્તારોમાં તથા 6,316 મતદાર મથક સ્થળો શહેરી વિસ્તારોમાં છે.

**4,94,49,469**
**કુલ મતદારો**

**રાજ્યની આખરી મતદાન યાદી મુજબ....**

રાજ્યમાં કુલ 4,94,49,469 મતદારો નોંધાયા છે. જે પૈકી 2,39,78,243 મહિલા મતદારો અને, 2,54,69,723 પુરૂષ મતદારો છે. ગુજરાતમાં 1,503 જેટલા થર્ડ જેન્ડર મતદારો નોંધાયા છે. 85 વર્ષથી વધુ વયના 4,24,162 મતદારો ગુજરાતની મતદાર યાદીમાં નોંધાયા છે. ગુજરાતમાં 10,322 મતદારો શતાયુ એટલે કે 100 વર્ષ કે તેથી વધુ વયના છે.

**11,32,880**
**18-19 વર્ષના મતદારો**

**વરિષ્ઠ મતદારો માટે હોમ વોટીંગ....**

80 વર્ષથી વધુ વય ધરાવતા વરિષ્ઠ મતદારો તેમના નિવાસસ્થાને મતદાન કરી શકે તેવી જોગવાઈ હતી. ચૂંટણી પંચે આ જોગવાઈમાં સુધારો કરી 80+ વર્ષની ઉંમરને બદલે 85+ વર્ષ કરેલ છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા 85 વર્ષથી વધુ વય ધરાવતાં વરિષ્ઠ નાગરિકો તથા 40 ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને પોસ્ટલ બેલેટ દ્વારા ઘરેથી મતદાનની સુવિધા આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

**10,322**
**શતાયુ મતદારો**

**ચૂંટણીલક્ષી કામગીરી માટે સ્ટાફ....**

રાજ્ય અને કેન્દ્ર સરકારના અધિકારીઓ-કર્મચારીઓ આવરી લઈ અંદાજે 4,50,000 નો સ્ટાફ ફરજ બજાવશે. જેમાં 55,800 થી વધુ પ્રિસાઈડિંગ ઑફિસર્સ, 1.67 લાખથી વધુ પોલીંગ ઑફિસર્સ, 6,300 થી વધુ સેક્ટર ઑફિસર અને 5,200 થી વધુ માઈક્રો ઑબ્ઝર્વર્સ સહિતના અધિકારીઓ-કર્મચારીઓનો સમાવેશ થાય છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...